દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 176 ■ વિક્રમ સંવત ૨૦૮૨

આષાઢ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 July 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20

સોમવાર, ૨૭ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પરીક્ષા લીક-પ્રૂફ બનશે: મોદી



## નંદન નીલેકણીના નેતૃત્વ હેઠળ સમિતિ રચી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પેપર ફૂટી જતા રોકવાના સૂચનો અને પગલાં સૂચવવા નંદન નીલેકણીની આગેવાની હેઠળ એક ઉચ્ચ સત્તાધારી સમિતિની રચના કરવાની રવિવારે જાહેરાત કરી હતી. સમિતિને તંત્રજ્ઞાનના ઉપયોગથી પરીક્ષાના પેપર ફૂટતા અટકાવાની ભલામણો કરવાનું પણ કહેવામાં આવ્યું છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે નીલેકણી સમિતિ પરીક્ષા લેવામાં સુધારા સૂચવશે. આ સમિતિ પરીક્ષા સ્વચ્છ અને પારદર્શી બનાવવા તંત્રજ્ઞાનનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરવો એના સૂચનો આપશે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે સરકાર નીલેકણી સમિતિના સૂચનો પર કામ કરીને પરીક્ષાની સિસ્ટમ લીક-પ્રૂફ બનાવશે.

આ સમિતિના બીજા સભ્યો ઈસરોના ભૂતપૂર્વ ડિરેક્ટર એસ. સોમનાથ, આઈબીના ભૂતપૂર્વ ડિરેક્ટર તપન દેકા અને આઈઆઈટી ચેન્નઈના ડિરેક્ટર વી. કામાકોટી હશે.

મોદીએ જણાવ્યું હતું કે પેપર-લીક રોકવા સરકાર સોમવારે સંસદમાં ખરડો રજૂ કરવાની છે. આ ખરડામાં પેપર ફૂટવાની ઘટનાના ગુનેગારોને કડક સજા અને દંડ કરવાની જોગવાઈ છે.

દેશની મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા 'નીટ-યુજી'માંની ગેરરીતિ સામે આંદોલન થતાં શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવાની ફરજ પડી હતી.

સરકારે નીટના પેપર ફૂટવાની ઘટનાને લીધે આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારને વળતર આપવા તૈયાર થઈ ગઈ છે. ■

# અમરનાથ યાત્રાએ નવો રેકોર્ડ બનાવ્યો

શ્રીનગર: આ વર્ષે અમરનાથ યાત્રાએ રવિવારે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું કારણ કે દક્ષિણ કાશ્મીર સ્થિત ગુફા મંદિરમાં દર્શન કરનારા શ્રદ્ધાળુઓની કુલ સંખ્યા ચાર લાખના આંકડાને પાર કરી ગઈ હતી.

જમ્મુ કાશ્મીરના એલજી મનોજ સિન્હાએ તેમના સત્તાવાર 'એક્સ' હેન્ડલ પર પોસ્ટમાં જણાવ્યું હતું કે ''ભગવાન શિવની કૃપાથી, પવિત્ર શ્રી અમરનાથજી યાત્રાએ એક નોંધપાત્ર સીમાચિહ્ન પાર કર્યું છે અને ચાર લાખથી વધુ યાત્રાળુઓ પવિત્ર યાત્રા પૂર્ણ કરી ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૪.૧૪ લાખ ભક્તોએ દર્શન કર્યા છે. હું આ આશીર્વાદ માટે બાબા અમરનાથને શ્રદ્ધાથી નમન કરું છું અને એ તમામનો દિલથી આભાર માનું છું જેમણે આ યાત્રાને બધા માટે ખરેખર એક દિવ્ય અનુભવ બનાવવામાં મદદ કરી હતી.

માત્ર ૧૮ દિવસમાં પ્રાપ્ત થયેલા ચાર લાખના આંકડા સાથે વાર્ષિક તીર્થયાત્રા ભક્તોની સંખ્યાના સંદર્ભમાં અગાઉના તમામ રેકોર્ડ તોડવા માટે તૈયાર છે કારણ કે યાત્રા ૨૮ ઓગસ્ટના રોજ પૂર્ણ થશે. જ્યારે ૨૦૨૫માં કુલ ૪.૧૪ લાખ યાત્રાળુઓએ યાત્રા કરી હતી, ત્યારે ૨૦૨૪માં આ સંખ્યા ૫.૧૨ લાખ હતી. ૨૦૧૧માં યાત્રાળુઓની સંખ્યા સૌથી વધુ નોંધાઈ હતી. તે વર્ષે ૬.૩૦ લાખ યાત્રાળુઓએ યાત્રા કરી હતી.

# ગેરકાયદે આશ્રયગૃહ ચલાવવાના કેસમાં કેરળની સંસ્થાના સંચાલકને કોર્ટનો ઝટકો: અરજી ફગાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ૧૮ વર્ષથી ઓછી વયના બાળકોને ગેરકાયદે રીતે પોતાની સંસ્થામાં આશ્રય આપી કાયદાનો ભંગ કરવાના ગંભીર કેસમાં કેરળની એનજીઓના ૭૫ વર્ષીય પ્રમુખને નીચલી અદાલત બાદ હવે નામદાર સેશન્સ કોર્ટમાંથી પણ ઝટકો સાંપડ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કેરળની 'મિશન ઈન્ડિયા કારુણ્યા બાલ નિકેતન' નામની બિનસરકારી સંસ્થાએ ભુજના મિરજાપર ગામની સીમમાં આશ્રયગૃહ શરૂ કર્યું હતું. અહીં કાળજી અને રક્ષણની જરૂરિયાત ધરાવતા સિંગલ પેરેન્ટ (એકલી માતા કે પિતા ધરાવતા) બાળકોને કાયદાકીય મંજૂરી વિના રાખવામાં આવતા હતા. વર્ષ ૨૦૧૮માં આ સંસ્થામાં આશ્રય મેળવી અભ્યાસ કરતા ત્રણ બાળક સાથે સંસ્થાના જ અન્ય ત્રણ કિશોરે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરતા સમગ્ર મામલો વિવાદસ્પદ બન્યો હતો, જેના પગલે ભુજ 'એ' ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો હતો.

આ ઘટના બાદ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા હાથ ધરાયેલી તપાસમાં બહાર આવ્યું હતું કે, જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન) ઍક્ટ હેઠળ સરકારી વિભાગમાં ફરજિયાત નોંધણી કરાવ્યા વિના જ આ સંસ્થા ગેરકાયદે રીતે ચલાવવામાં આવી રહી હતી. આથી, બાળ સુરક્ષા અધિકારીએ ૧૯ ઑક્ટોબર ૨૦૧૮ના રોજ સંસ્થાના સ્થાપક પ્રમુખ જ્યોર્જ ચેરિયન કરીપેલ્લી સામે 'જેજે ઍક્ટ ૨૦૧૫'ની કલમ ૪૧(૧) અને ૪૨ હેઠળ ભુજ 'એ' ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે આરોપીની ધરપકડ કરાયા બાદ તે જામીન પર મુક્ત થયો હતો. અદાલતમાં કેસની ટ્રાયલ પેન્ડિંગ હોઈ, આરોપી જ્યોર્જે ભુજની નીચલી કોર્ટમાં પોતાને કેસમાંથી બિનતહોમત છોડી મૂકવા અરજી કરી હતી, જે નીચલી કોર્ટે ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ ફગાવી દીધી હતી. નીચલી અદાલતના આ ચુકાદા સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં રિવિઝન પિટિશન દાખલ કરી હતી.

જોકે, સેશન્સ જજ જે. એ. ઠક્કરે આ ગુનો 'સમન્સ ટ્રાયેબલ' હોવાનું સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, પ્રસ્થાપિત કાયદાકીય જોગવાઈઓ મુજબ આવા કેસોમાં ડિસ્ચાર્જ થવાની કોઈ જોગવાઈ નથી. આથી કોર્ટે અરજીને બિન-નિભાવપાત્ર ગણાવીને ફગાવી દીધી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## કૉમનવેલ્થ ગેમ્સ

# મીરાંબાઈએ ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો




ગ્લાસગો: ભારતની સ્ટાર વેઇટલિફ્ટર સૈખોમ મીરાંબાઈ ચાનુએ કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતનું ગોલ્ડ મેડલનું ખાતું ખોલાવ્યું છે. તે આ વખતની કૉમનવેલ્થમાં સુવર્ણચંદ્રક જીતનારી પ્રથમ ભારતીય ઍથ્લીટ બની છે.

મીરાંબાઈએ ગઈ કાલે ૪૮ કિલો વર્ગમાં આ રમતોત્સવના વિક્રમો સાથે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

૩૧ વર્ષની મીરાંબાઈએ સ્નૅચમાં ૮૫ કિલો વજન ઊંચકીને કૉમનવેલ્થનો નવો વિક્રમ રચ્યો હતો. ક્લીન ઍન્ડ જર્કમાં તેણે ૧૦૫ કિલો વજન ઊંચકીને પણ રેકૉર્ડ બનાવ્યો હતો અને તેણે કુલ ૧૯૦ કિલો વજન ઊંચક્યું હતું.

સતત કૉમનવેલ્થ ગેમ્સમાં મીરાંબાઈ ગોલ્ડ મેડલ જીતી છે. આ પહેલાં તે ૨૦૧૮માં અને ૨૦૨૨માં સુવર્ણચંદ્રક જીતી હતી. ટોક્યો ઑલિમ્પિક્સની સિલ્વર મેડલિસ્ટ મીરાંબાઈ ૨૦૧૪માં અહીં જ આયોજિત આ રમતોત્સવમાં સિલ્વર જીતી હતી. ■

# પાકિસ્તાન સાથે હવે માત્ર પીઓકે પર વાતચીત થશે: રાજનાથ સિંહ

દ્રાસ: સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતા કહ્યું કે પાડોશી દેશે આતંકવાદને તેની સરકારી નીતિનો ભાગ બનાવ્યો છે. કારગિલ વિજય દિવસ નિમિત્તે રાજનાથ સિંહે સ્પષ્ટપણે કહ્યું કે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) સિવાય અન્ય કોઈ મુદ્દા પર પાકિસ્તાન સાથે કોઈ વાતચીત થશે નહીં. તેમણે કહ્યું કે પીઓકે ભારતનો અભિન્ન ભાગ છે, જેના પર પાકિસ્તાને ગેરકાયદે રીતે કબજો જમાવ્યો છે. દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક ખાતે પોતાના સંબોધનમાં રાજનાથ સિંહે કહ્યું કે 'ઓપરેશન સિંદૂર'એ એ બતાવ્યું કે આતંકવાદ મારફતે ભારતને ધમકાવાનો પ્રયાસ કરનારાઓના હાલ શું થાય છે.

રાજનાથ સિંહે કહ્યું હતું કે ભારત

(જુઓ પાનું ૨) ▶▶

# અમેરિકાએ ઈરાન પરના હુમલા બંધ કર્યા

વૉશિંગ્ટન: અમેરિકાના લશ્કરે બે અઠવાડિયાં ઇરાન પર ભયંકર બૉમ્બમારો કર્યા બાદ હવે હવાઈહુમલા અટકાવી દીધા છે. ઇરાન અને અમેરિકા વચ્ચે સંપૂર્ણ યુદ્ધને ટાળવા રાજદ્વારી પ્રયાસો ચાલુ છે. એ જોવાનું રહે છે કે અમેરિકા અને ઇરાન વચ્ચેની લડાઈ પરિવર્તન બિંદુ પર આવી છે કે નહીં. આ લડાઈને હવે પાંચ મહિના પૂરા થવાના છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વધુ હવાઈ હુમલાની અને વાતચીત બન્નેની વાત કરી હતી. ટ્રમ્પે વધતા ગૅસ અને ફૂડના ઊંચા ભાવને લીધે વચગાળાની ચૂંટણીમાં રિપબ્લિકન

(જુઓ પાનું ૨) ▶▶

# તેજપ્રતાપ યાદવની ધરપકડ, ૧૪ દિવસની જેલ

પટના: પટનામાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને સમર્થન આપ્યા બાદ જનશક્તિ જનતા દળ(જેજેડી)ના રાષ્ટ્રીય પ્રમુખ તેજપ્રતાપ યાદવની પોલીસે અટકાયત કરી હતી. તેજપ્રતાપને મોડી રાત્રે પટનાના સીજેએમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાંથી તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં બેઉર જેલ મોકલી દેવામાં આવ્યા હતા.

તેજપ્રતાપે જણાવ્યું કે બાળકોની માગણીઓ વ્યાજબી છે. સરકારે તેમની માગણીઓ પૂર્ણ કરવી જોઇએ અને અમે તેમની સાથે મજબૂતાઇથી ઊભા છીએ. હું વિદ્યાર્થીઓ અને યુવાનો માટે મારો જીવ આપવા પણ તૈયાર છું. તેજ પ્રતાપ યાદવની પાર્ટી જનશક્તિ જનતા દળ(જેજેડી)ના નેતા વીણા માનવીયે કહ્યું કે હવે સરકાર વિરુદ્ધ બોલવું અને પ્રદર્શન કરવું ગુનો બની ગયો છે. વીણા માનવી તેજપ્રતાપના જન શક્તિ જનતા દળના બાંકીપુર પેટાચૂંટણીમાં ઉમેદવાર હતા, પરંતુ તેમનું નામાંકન રદ કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર તેજ પ્રતાપ યાદવને પટનાના સિટી સેન્ટર મોલ નજીકથી પોલીસે ઝડપી લીધા હતા. શરૂઆતમાં તેમને દાનાપુર પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યા હતા. બાદમાં પત્રકારો અને સમર્થકોના આગમનની જાણ થતાં તેમને રાજધાનીના બીજા પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યા હતા. રાત્રે ૧૨ વાગ્યે તેજપ્રતાપને જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાંથી તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યવાહી શનિવારે બિહારમાં અનેક વિપક્ષી દળો અને સામાજિક સંગઠનો દ્વારા નીટ પેપર લીક વિવાદ અને વિદ્યાર્થી આંદોલનકારીઓ વિરુદ્ધ તાજેતરમાં પોલીસ કાર્યવાહીને પગલે બોલાવવામાં આવેલા રાજ્યવ્યાપી બંધ દરમિયાન પટનામાં સુરક્ષાકર્મીઓ અને આંદોલનકારીઓ વચ્ચે ફાટી નીકળેલી હિંસા બાદ કરવામાં આવી હતી.

પટનામાં આંદોલનકારીઓએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરતાં વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસના વાહનોમાં તોડફોડ કરી હતી.

ત્યારબાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં પોલીસ દળો તહેનાત કરવામાં આવ્યા હતા. નીટ પેપર લીકને લઇને વિદ્યાર્થીઓના આંદોલન બાદ ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું છે.

# યુક્રેનમાં જહાજ પર હુમલો: બે ભારતીય ખલાસીનાં મોત

લંડન: યુક્રેનના ઓડેસા બંદરમાં એક મર્ચન્ટ જહાજ પર હુમલો થયો હતો. આ જહાજમાં ચાર ભારતીય હતા અને આમાંથી બે ખલાસીનાં મોત થયાં હોવાનું જાણવા મળ્યું છે. ભારતના કિવ ખાતેના મિશને કહ્યું હતું કે બે ભારતીય સલામત છે એવી માહિતી અમારી પાસે છે.

શનિવારે આ બનાવ બન્યો હતો. ઓડેશા બંદરમાં જહાજ એમવી એજીએન રાગનર પર હુમલો થયો હતો. ૨૦૨૨થી ચાલતા યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને લીધે આ બંદર પર વારંવાર હુમલા થાય છે.

ભારતના મિશને એક નિવેદનમાં કહ્યું હતું કે અમે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ.

આ હુમલો કેવી રીતે થયો અને જહાજ પર કેટલા કર્મચારી હતા એની તત્કાળ માહિતી મળી નથી.

ભારતના મિશને નિવેદનમાં કહ્યું હતું કે યુક્રેનની એલચી કચેરી પરિસ્થિતિનો તાગ લઈ રહી છે. ૨૫ જુલાઈએ જહાજ પર હુમલો થયો હતો. આ જહાજ પર ચાર ભારતીયો હતા. છેલ્લામાં છેલ્લે મળેલી માહિતી પ્રમાણે બે ખલાસી સલામત છે અને બીજા બેનાં મોત થયાં છે જહાજ પર રહેલા ચાર ભારતીય ખલાસીની ઓળખ તત્કાળ મળી નથી. શોધ અને બચાવ કામગીરી ચાલુ છે. (એજન્સી) ■

# ચંપત રાયે અયોધ્યામાં ચાર મહિનાની 'ચાતુર્માસ સાધના' શરૂ કરી

અયોધ્યા: શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાયે શનિવારે દેવપોઢી એકાદશીથી અયોધ્યા સ્થિત તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ ભવનમાં ચાર માસની 'ચાતુર્માસ સાધના'ની શરૂઆત કરી છે. દાન ચોરી કેસમાં રાજીનામા બાદ સીટ અને પોલીસ તપાસ વચ્ચે તેમણે આધ્યાત્મિક શિસ્તના ભાગરૂપે ૨૧ નવેમ્બર સુધી અયોધ્યામાં રહીને રામ મંત્ર જાપ અને રામચરિતમાનસનો પાઠ કરવાનો નિર્ણય લીધો છે. તેઓ દરરોજ છ કલાક મૌન રહીને સાધના કરી રહ્યા છે.

ચંપત રાય ૨૧ નવેમ્બર એટલે કે દેવઊઠી એકાદશી સુધી અયોધ્યાની બહાર જશે નહીં. તેઓ સાત્વિક જીવનશૈલી, તપ અને જપનું નિષ્ઠાપૂર્વક પાલન કરશે. તેઓ ૭ જૂનથી રામકોટ સ્થિત તીર્થ ક્ષેત્ર ભવનમાં એકાંતવાસમાં છે. આ દરમિયાન તેમનો સમય નિયમિત પાઠ, ધ્યાન અને મર્યાદિત લોકો સાથે મુલાકાતમાં વીતી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હિન્દુ પરંપરામાં ચાતુર્માસને આત્મશુદ્ધિ, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે પવિત્ર સમય માનવામાં આવે છે. જો કે દાન ચોરી વિવાદ અને સીટ તપાસ વચ્ચે ચંપત રાયના આ નિર્ણયે અયોધ્યાના ધાર્મિક અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. લોકો તેમના આધ્યાત્મિક અનુષ્ઠાનને વિવિધ દ્રષ્ટિકોણથી જોઇ રહ્યા છે.

# નેપાળે ભારતીય કરન્સી પર લગાવેલો પ્રતિબંધ હટાવ્યો

કાઠમંડૂ: નેપાળે ભારતીય ચલણને લઈને જવા અને આવવા પરના પ્રતિબંધો હળવા કર્યા છે. હવે ભારતીય અને નેપાળી નાગરિકો ૯ નવેમ્બર, ૨૦૧૬ પછી જાહેર કરાયેલી ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની ભારતીય ચલણી નોટો પોતાની સાથે લઈ જઈ શકે છે. નેપાળ રાષ્ટ્ર બેન્ક (એનઆરબી) અનુસાર, આ નોટો પ્રતિ વ્યક્તિ ૨૫,૦૦૦ રૂપિયાની મર્યાદા સુધી નેપાળમાં લાવી અથવા બહાર લઈ જઈ શકાય છે. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, નવા નિયમો હેઠળ બંને દેશોના નાગરિકો હાલના નિયમોનું પાલન કરીને માન્ય ચલણી નોટો નેપાળમાં લાવી શકે છે. પોતાના નવા નોટિફિકેશનમાં

(જુઓ પાનું ૨) ▶▶

# આંધ્રમાં કોરોનાના દસ નવા કેસ, ચારનાં મોત

નવી દિલ્હી: ભારતમાં ફરી એકવાર કોવિડ-૧૯નો ખતરો વધી રહ્યો છે. આંધ્ર પ્રદેશના અમરાવતીમાં કોરોનાના દસ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે રાજ્યમાં સક્રિય અને નોંધાયેલા કેસોની કુલ સંખ્યા ૪૯ થવા પામી છે. આમાંથી ૨૪ દર્દીઓ હૉસ્પિટલોમાં સારવાર લઇ રહ્યા છે, જ્યારે ૧૬ દર્દી હોમ આઇસોલેશનમાં છે. જ્યારે ચાર લોકોના મોત નીપજ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા જાહેર શનિવારના બુલેટિન અનુસાર ગુંટૂર જિલ્લામાં સૌથી વધુ ત્રણ કેસ નોંધાયા છે. ઉપરાંત એનટીએ જિલ્લામાં બે નવા

(જુઓ પાનું ૨) ▶▶

# અમારા માટે પદથી મોટો દેશ: અમિત શાહ

નવી દિલ્હી: ભૂતપૂર્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ હવે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પ્રતિક્રિયા આપી છે. અમિત શાહે કહ્યું કે દેશ, યુવાનો અને વિદ્યાર્થીઓ ભાજપના કાર્યકરો માટે કોઈપણ પદ કરતાં ઘણો મહત્ત્વપૂર્ણ છે અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું આ સિદ્ધાંતનું ઉદાહરણ છે. અમિત શાહે સ્પષ્ટપણે કહ્યું હતું કે અમારા માટે દેશ, યુવાનો અને વિદ્યાર્થીઓ પદ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. અમિત શાહે કહ્યું હતું કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું તેને દર્શાવે છે. મોદી સરકાર દેશના યુવાનોની ભાવનાઓનું સન્માન કરે છે અને પેપર લીક સામે જરૂરી સુધારા લાગુ કરવા માટે પ્રતિબદ્ધ છે. અમિત શાહે ધર્મેન્દ્ર પ્રધાનની અનેક સિદ્ધિઓની યાદી પણ વર્ણવી

(જુઓ પાનું ૨) ▶▶

# ધ્રબ ગામે ₹ ૬૪.૬૮ લાખની સરકારી જમીન દબાણમુક્ત: તંત્રની લાલ આંખ બાદ દબાણકર્તાએ સ્વેચ્છાએ બાંધકામ હટાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાલુકાના ધ્રબ ગામે આવેલી કરોડોની સરકારી કિંમતી જમીન પર થયેલું ગેરકાયદેસર દબાણ શનિવારે તંત્રની કાર્યવાહી બાદ દૂર કરવામાં આવ્યું હતું. મામલતદાર કચેરી દ્વારા હાથ ધરાયેલી કાયદેસરની કડક કાર્યવાહીના પગલે દબાણકર્તાએ સ્વેચ્છાએ બાંધકામ હટાવી લેતાં, સરકારે જમીનનો પ્રત્યક્ષ કબજો પોતાના હસ્તક લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ધ્રબ ગામના સર્વે નંબર ૧૬૯ પૈકીની ૯૮૦ ચોરસ મીટર સરકારી જમીન પર કોઈ પણ પ્રકારની પૂર્વ પરવાનગી વિના વાણિજ્યિક હેતુ માટે લોખંડના પતરાની બાઉન્ડ્રી અને એક દુકાનનું ગેરકાયદેસર બાંધકામ ઊભું કરી દેવામાં આવ્યું હતું. આ મામલે મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ કેસ દાખલ કરી સંબંધિત પક્ષને રજૂઆત કરવાની પૂરતી તક આપવામાં આવી હતી. સુનાવણીના અંતે દબાણ સાબિત થતાં તેને દૂર કરવાનો આદેશ જારી કરાયો હતો.

કચ્છ કલેક્ટરના માર્ગદર્શન અને મુંદરા પ્રાંત અધિકારીની સીધી દેખરેખ હેઠળ મામલતદારની ટીમ શનિવારે સ્થળ પર પહોંચી હતી. તંત્રની કડક વલણ જોઈ દબાણકર્તાએ પોતે જ ગેરકાયદે બાંધકામ દૂર કરી દીધું હતું, જેથી ૯૮૦ ચોરસ મીટર જમીન સંપૂર્ણપણે દબાણમુક્ત થઈ હતી. તંત્રના જણાવ્યા અનુસાર, હાલના જંત્રી દર મુજબ દબાણમુક્ત કરાયેલી આ જમીનની અંદાજિત બજાર કિંમત રૂ. ૬૪.૬૮ લાખ થાય છે.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કોક્રોચ શરણમ્ ગચ્છામિ, જેન-ઝીએ સરકારનો ફાંકો ઉતારી દીધો

**અંતે** નરેન્દ્ર મોદી સરકારે કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) સામે ઘૂંટણ ટેકવી દીધા ને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિતની તમામ માગણીઓ સ્વીકારીને કોક્રોચ શરણમ ગચ્છામિ કરી દેવું પડ્યું. જેન-ઝીએ અહંકારમાં રાચતી ભાજપ સરકારનો બધો ફાંકો ઉતારી દીધો ને મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાતી નેશનલ એજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) પેપર લીક મુદ્દે આંદોલન કરી રહેલી કોકરોચ જનતા પાર્ટીની બધી માગણીઓ મોદી સરકારે નીચી મૂંડીએ સ્વીકારવી પડી છે.

ધર્મેન્દ્ર પ્રધાનને તો બેઆબરૂ કરીને કાઢવા જ પડ્યા પણ નીટનું પેપર ફૂટી ગયું પછી આપઘાત કરનારા ૨૧ વિદ્યાર્થીઓના પરિવારને એક-એક કરોડ રૂપિયા વળતર અને કોક્રોચ જનતા પાર્ટીના કાર્યકરો સામે કરેલા કેસો પાછા ખેંચવાની માગણીઓ પણ મોદી સરકારે સ્વીકારવી પડી છે. જેન-ઝીના યુવા આંદોલનકારીઓ સામે નજર પણ નહીં નાંખનારા મોદી સરકારના મંત્રીઓએ તેમની સાથે સંયુક્ત પત્રકાર પરિષદ કરીને સરકારે તમામ માગણીઓ સ્વીકારે છે એટલે હવે આંદોલન પાછું ખેંચી લો એવી આજીજી કરવી પડી છે.

સીજેપીના આંદોલન મુદ્દે સરકાર સીજેપીના પગોમાં આળોટી ગઈ છે એ આખી દુનિયાને દેખાઈ રહ્યું છે. ગુજરાતીમાં કહેવત છે કે, ચમત્કાર વિના નમસ્કાર નહીં ને યુવા પેઢીએ બતાવેલા ચમત્કારનું આ પરિણામ છે. બાકી મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાતી નેશનલ એજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)નું પેપર ફૂટી ગયું એ મુદ્દે છેલ્લા દોઢ મહિનાથી વિરોધ કરી રહેલી કોક્રોચ જનતા પાર્ટીને મોદી સરકાર ગણકારતી જ નહોતી. સીજેપીએ ૨૦ જૂને જંતર મંતર ખાતે આંદોલન શરૂ કર્યું ત્યારે પણ આવા તો હત્તર હાલ્યા આવે એમ માનીને ભાજપ સરકારે કશું કર્યું જ નહોતું. કોક્રોચ જનતા પાર્ટી પહેલા દિવસથી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માગતી હતી પણ ભાજપનું વલણ એવું જ હતું કે, તમારા જેવા રસ્તે હાલનારા રાજીનામું માગે એટલે કંઈ અમારો મંત્રી થોડું રાજીનામું આપી દે ? હવા આવવા દો.

ભાજપ સરકારે આ આદોલનને ખતમ કરાવવા માટે બધા જ ગંદા દાવપેચ પણ અજમાવી દીધેલા. ભાજપની ટ્રોલ આર્મીએ યુવા આંદોલનકારીઓ પર પાકિસ્તાનને ચીનના દલાલ હોવાનાં એજન્ટ ગણાવીને તેમને દેશદ્રોહી પણ જાહેર કરી દીધેલા. એ છતાં દેશભરમાંથી યુવાનો આવતા ગયા એટલે છેવટે દંડાવાળી પણ કરી પણ જેન-ઝીનું કશું તોડી ના શક્યું એટલે સરકારની ફાટી ગઈ. એક મહિના કરતાં વધારે સમય સુધી કશું નહીં કરનારી સરકાર અચાનક હરકતમાં આવી ગઈ ને આકરો કાયદો બનાવવાથી માંડીને પ્રધાનનું રાજીનામું લઈ લેવા સુધીનું બધું કરીને સાવ શિર્ષાસન કરી દીધું એ જેન-ઝીના ચમત્કારનું જ પરિણામ છે.

કોક્રોચ જનતા પાર્ટીએ પોતાની બધી માગણીઓ સ્વીકારવાની ફરજ પાડી એ તો મોટી વાત છે જ પણ સૌથી મોટી સિદ્ધિ ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું છે. ધર્મેન્દ્ર પ્રધાને નરેન્દ્ર મોદી સરકારના શિક્ષણ મંત્રીપદેથી રાજીનામું ધરી દેવું પડ્યું એ સાથે જ એક ઈતિહાસ રચાઈ ગયો છે કેમ કે મોદી સરકારના ૧૨ વર્ષના શાસનમાં પહેલી વાર એવું બન્યું કે, કોઈ પ્રધાને જનાક્રોશના કારણે રાજીનામું ધરી દેવું પડ્યું હોય. બાકી આ સરકારના મંત્રીઓ તો એવા તોરમાં જ હતા કે, અમે જનતાના બાપ છીએ, અમારે રાજીનામાં થોડાં દેવાનાં હોય ? રાજનાથસિંહે ૧૧ વર્ષ પહેલાં ૨૦૧૫માં કહેલું કે, ભૈયા ઈસ સરકાર મેં ઈસ્તીફે નહીં હોતે, યે એનડીએ હૈ, યુપીએ સરકાર હૈ. આ ભૈયાજીને કોઈએ અત્યારે પૂછવું જોઈએ કે, ઈસ સરકાર મેં ત્યાગપત્ર નહીં હોતે તો પ્રધાનને ક્યું દીયા?

જેન-ઝીના પ્રચંડ આક્રોશ સામે ટકી શકાય એમ નહોતું એટલે પ્રધાને રાજીનામું ધરી દેવું પડ્યું. બાકી અઠવાડિયા પહેલાં લગી તો ભાજપ પ્રધાનને રવાના કરવાના મૂડમાં જ નહોતો. નીટનું પેપર ફૂટી ગયું એ વાત પર પહેલાં તો ઢાંકપિછોડો કરવાનાં બહુ ફાંફાં મરાયેલાં પણ પાપ છાપરે ચડીને પોકાર્યું એટલે જખ મારીને સરકારે પેપર ફૂટ્યાની કબૂલાત કરીને ૧૨ મે, ૨૦૨૬ના રોજ નીટ રદ કરીને નવેસરથી પરીક્ષા લેવાની જાહેરાત કરી પછી પણ સરકાર તો કશું બન્યું નથી એમ જ વર્તતી હતી.

પેપર ફૂટી ગયું તેનાથી હતાશ થઈને ૨૧ વિદ્યાર્થીઓ આપઘાત કરી લીધા પણ તેમને માટે બે આંસુ સારવાનો કે તેમના પરિવારોને હૂંફના બે શબ્દો કહેવાનો ના ધર્મેન્દ્ર પ્રધાન પાસે સમય હતો કે ના મોદી સાહેબ પાસે. પ્રધાન તો અમરપટ્ટો લખાવીને લાવ્યા હોય એ રીતે બેશરમીથી મંત્રીપદે ચીટકી રહેલા. ને આંદોલન પ્રચંડ ના બન્યું હોત તો હજુ ચીટકી જ રહ્યા હોત.

પ્રધાને તો રાજીનામું આપ્યું તેમાં પણ બેશરમી બતાવી છે. પ્રધાને લખ્યું છે કે, છેલ્લાં ૧૦ દિવસમાં બનેલી ઘટનાઓથી પોતે દુઃખી હતા. વિદ્યાર્થીઓ બે મહિનાથી આપઘાત કરી રહ્યા છે પણ પ્રધાનને એ વખતે કોઈ દુઃખ નહોતું ને ૧૦ દિવસમાં શું બન્યું કે દુઃખીના દાડિયા થઈ ગયા ? મંત્રીપદ છિનવાઈ જશે તેનો અણસાર આવી ગયેલો તેનું દુઃખ હતું ?

ધર્મેન્દ્ર પ્રધાનની નફ્ફટાઈ સાથે સ્પર્ધા કરી શકે એવી વાત ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીને કરી છે. નીતિન નબિનના કહેવા પ્રમાણે, કેન્દ્રીય શિક્ષણ મંત્રી તરીકે ધર્મેન્દ્ર પ્રધાને ભારતની શિક્ષણ વ્યવસ્થામાં મોટા ફેરફારો લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી અને ઐતિહાસિક રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) ને સફળતાપૂર્વક લાગુ કરી. નીતિન નબિનનો દાવો છે કે, પ્રધાને દેશહિતને સર્વોપરી રાખીને આપેલું રાજીનામું જાહેર જીવનમાં જવાબદારી, ઇમાનદારી અને નિસ્વાર્થ સેવાનું સર્વોચ્ચ ઉદાહરણ છે.

ધર્મેન્દ્ર પ્રધાન ૨૦૨૧થી ક્ષિક્ષણ પ્રધાન છે ને તેમના કાર્યકાળમાં એક વર્ષ એવું ગયું નથી કે જ્યારે મેડિકલમાં એડમિશન માટેની નીટ કે એન્જિનિયરિંગમાં એડમિશન માટેની જેઈઈમાં કોઈ ગરબડ ના થઈ હોય. પ્રધાનના કાર્યકાળમાં બે વાર તો નીટનાં પેપર ફૂટી ગયાં. આ તો બધાં છાપરે ચડીને પોકારેલાં પાપ છે. ભીનું સંકેલી દેવાયું હોય ને અંદરખાને પતાવી દેવાયું હોય એવું તો કેટલું બન્યું હશે તેની ખબર જ નથી. આવા માણસને સફળ શિક્ષણ પ્રધાન ગણાવવા આ દેશનું અપમાન કહેવાય.

નબિને પ્રધાનના રાજીનામાને જાહેર જીવનમાં જવાબદારી, ઇમાનદારી અને નિસ્વાર્થ સેવાનું સર્વોચ્ચ ઉદાહરણ ગણાવીને તો હદ કરી નાંખી. પ્રધાનમાં ઇમાનદારી અને જવાબદારીની ભાવના હોત તો આ દેશના યુવાઓએ આંદોલન જ ના કરવું પડ્યું હોત. પ્રધાને દેશહિતને ધ્યાનમાં રાખીને રાજીનામું નથી આપ્યું પણ આ દેશના યુવાનોએ તેમને લાત મારીને તગેડ્યા છે, બાકી પ્રધાન તો બેશરમીથી હોદ્દા પર ચીટકી જ રહેલા ને હટવાનું નામ જ નહોતા લેતા.

ભાજપની નેતાગીરી પડ્યા પછીય ટંગડી ઉંચી રાખવા આ બધી વાતો કરે છે એ જોઈને ખરેખર હસવું આવે છે. આ વાતો તેમની હલકી માનસિકતાના નાદાર નમૂના છે. નિષ્ફળતાને સ્વીકારવાની ખેલદિલી જ આ નમૂનોઓમાં નથી તેનો આ વધુ એક પુરાવો છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૨૭-૭-૨૦૨૬, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી પ્રતારંભ

- ભારતીય દિનાંક ૫, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ સુદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૧૨મો મોહોર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર મૂળ સવારે ક. ૧૦-૨૯ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૧૧-૧૯, રાત્રે ક. ૨૨-૪૨
- ઓટઃ સાંજે ક. ૧૭-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૫ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અષાઢ શુક્લ - ત્રયોદશી. ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી પ્રતારંભ, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ પૂજા, પિતૃપૂજા, ચંદ્ર-કેતુ પૂજા, ઔષધ ઉપચાર, નિત્ય થતાં મિલકત લેવડદેવડ-ખેતીવાડીના કામકાજ, નિરુતિ દેવતાનું પૂજન, ૐ નિરુતાય નમઃના મંત્રજાપ કરવા, વૈધુતિ જન્મયોગ શાંતિ પૂજા, શિવ-પાર્વતી પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.

આચમનઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ અનીતિમાન, સૂર્ય-નેપ્ચ્યૂન ત્રિકોણ સંગીતને ચાહનારા.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ, સૂર્ય-નેપ્ચ્યૂન ત્રિકોણ, શનિ સ્તંભી થઈ વક્રી થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ભારત વિશ્વસનીય વૈશ્વિક ડિફેન્સ પાવર બની રહ્યું છેઃ મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે ભારત એક વિશ્વસનીય વૈશ્વિક સંરક્ષણ પાર્ટનર તરીકે ઊભરી રહ્યું છે અને સતત પોતાની સંરક્ષણ ક્ષમતાઓને સતત મજબૂત બનાવી રહ્યું છે. વડા પ્રધાન મોદીએ તેમના માસિક રેડિયો કાર્યક્રમ ''મન કી બાત'' માં કારગિલ યુદ્ધમાં લડનારા ભારતીય સૈનિકોને પણ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી હતી.

તેમણે કહ્યું હતું કે ૧૯૯૯માં પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ભારતીય સૈનિકોએ મુશ્કેલ હવામાન અને દુશ્મનનોના પડકારો છતાં અસાધારણ બહાદુરી દર્શાવી હતી. વડા પ્રધાને કહ્યું હતું કે, ''કારગિલ વિજય દિવસ આપણને ગર્વથી ભરી દે છે. આ દિવસ આપણને આપણા બહાદુર સૈનિકોની અવિશ્વસનીય હિંમતની યાદ અપાવે છે.''

તેમણે કહ્યું હતું કે આજે સંરક્ષણ ઉત્પાદન હોય કે સંરક્ષણ નિકાસ ભારત સતત નવી ઊંચાઈઓ પર પહોંચી રહ્યું છે. ભારત એક વિશ્વસનીય વૈશ્વિક સંરક્ષણ ભાગીદાર તરીકે ઊભરી રહ્યું છે અને દેશ તેની સંરક્ષણ ક્ષમતાઓને સતત મજબૂત બનાવી રહ્યો છે.

વડા પ્રધાને કહ્યું કે જુલાઈની શરૂઆતમાં ઇન્ડોનેશિયાની તેમની મુલાકાત દરમિયાન બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઇલો અંગે એક મહત્ત્વપૂર્ણ કરાર થયો હતો. આ મહિને સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) એ પણ લાંબા અંતરના પિનાકા રોકેટનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, આ સફળતા પાછળ આપણા વૈજ્ઞાનિકો અને ઇજનેરોની સામૂહિક મહેનત છે. બે કે ત્રણ દિવસ પહેલા જ ડીઆરડીઓએ પણ કુશા મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. ગયા રવિવારે વિક્રમ-૧ રોકેટના સફળ પ્રક્ષેપણ પર દરેક ભારતીય ગર્વ અનુભવી રહ્યો છે અને સમગ્ર દેશ ભારતના અવકાશ ક્ષેત્રમાં આ ઐતિહાસિક ક્ષણનો સાક્ષી બન્યો છે.

તેમણે કહ્યું હતું કે, આ ખાનગી ક્ષેત્ર દ્વારા વિકસિત ભારતનું પ્રથમ રોકેટ છે. આપણા યુવા સંશોધકોએ કંઈક એવું પ્રાપ્ત કર્યું છે જે એક સમયે અકલ્પનીય હતું. તેઓએ અદ્ભુત કૌશલ્ય, જુસ્સો અને ધીરજ દર્શાવી છે.

# વરસાદના પાણીના દરેક ટીપાનો સંગ્રહ કરોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે લોકોને વરસાદી પાણી બચાવવા વિનંતી કરી કહ્યું કે આજે બચાવેલ પાણીનું દરેક ટીપું ભવિષ્યની પેઢીઓ માટે સૌથી મોટી સંપત્તિ છે. સાથે જ તેમણે જળ શક્તિ મંત્રાલયના 'કેચ ધ રેઈન' અભિયાનમાં લોકોની ભાગીદારીની પ્રશંસા કરી હતી. 'મન કી બાત' કાર્યક્રમના ૧૩૬મા એપિસોડને સંબોધતા મોદીએ કહ્યું કે ૪ જુલાઈથી ચાલી રહેલા આ અભિયાનમાં ગામડાઓ, શહેરો, પંચાયતો અને સામાજિક સંગઠનોના લોકોની જબરદસ્ત ભાગીદારી જોઈને તેઓ ખુશ છે.

વડા પ્રધાન મોદીએ યાદ અપાવ્યું હતું કે 'મન કી બાત'ના ગત એપિસોડમાં તેમણે 'કેચ ધ રેઈન' અભિયાન વિશે વાત કરી હતી અને લોકોને તેને જન આંદોલનમાં ફેરવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે 'કેચ ધ રેઈન'નો સંદેશ ખૂબ જ સરળ છે. વરસાદ પડે ત્યારે અને જ્યાં પડે ત્યાં પાણીનો બચાવ કરો. આ પહેલ હેઠળ વરસાદી પાણીના સંગ્રહ, ભૂગર્ભજળ રિચાર્જ, જૂના જળાશયોના પુનર્જીવન અને વૃક્ષારોપણને નવી ગતિ આપવામાં આવી રહી છે. મને દરેક જગ્યાએ લોકોની જબરદસ્ત ભાગીદારી જોઈને આનંદ થાય છે. પછી ભલે તે ગામડાં હોય કે શહેરો, પંચાયતો હોય કે સામાજિક સંગઠનો.''

દેશભરમાં લેવામાં આવેલા પગલાં પર પ્રકાશ પાડતા વડા પ્રધાને કહ્યું કે કેટલીક જગ્યાએ જૂના તળાવોમાંથી કાંપ દૂર કરવામાં આવી રહ્યો છે, જ્યારે અન્ય સ્થળોએ કૂવાઓને પુનર્જીવિત કરવામાં આવી રહ્યા છે. ઉપયોગમાં ન રહેલા બોરવેલ ભૂગર્ભજળ રિચાર્જ માટે ચેનલ તરીકે કામ કરે છે. તેમણે મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશાના ભાગોમાં લેવામાં આવેલા પગલાં વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે મધ્ય પ્રદેશના સીધી જિલ્લામાં લગભગ ૧,૫૦૦ તળાવો બનાવવામાં આવ્યા છે.

# દેશના નવા શિક્ષણ પ્રધાન પ્રહ્લાદ જોશી કેટલા શિક્ષિત છે?

નવી દિલ્હીઃ અગાઉ પ્રહ્લાદ જોશી દેશમાં નવીનીકરણીય ઊર્જા (જેમ કે સૌર અને પવન ઊર્જા)ને પ્રોત્સાહન આપવા માટે કામ કરતા હતા. પરંતુ હવે તેમને શિક્ષણ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. આ પહેલા તેઓ સંસદીય બાબતો અને સરકારના ઘણા પડકારજનક મંત્રાલયોનું સફળતાપૂર્વક નેતૃત્વ કરી ચૂક્યા છે. હુબલીના વતની અને આર્ટ્સ ગ્રેજ્યુએટ(બી.એ.) પ્રહ્લાદ જોશી હવે એવા મંત્રાલયમાં સેવા આપશે જેની સાથે દેશભરના લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોડાયેલું છે. તેથી આ જવાબદારી તેમના માટે મહત્ત્વપૂર્ણ અને પડકારજનક બની રહેવાની છે. તો આવો જાણીએ દેશના લાખો બાળકોના શિક્ષણનું ધ્યાન રાખનારા શિક્ષણ પ્રધાન કેટલા શિક્ષિત છે. તેમની સત્તાવાર સંસદીય પ્રોફાઇલ મુજબ પ્રહ્લાદ જોશીએ તેમનું શાળાકીય શિક્ષણ હુબલીમાં પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ તેમણે કર્ણાટક યુનિવર્સિટી સાથે જોડાયેલી ધારવાડની કદાસસિદ્ધેશ્વર આટર્સ કોલેજમાંથી વર્ષ ૧૯૮૩માં બીએની ડિગ્રી મેળવી હતી. પ્રહ્લાદ જોશીએ તેમના વિદ્યાર્થીકાળ દરમિયાન જાહેર મુદ્દાઓ, સમાજ સેવા અને સમુદાય વિકાસમાં ઊંડો રસ કેળવ્યો હતો.

પ્રહ્લાદ જોશીએ એન્જિનિયરિંગ, કાયદો કે મેનેજમેન્ટનો અભ્યાસ કર્યો નથી. તેમણે માનવશાસ્ત્રમાં બી.એ. કર્યું છે. પરંતુ તેઓ માત્ર તેમના શિક્ષણ માટે જ નહીં પરંતુ તેમના લાંબા રાજકીય અનુભવ માટે પણ જાણીતા છે. તેઓ પાંચ વખત સંસદ સભ્ય તરીકે ચૂંટાયા છે અને સરકારના અનેક મહત્ત્વપૂર્ણ અને પડકારજનક મંત્રાલયો સંભાળી ચૂક્યા છે.

રાજકારણમાં પ્રવેશતા પહેલા તેઓ વ્યવસાય અને સામાજિક કાર્યો સાથે જોડાયેલા હતા. જે દર્શાવે છે કે તેમની રુચિ શરૂઆતથી જ રોજગારી વધારવા અને લોકોના વિકાસમાં રહી છે. પ્રહ્લાદ જોશીનો જન્મ ૨૭ નવેમ્બર ૧૯૬૨ના રોજ કર્ણાટકમાં થયો હતો. તેઓ ૨૦૦૪માં ધારવાડ લોકસભા બેઠક પરથી પહેલી વાર સાંસદ બન્યા હતા. ત્યારથી તેઓ દરેક લોકસભા ચૂંટણી જીતતા આવ્યા છે. તેથી તેમનો કર્ણાટક ભાજપના સૌથી લાંબા સમય સુધી સાંસદ રહેનારા નેતાઓમાં સમાવેશ થાય છે. છેલ્લાં કેટલાક વર્ષોથી તેઓ સરકારમાં એક વિશ્વસનીય અને અનુભવી પ્રધાન તરીકે જાણીતા બન્યા છે. તેમને હંમેશા એવા વિભાગો આપવામાં આવે છે જ્યાં નીતિઓ લાગુ કરવી અને રાજકીય સંકલન બહુ જરૂરી હોય છે. પ્રહ્લાદ જોશી પહેલી વાર શિક્ષણ મંત્રાલયનો હવાલો સંભાળી રહ્યા છે. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું અન્ય મંત્રાલયોમાં કામ કરવાનો તેમનો અનુભવ શિક્ષણ વ્યવસ્થામાં સકારાત્મક પરિવર્તન લાવી શકશે. લોકોને આશા છે કે તેમના નિર્ણયોથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને યુનિવર્સિટીઓને ફાયદો થશે.

# કારગિલ વિજય દિવસે શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કારગિલ વિજય દિવસ નિમિત્તે વીર જવાનોની બહાદુરી અને બલિદાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર જણાવ્યું કે કારગિલ વિજય દિવસ પર આપણો દેશ ભારતની સુરક્ષા માટે બહાદુર સૈનિકોની અસાધારણ હિંમત અને સમર્પણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. સૌથી કપરી પરિસ્થિતિઓમાં પણ તેમની અદમ્ય હિંમત હંમેશાં રાષ્ટ્રીય ગૌરવનો સ્રોત રહેશે. તેમની અતૂટ દેશભક્તિ અને કર્તવ્ય-નિષ્ઠા પેઢીઓને પ્રેરણા આપતી રહેશે. આ બાજુ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ શનિવારે સાંજે લદાખના દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક ખાતે 'શૌર્ય સંધ્યા' કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા. જે કારગિલ વિજય દિવસની વર્ષગાંઠ નિમિત્તે આયોજિત બે દિવસીય કાર્યક્રમનો ભાગ હતો. આ તકે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું કે ૧૯૯૯ના કારગિલ સંઘર્ષ પછી ઘૂસણખોરોના ઇરાદા બદલાયા નથી અને ભારતીય સેના કોઇપણ પડકારનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

અત્રે નોંધનીય છે કે કારગિલ વિજય દિવસ ૨૬ જુલાઇ, ૧૯૯૯ના રોજ 'ઓપરેશન વિજય'ની સફળતાની યાદમાં ઉજવવામાં આવે છે.

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાન સાથે

પાકિસ્તાનના દરેક કૃત્યનો તેની કલ્પના બહારનો જવાબ આપવા સક્ષમ છે. કારગિલ વિજય દિવસની ૨૭મી વર્ષગાંઠ પર તેમણે ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં ભારતની જીતને ભારત માતાના મુગટમાં એક હીરા તરીકે વર્ણવી હતી. તેમણે પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં મે ૨૦૨૫માં શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સશસ્ત્ર દળોએ આતંકવાદના માસ્ટરમાઇન્ડ અને તેમના સમર્થકોને ભારે ફટકો આપ્યો હતો.

રાજનાથ સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂર એ બતાવી દીધું કે આતંકવાદ મારફતે ભારતને ધમકી આપવાનો પ્રયાસ કરનારાઓનું શું થાય છે. ભારત અને તેના સશસ્ત્ર દળો પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા દરેક કૃત્યનો જવાબ તેની કલ્પનાથી વધુ આપવા સક્ષમ છે. તેમણે કહ્યું કે ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતા વિરુદ્ધ કરવામાં આવેલી કોઈપણ દુર્ભાવનાપૂર્ણ કાર્યવાહીના પરિણામો એવા જ હશે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે અમારો ઇરાદો સ્પષ્ટ છે. હવે પાકિસ્તાન સાથે કોઈ વાતચીત થશે નહીં. જો કોઈ વાતચીત થશે, તો તે ફક્ત પાકિસ્તાન દ્વારા ગેરકાયદે રીતે કબજે કરાયેલા ભારતના પીઓકે પર હશે. પડોશી દેશ પર નિશાન સાધતા સંરક્ષણ પ્રધાને કહ્યું કે જ્યારે ભારત જહાજો ડિઝાઇન કરવામાં વ્યસ્ત છે ત્યારે પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન આપવામાં વ્યસ્ત છે. તેમણે કહ્યું કે જ્યારે આપણે આધુનિક અને નવી રીતો શોધી રહ્યા છીએ ત્યારે પાકિસ્તાન ઘૂસણખોરી માટે નવા રસ્તાઓ શોધવામાં વ્યસ્ત છે. આજે ભારત ડેટા સેન્ટર બનાવી રહ્યું છે, જ્યારે પાકિસ્તાન આતંકવાદના કેન્દ્રો બનાવવામાં વ્યસ્ત છે. કારગિલ વિજય દિવસ ભારતના 'ઓપરેશન વિજય' ની સફળતાની યાદમાં ઉજવવામાં આવે છે, જે પાકિસ્તાની ઘૂસણખોરી પછી કારગિલની વ્યૂહાત્મક ઊંચાઈઓ પર ફરીથી નિયંત્રણ મેળવવા માટે શરૂ કરાયેલ લશ્કરી કાર્યવાહી હતી, જે ૧૯૯૯માં આજના દિવસે સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે કારગિલમાં વિજય ફક્ત લશ્કરી કે રાજદ્વારી સફળતા જ નહીં, પરંતુ આપણા સૈનિકો દ્વારા દર્શાવવામાં આવેલી અદમ્ય હિંમત અને અજોડ બહાદુરીનો પુરાવો હતો. હું ૨૭મા કારગિલ વિજય દિવસ પર આપણા બહાદુર સૈનિકો અને તેમની બહાદુરીને સલામ કરું છું.

### અમેરિકાએ ઈરાન

પાર્ટીની તકો ઘટી જશે એવી ચિંતાને હસી કાઢી હતી. આ સાથે ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ આવતા અઠવાડિયે વૉશિંગ્ટનની મુલાકાત લેવાના છે અને આને લીધે પરિસ્થિતિ વધુ અનિશ્ચિત બને છે. ઇઝરાયલ અને અમેરિકાએ ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર હુમલો કર્યો હતો. જોકે અમેરિકા એકલું ઇરાન સાથે લડી રહ્યું છે અને ઇઝરાયલ હવે ખસી ગયું છે અમેરિકાએ વારંવાર હોર્મુઝ સામુદ્રધુની બંધ કરતા અમેરિકાએ ફરી હુમલા કર્યા હતા. આ જળમાર્ગથી વિશ્વના ૨૦ ટકાના તેલનું પરિવહન થાય છે.

જ્યોર્જ બુશના શાસન વખતે અમેરિકાના નેશનલ સીક્રેટ કાઉન્સિલના મિડલ ઈસ્ટના ભૂતપૂર્વ ડિરેક્ટર મિશેલ સિંહે કહ્યું હતું કે હું નથી માનતો કે આ શસ્ત્રવિરામ એટલો મહત્ત્વનો છે. આ વિરામ પડદા પાછળ ચાલતી મુત્સદ્દીગીરને તક આપવા માટેનો હોઈ શકે. એક પ્રાદેશિક અધિકારીએ કહ્યું હતું કે ગુપ્ત રાજદ્વારી પ્રયાસો ચાલુ છે. પહેલાં તો ઇરાન અને અમેરિકાએ તેમના વચ્ચે થયેલી સમજૂતીપત્રને માન્ય કરીને એ પ્રમાણે પગલાં લેવા પડશે.

દરમિયાન હુથીએ શનિવારે કહ્યું હતું અમે સઉદી અરેબિયાની રાતા સમુદ્રના શહેર હોડેઈડા પર મિસાઈલ અને ડ્રોન હુમલો કર્યો હતા. હુથીએ રાતા સાગરનો બાબ અલ-મેહબાબ સ્ટ્રેટ બંધ કરી દીધી છે. સઉદીનો મોટો ભાગનું તેલ રાતા સમુદ્રમાંથી જાય છે. અમેરિકાએ પણ હોમુર્ઝની નજીક નાકાબંધી કરી છે અને ઇરાનના જહાજોને જવા દેતું નથી. (એજન્સી)

### નેપાળે ભારતીય

એનઆરબીએ સ્પષ્ટ કર્યું છે કે ૨૦૧૬ના નોટબંધી પહેલા જાહેર કરાયેલી જૂની ભારતીય ચલણી નોટો નેપાળમાં પ્રતિબંધિત રહેશે. એનઆરબીએ એમ પણ જણાવ્યું હતું કે નવી સિસ્ટમ હેઠળ ૯ નવેમ્બર, ૨૦૧૬ પછી જાહેર કરાયેલી નવી ડિઝાઇન કરેલી ૫૦૦ અને ૨૦૦ રૂપિયાની નોટોને જ મંજૂરી આપવામાં આવશે.

સેન્ટ્રલ બેન્કે શરૂઆતમાં ૧૧ ફેબ્રુઆરીના રોજ નેપાળ ગેઝેટમાં આ જોગવાઈ પ્રકાશિત કરી હતી. જોકે, ગુરુવારે તેણે તેની અમલીકરણ પ્રક્રિયા સ્પષ્ટ કરતી અને સરહદ પાર કરન્સીના લેવડ-દેવડ સાથે જોડાયેલી ચિંતાઓને દૂર કરી છે. એનઆરબીના પ્રવક્તા ગુરુ પ્રસાદ પૌડેલે જણાવ્યું હતું કે નેપાળી નાગરિકોને ભારત સિવાય અન્ય કોઈપણ દેશમાંથી ભારતીય કરન્સી નેપાળમાં લાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે નેપાળી નાગરિકો દ્વારા નેપાળમાંથી બહાર ભારતીય કરન્સી ફક્ત ભારતમાં જ લઈ જઈ શકાશે, કોઈ ત્રીજા દેશમાં નહીં.

પૌડેલે જણાવ્યું હતું કે આ નવી જોગવાઈ નેપાળની મુલાકાત લેતા ભારતીય પ્રવાસીઓ અને ભારત સાથે વેપાર અને વ્યવસાય કરતા નેપાળી નાગરિકોને સુવિધા આપશે. આ નિયમમાં ફેરફાર ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ભારતમાં નોટબંધીની જાહેરાત પછી લાદવામાં આવેલા પ્રતિબંધોને અનુસરે છે, જ્યારે જૂની ૫૦૦ અને ૧,૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચી લેવામાં આવી હતી.

ભારત નેપાળનું સૌથી મોટું વેપારી ભાગીદાર અને પ્રવાસીઓનો મુખ્ય સ્રોત છે, હજારો નેપાળી નાગરિકો કામ, શિક્ષણ અને વ્યવસાય માટે ભારતમાં મુસાફરી કરે છે. એનઆરબીએ એમ પણ જણાવ્યું હતું કે નેપાળી નાગરિકો અને વિદેશી પ્રવાસીઓ કસ્ટમ્સ ઘોષણા સબમિટ કર્યા વિના ૫,૦૦૦ ડોલર સુધીનું વિદેશી ચલણ અથવા અન્ય કરન્સીમાં સમકક્ષ નેપાળમાં લાવી શકે છે. આ મર્યાદાથી વધુ રકમની જાણ નેપાળમાં આગમન સમયે કરવી આવશ્યક છે.

### અમારા માટે

હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પોતાના 'એક્સ' હેન્ડલ પર લખતા કહ્યું હતું કે ભાજપના કાર્યકરો માટે પદથી વધુ મહત્ત્વપૂર્ણ આપણો દેશ, આપણી યુવા પેઢી અને વિદ્યાર્થીઓ છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું તેમના પદ પરથી રાજીનામું આને દર્શાવે છે. મોદી સરકાર દેશના યુવાનોની ભાવનાઓનું સન્માન કરે છે અને પેપર લીક સામે જરૂરી સુધારા લાગુ કરવા માટે પ્રતિબદ્ધ છે. પેપર લીક માટે જવાબદાર લોકોને કડક સજા મળે તે માટે વડા પ્રધાન મોદી દ્વારા લેવામાં આવેલા નિર્ણયો પ્રશંસનીય છે. મને વિશ્વાસ છે કે આ પગલાં નીટ પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ ન્યાય સુનિશ્ચિત કરશે.

ધર્મેન્દ્ર પ્રધાનની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે તેમના કાર્યકાળ દરમિયાન ધર્મેન્દ્ર પ્રધાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ના અસરકારક અમલીકરણ, માતૃભાષામાં પરીક્ષાઓની જોગવાઈ, પીએમ શ્રી શાળાઓનું વિસ્તરણ, ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ-શૈક્ષણિક સંકલનને મજબૂત બનાવવા જેવા મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા છે. પરીક્ષા પ્રણાલીને વધુ સમાવિષ્ટ અને વિદ્યાર્થી-કેન્દ્રિત બનાવવાના તેમના પ્રયાસો પણ નોંધપાત્ર રહ્યા છે. તેમનો કાર્યકાળ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ પ્રત્યેના તેમના સમર્પણને પ્રતિબિંબિત કરે છે.

### આંધ્રમાં કોરોનાના

કેસ નોંધાયા છે. જ્યારે અલ્લુરી સીતારામ રાજુ, એલુરુ, કૃષ્ણા, તિરુપતિ અને વિશાખાપટ્ટનમ જિલ્લામાં એક-એક નવા કેસ સામે આવ્યા છે. વિભાગ અનુસાર અત્યાર સુધીમાં કુલ ૩૦૨ લોકોનું કોવિડ-૧૯ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં નોંધાયેલા કેસોના આંકડા પર નજર કરીએ તો પૂર્વ ગોદાવરી જિલ્લો સૌથી વધુ પ્રભાવિત રહ્યો છે, જ્યાં ૧૧ કેસ નોંધાયા છે. ત્યારબાદ ગુંટૂરમાં નવ, વાયએસઆર કડપ્પામાં આઠ, વિશાખાપટ્ટનમમાં પાંચ અને એનટીઆર જિલ્લામાં ત્રણ કેસ નોંધાયા છે. તેમજ કાકીનાડા, એલુરુ અને બાપટલા જિલ્લામાં બે-બે કેસ સામે આવ્યા છે, જ્યારે અન્ય ઘણા જિલ્લાઓમાં એક-એક કેસની પુષ્ટિ થઇ છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર વર્તમાનમાં વિવિધ હૉસ્પિટલોમાં કોરોનાના ૨૪ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે ૧૬ દર્દીઓ તબીબી દેખરેખ હેઠળ હોમ આઇસોલેશનમાં સારવાર લઇ રહ્યા છે. અત્યાર સુધીમાં પાંચ દર્દીઓ સંપૂર્ણ સ્વસ્થ થઇને હૉસ્પિટલમાંથી રજા મેળવી ચૂક્યા છે. રાજ્યમાં કોવિડ-૧૯થી અત્યાર સુધીમાં ચાર લોકોનાં મોત નીપજ્યા છે. તેમજ વધતા જતાં કેસોને ધ્યાને લઇને આરોગ્ય વિભાગે રાજ્યભરમાં સર્વેલન્સ સિસ્ટમને વધુ કડક બનાવી છે.



**ચલ કહીં દૂર નીકલ જાયે:** અરવલ્લીની ગિરિમાળાઓ વરસાદી વાતાવરણમાં લીલીછમ ચાદર ઓઢી સજ્જ થઈ ગઈ છે, પરંતુ માત્ર પહાડો જ નહીં અહીં જવાનો રસ્તો પણ તમે તેના તરફ ખેંચી જાય તેવો છે. તો નીકળી પડો કુદરતની કરામતનો લ્હાવો લેવા...અને સાથે ગાતા જજો...ક્યા મોસમ હૈ...અય દિવાને દિલ...ચલ કહીં દૂર નીકલ જાયે...

# ડાંગમાં વરસાદને લીધે ખીલી વનરાજી, બીજી તરફ તારાજી સજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ દક્ષિણ ગુજરાતમાં ખાબકેલા અતિભારે વરસાદના પરિણામે ડાંગ જિલ્લાનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. પ્રખ્યાત ગિરા ધોધ પરથી વહેતા ગર્જના કરતા જળપ્રવાહ અને સાપુતારા સહિતના હિલ સ્ટેશનો પર સર્જાયેલા આહલાદક વાતાવરણની મજા માણવા મોટી સંખ્યામાં મુસાફરો પહોંચી રહ્યા છે. જોકે, આ વરસાદે પ્રકૃતિની સુંદરતાની સાથે જિલ્લામાં કેટલીક ગંભીર મુશ્કેલીઓ પણ સર્જી છે. ભારે વરસાદને કારણે જાણીતા પ્રવાસન સ્થળ 'ડોન હિલ સ્ટેશન' તરફ જવાના માર્ગ પર ભૂસ્ખલન થતાં રસ્તો અવરોધાયો હતો. ઘટનાની જાણ થતાં જ માર્ગ અને મકાન વિભાગે તાત્કાલિક ધોરણે ધસી આવેલા માટી-પથ્થરો દૂર કરી માર્ગને પુનઃ વાહનવ્યવહાર માટે ખુલ્લો કર્યો હતો.

હાલ ડાંગમાં વરસાદનું જોર ઘટતાં મોટાભાગના રસ્તાઓ ખુલ્લા થઈ ગયા છે, પરંતુ સુરક્ષાના કારણોસર અત્યારે ૭ રસ્તાઓ બંધ રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં ખાતળ ફાટક ટુ ઘોડી રોડ, માછળી ચિખલા દિવડ્યાવન રોડ, આહેરડી બોરદહાડ રોડ, ઘોડવહળ વી.એ. રોડ, ધાગડી કાનાત ફળિયા રોડ,




મોટીદાબદર લહાનદાબદર નાનાપાડા રોડ અને ભદરપાડા ચિંચોડ રોડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૯૫૩ પર સાપુતારા ઘાટ અને સાપુતારા-માલેગામ રોડ પર સંરક્ષણ દિવાલ (પ્રોટેક્શન વોલ) ધસી પડવાની ઘટના બની હતી. તંત્ર દ્વારા સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે અને વાહનચાલકોની સલામતી માટે માટીના ઢગલા, સંપૂર્ણ બેરીકેટીંગ, 'વાહન ધીમે ચલાવો'ના ચેતવણી બોર્ડ, બ્લિન્કર લાઈટ તથા સોલાર લાઈટ મૂકી ટ્રાફિક વ્યવસ્થા સુચારુ કરી દેવાઈ છે.

બીજી તરફ, આ અતિભારે વરસાદની અસર હેઠળ પશુધનને ભારે નુકસાન પહોંચ્યું હતું. ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ઘોઘલી ગામે ભારે વરસાદને કારણે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના સામે આવી હતી, જેમાં ૨૧ પશુઓના મોત નોંધાયા હતા. આ ઘટનાથી સ્થાનિક પશુપાલકોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. હાલ જિલ્લા તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે અને નાગરિકોને પણ સલામત સ્થળે રહેવા તથા મુસાફરી દરમિયાન તકેદારી રાખવા અપીલ કરવામાં આવી છે. ■

# અમદાવાદના એન્જિનિયર યુવકનું કેનેડામાં કાર અકસ્માતમાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ૨૨ વર્ષીય એન્જિનિયર યુવકનું કેનેડામાં ૧૮ જુલાઈના રોજ મોત થયું હોવાના અહેવાલો મળ્યા હતા. ભીષ્મ રાજ્યગુરુ નામના યુવકની કારને સાસ્કાચેવાન હાઈ-વે પર રોંગ સાઈડથી આવતી કરે ટક્કર મારી હતી. અહેવાલો અનુસાર ટક્કર એટલી હતી કે ભીષ્મની કાર ઉછળીને બાજુના મેદાનમાં પડી હતી. યુવકને ઈજા થતા તેનું મોત નિપજ્યું હતું. મળતી વિગતો અનુસાર તેનો મૃતદેહ જી ઑગષ્ટે અમદાવાદ લાવવામાં આવશે. મળતી વિગતો અનુસાર અમદાવાદના ઘાટલોડિયાનો રહેવાસી ભીષ્મ બારમાં ધોરણ બાદ કેનેડામાં અભ્યાસ માટે ગયો હતો અને ચાર વર્ષથી અહીં રહેતો હતો. તે કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરતો હતો અને એક કંપનીમાં નોકરી પણ કરતો હતો. નોકરી પરથી પરત આવતી વેળાએ જ આ અકસ્માત સર્જાયો હોવાની માહિતી મળી છે. ભીષ્મના પરિવારમાં માતા-પિતા અને એક બહેન છે. યુવાન દીકરાના મોતથી માતમ છવાયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

# ગુજરાતમાં ભારે વરસાદથી વંદે ભારત સહિતની ટ્રેનો રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતમાં ભારે વરસાદને કારણે રેલવે વ્યવહારને વ્યાપક અસર પહોંચી હતી. રવિવારે રેલવેના સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર અમદાવાદ ડિવિઝનના છારોડી અને વિરમગામ સ્ટેશનો વચ્ચે ટ્રેક પર પાણી ભરાવાને કારણે અનેક રેલ સેવાઓ પ્રભાવિત થઈ હતી. આ ઉપરાંત, ચાંદલોડિયા ઈસ્ટ અને વિરમગામ વચ્ચે રેલવે ટ્રેક પર પાણી ભરાવાના કારણે રાજકોટ ડિવિઝનની ટ્રેનોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો. લિંક રેક મોડા પડવા અને રેકની અનુપલબ્ધતા જેવા ઓપરેશનલ કારણોસર પણ કેટલીક ટ્રેનો રદ અથવા રિ-શેડ્યુલ કરવામાં આવી હોવાનું પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું. આ પરિસ્થિતિને પગલે ઘણી ટ્રેનો સંપૂર્ણ કે આંશિક રીતે રદ કરવામાં આવી હતી. રવિવારના રોજ દોડનારી ટ્રેન નંબર ૬૯૧૦૯ સુરત - વડોદરા મેમુ ટ્રેન સંપૂર્ણપણે રદ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૨૬૯૦૧/૨૬૯૦૨ સાબરમતી - વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ અને ૧૯૧૧૯/૧૯૧૨૦ ગાંધીનગર કેપિટલ - વેરાવળ એક્સપ્રેસ પણ તારીખ માટે રદ કરાઈ હતી. આજે વિરમગામ - મહેસાણા અને મહેસાણા - વિરમગામ પેસેન્જર ટ્રેન પણ રદ્દ કરવામાં આવી હતી. ૨૦૯૩૬ ઈન્દોર - ગાંધીધામ એક્સપ્રેસ અને ૨૦૯૩૫ ગાંધીધામ - ઈન્દોર એક્સપ્રેસને આજે ગાંધીધામ અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવી હતી. મુસાફરોની સુરક્ષા અને રેલ ઓપરેશનને ધ્યાનમાં રાખીને અનેક ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ૨૦૯૦૭ દાદર - ભુજ સયાજીનગરી એક્સપ્રેસ ૧૫૧૫ ના બદલે ૧૭૧૫ કલાકે અને ૧૨૯૫૫ મુંબઈ સેન્ટ્રલ - જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ ૧૯૦૫ના બદલે ૨૦૦૫ કલાકે ઉપડી હતી. રાજકોટ ડિવિઝનની ૧૯૨૧૮ વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ ૧૧૫૦ ના બદલે ૫ કલાક મોડી એટલે કે ૧૬૫૦ વાગ્યે ઉપડી હતી, અને ૫૯૫૬૩ રાજકોટ-પોરબંદર પેસેન્જર પણ ૧૪૫૦ના બદલે ૧૬૫૦ વાગ્યે ઉપડી હતી. ૧૬૬૧૩ રાજકોટ-કોઈમ્બતુર એક્સપ્રેસ ૦૯૦૦ ના બદલે ૧૦૩૦ વાગ્યે ઉપડી હતી.

ટ્રેક પર પાણી હોવાથી કેટલીક ટ્રેનોના રૂટમાં ફેરફાર (ડાયવર્ઝન) પણ કરવામાં આવ્યો હતો. ૧૯૨૫૫ સુરત - મહુવા એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટને બદલે અમદાવાદ - ગાંધીગ્રામ - બોટાદ થઈને તેમજ ૧૯૨૫૬ મહુવા - સુરત એક્સપ્રેસ બોટાદ - ગાંધીગ્રામ - અમદાવાદ થઈને ડાયવર્ટ કરાઈ હતી. આ સાથે ૧૨૯૭૨ ભાવનગર ટર્મિનસ - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ પણ બોટાદ - ગાંધીગ્રામ - અમદાવાદના ડાયવર્ટ કરાયેલા રૂટ પરથી દોડાવવામાં આવી હતી. ■

# સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૧૫.૮૫ લાખના મુદ્દામાલ સાથે હનીટ્રેપ ગેંગના આરોપીઓને દબોચ્યા

## ટોળકીના મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લાની લોકલ ક્રાઇમ બ્રાન્ચને એક મોટી સફળતા હાથ લાગી હતી. હિંમતનગરના પાણપુર નજીકથી પોલીસે હનીટ્રેપ, લૂંટ અને સાપરાધ મનુષ્ય વધ જેવા ગંભીર ગુનાઓને અંજામ આપતી ગેંગનો પર્દાફાશ કર્યો હતો. આ ટોળકીના મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પાસેથી બે કાર સહિત કુલ રૂ. ૧૫,૮૫,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આ ટોળકી લાંબા સમયથી સોશિયલ મીડિયાના માધ્યમથી નકલી એકાઉન્ટ બનાવી પુરુષોને પોતાની જાળમાં ફસાવતી હતી અને ત્યારબાદ તેમની સાથે લૂંટફાટની ઘટનાઓને અંજામ આપતી હોવાનું પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું.

આ સમગ્ર ગુનાહિત ષડયંત્રનો પર્દાફાશ ગત ૨૧ જુલાઈના રોજ બનેલી એક ઘટનાની તપાસ દરમિયાન થયો હતો. દેરોલ ગામની સીમમાં હાઇવે પર ગાંધીનગરના ઉનાવા ખાતે રહેતા ૫૨ વર્ષીય જગદીશભાઈ પ્રજાપતિ પર ચાર અજાણ્યા શખ્સોએ હુમલો કરી તેમનો મોબાઈલ લૂંટી લીધો હતો. હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે આ અંગે ગુનો નોંધાયા બાદ, લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસમાં સામે આવ્યું કે મૃતક જગદીશભાઈ સાથે ગેસ્ટ હાઉસમાં જોવા મળેલી મહિલાનું આધારકાર્ડ બોગસ હતું. ત્યારબાદ ચોક્કસ બાતમીના આધારે પોલીસે પાણપુર પાસેથી શંકાસ્પદ કારોને આંતરીને આરોપીઓને ઝડપી લીધા હતા.

પોલીસની પૂછપરછમાં આરોપીઓની મોડસ ઓપરેન્ડીનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. આ ગેંગ ફેસબુક પર અલગ-અલગ નામે ફેક આઈડી બનાવી પુરુષો સાથે મિત્રતા કેળવતી અને ત્યારબાદ વોટ્સએપ પર વાતચીત કરી તેઓને હોટલમાં મળવા બોલાવતી હતી. શિકાર ત્યાં પહોંચે એટલે તરત જ ગેંગના અન્ય સાગરીતો આવીને મારમારી તથા લૂંટ ચલાવી ફરાર થઈ જતા હતા. પકડાયેલા આરોપીઓમાં વિજાપુરનો મુખ્ય માસ્ટરમાઇન્ડ પિયુષ પ્રવિણભાઇ પટેલ, પાલનપુરનો જગદીશ ઉર્ફે જે.ડી. પટેલ, યશ પટેલ, મુસ્તુફા ઉર્ફે કાલુ પઠાણ, સલીમ ચૌહાણ (અમદાવાદ), તાહીર શેખ, આફતાબ પઠાણ, વિક્રમજી ઠાકોર અને અન્ય બે મહિલાઓનો સમાવેશ થાય છે તેમ જણાવ્યું હતું. હાલમાં લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા પકડાયેલા તમામ ૧૦ આરોપીઓને આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે હિંમતનગર ગ્રામ્ય પોલીસના હવાલે કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. ■

# ધોળકામાં આકાશી આફતમાં નાગરિકોની મદદે આવ્યું મહેસાણાનું સ્ટાર્ટઅપઃ 'ડ્રોન' બન્યા દેવદૂત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાજેતરમાં પડેલા મુશળધાર વરસાદના કારણે સર્જાયેલી પૂરની ગંભીર પરિસ્થિતિમાં વહીવટી તંત્રની સાથે સાથે હવે આધુનિક ટેકનોલોજી પણ મદદે આવી પહોંચી હતી. જિલ્લાના ધોળકા વિસ્તારમાં પાણી ભરાવાના કારણે વિવિધ વિસ્તારોમાં અને શાળામાં બાળકો તથા સ્થાનિક નાગરિકો ફસાઈ ગયા હતા. આ સ્થિતિમાં ફસાયેલા માસુમ બાળકો અને નાગરિકોને સલામત રીતે બહાર કાઢવા તેમજ તેમના સુધી તાત્કાલિક જીવનજરૂરી મદદ પહોંચાડવા માટે મહેસાણા સ્થિત સ્ટાર્ટઅપ પ્રાઈમ યુએવીની વિશેષ નિષ્ણાત ડ્રોન રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે રવાના થઈ હતી.

મળતી વિગતો અનુસાર, પૂરના પાણી ઘૂંટણસમાથી પણ વધુ ઊંડા હોવાના કારણે વાહનો જઈ શકે તેમ ન હતા.

આવી પરિસ્થિતિમાં પ્રાઈમ યુએવીની ટીમે સ્થાનિક તંત્ર અને રાહત ટીમો સાથે મળીને ટ્રેક્ટર તેમજ હોડી મારફતે પોતાના અત્યાધુનિક ડ્રોન અને ઓપરેટિંગ સિસ્ટમને પૂરગ્રસ્ત વિસ્તારના મુખ્ય પોઈન્ટ સુધી પહોંચાડ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલી ટીમે દિવસ-રાત જોયા વિના સતત કામગીરી હાથ ધરી હતી. રાત્રિના ઘનઘોર અંધારામાં પણ વિઝિબિલિટી ધરાવતા સર્વેલન્સ અને રેસ્ક્યૂ ડ્રોન આકાશમાં ઉડાડીને ગ્રાઉન્ડ લેવલ પર પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી હતી.

પૂરના પાણીમાં ફસાયેલા લોકો અને બાળકોનું ચોક્કસ લોકેશન ડ્રોનના જીપીએસ અને કેમેરા ટ્રેકિંગ દ્વારા ત્વરિત શોધી કાઢવામાં આવ્યું હતું. સમગ્ર ધોળકા પૂરગ્રસ્ત વિસ્તાર તેમજ પાણીમાં ગરકાવ થયેલા રસ્તાઓ અને મકાનોની સ્થિતિ પર રિયલ-ટાઇમ નજર રાખવામાં આવી હતી, જેથી રેસ્ક્યૂ બોટ અને એનડીઆરએફ અને સ્થાનિક ટીમોને સાચો માર્ગ દર્શાવી શકાય. ડ્રોન નીચે ખાસ તૈયાર કરાયેલા સુરક્ષિત કસ્ટમ બોક્સ/કમ્પાર્ટમેન્ટમાં પીવાનું શુદ્ધ પાણી અને વોટરપ્રૂફ પેકિંગ ધરાવતા ફૂડ પેકેટ્સ મુકીને જે વિસ્તારોમાં બોટ કે ટ્રેક્ટર સીધા પહોંચી શકતા ન હતા, ત્યાં હવામાંથી જ સલામત રીતે સામગ્રી પહોંચાડવામાં આવી હતી.

આ સમગ્ર રેસ્ક્યૂ અને રિલિફ ઓપરેશન 'પ્રાઇમ યુ.એ.વી.'ના કર્મીઓ તદ્દન સ્વૈચ્છિક રીતે અને સામાજિક જવાબદારી તેમજ માનવતાના ઉત્કૃષ્ટ ભાવ સાથે હાથ ધરવામાં આવ્યું હતું. ■

# અમદાવાદ-વિરમગામ હાઈ-વે મોટા વાહનો માટે ખૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વરસાદને કારણે ગુજરાતના ઘણા મહત્વના હાઈ વે બંધ કરી દેવાની ફરજ પડી હતી. રોડ રસ્તાઓ પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો ત્યારે શનિવારે સાંજથી અમદાવાદ-વિરામગામ વચ્ચેનો વાહન વ્યવહાર ફરી કાર્યરત થતા લોકોને રાહત થઈ હતી. જોકે સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર માત્ર મોટા વાહનોને જ અવરજવર કરવાની પરવાનગી મળી હતી. અમદાવાદ શહેરને સાણંદ થઈને વિરમગામ સાથે જોડતો હાઇવે જિલ્લા પોલીસ દ્વારા ફરીથી ખુલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. અમદાવાદને વિરમગામ સાથે જોડતો હાઇવે, જે અમદાવાદને સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લાઓ સાથે જોડે છે, તે શુક્રવારે સાંજે બંધ કરી દેવામાં આવ્યો હતો.

જિલ્લા પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર ૨૪ કલાક પહેલા જ વાહનવ્યવહાર ચાલુ કરવામાં આવ્યો છે. જોકે ટુ-વ્હીલરને પરવાનગી આપવામાં આવી નથી. ■

# અમદાવાદના માત્ર છ વૉર્ડમાં ૬,૬૪૦ શ્વાન, મનપાએ પહેલા તબક્કાની ગણતરી પૂરી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાનગરપાલિકાએ રખડતા શ્વાનોની ગણતરીનો પ્રથમ તબક્કો પૂર્ણ કર્યો છે, જેમાં છ વોર્ડમાં ૬,૬૪૦ શ્વાન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઇસનપુરમાં રખડતા શ્વાનની સૌથી વધુ સંખ્યા ૨,૩૪૪ નોંધાઈ છે, જ્યારે દાણીલીમડામાં સૌથી ઓછી ૪૫૬ છે.

સર્વે કરાયેલા અન્ય વોર્ડમાંથી, બહેરામપુરામાં ૧,૨૩૭, પાલડીમાં ૧,૦૭૦, નારણપુરામાં ૯૮૧ અને ખોખરામાં ૫૫૨ શ્વાન નોંધાયા છે. શહેરના ૪૮ વૉર્ડમાં સર્વે કરવા માટેની શરૂઆત ૪ એપ્રિલ, ૨૦૨૬થી કરવામાં આવી હતી. હજુ સર્વે પૂરો થતા ૧૦ મહિનાનો સમય લાગશે.

આ સર્વેનો ખર્ચ પ્રતિ વોર્ડ રૂ. ૬૨,૦૦૦ છે. આ સર્વે મહાનગરપાલિકાને નસબંધી અભિયાનની યોજના બનાવવામાં અને ૨૦૩૦ સુધીમાં અમદાવાદને હડકવા મુક્ત બનાવવામાં મદદરૂપ બનશે, તેમ માનવામાં આવે છે.

છ વોર્ડમાં ગણતરી કરાયેલા ૬,૬૪૦ શ્વાનમાંથી ૩,૯૪૫ નર અને ૨,૦૭૮ માદા શ્વાન છે. સર્વેમાં ૨૭ સ્તનપાન કરાવતી માદા અને ૯૨ ગલુડિયાઓ પણ નોંધાયા હતા. અધિકારીઓએ સર્વે દરમિયાન ૩૧૭ સ્ટરિલાઈઝ ન કરાયેલા નર શ્વાન અને ૧૬૭ માદા શ્વાનની ઓળખ કરી હતી.

**પેટ ડૉગ્સના કરડવાના કેસ પ્રકાશમાં આવ્યા બાદ મનપાએ પેટ ડૉગ્સનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવ્યું હતું**

મહાનગરપાલિકાએ અત્યાર સુધીમાં શહેરમાં ૭,૯૫૨ રખડતા શ્વાનોને માઇક્રોચિપ કર્યા છે, તેવી માહિતી મનપાના સૂત્રોએ આપી હતી.

શહેરમાં શ્વાન કરડવાના વધતા કેસ પણ ગણતરીનું એક કારણ છે. મળતી માહિતી અનુસાર

જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન, અમદાવાદમાં ૨૪,૨૦૩ શ્વાન કરડવાના કેસ નોંધાયા હતા, જે ૨૦૨૫ના સમાન સમયગાળા દરમિયાન ૨૦,૧૧૫ કેસ કરતા ૨૦.૩% વધુ છે. એક વર્ષમાં, શ્વાન કરડવાના કેસ આ જાન્યુઆરીમાં ૭,૪૫૩ થી વધીને ૮,૩૫૪ થયા, ફેબ્રુઆરીમાં ૬,૨૭૮થી વધીને ૭,૭૫૩ અને માર્ચમાં ૬,૩૮૪ થી વધીને ૮,૧૮૬ થયા હતા.

પેટ ડૉગ્સના કરડવાના કેસ પ્રકાશમાં આવ્યા બાદ મનપાએ પેટ ડૉગ્સનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવ્યું હતું. સૂત્રો અનુસાર અત્યાર સુધીમાં, ૧૭,૨૨૬ માલિકોએ શહેરમાં ૧૯,૫૮૨ પેટ ડૉગ્સની નોંધણી કરાવી છે. સૌથી વધુ નોંધણી પશ્ચિમ ઝોનમાંથી ૪,૯૫૦ શ્વાનની થઈ છે, ત્યારબાદ ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૪,૦૭૦, પૂર્વ ઝોનમાં ૨,૮૨૮, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૨,૬૧૭, દક્ષિણ ઝોનમાં ૨,૩૫૬, ઉત્તર ઝોનમાં ૧,૯૮૫ અને મધ્ય ઝોનમાં ૭૭૬ શ્વાનની નોંધણી થઈ છે. ■

# સિડનીના એનઆરઆઈના ₹ ૧૧ લાખ અમરેલી પોલીસે પાછા અપાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી પોલીસે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં બેસેલા એક એનઆરઆઈના રૂ. ૧૧ લાખ પરત અપાવ્યા હોવાના કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાનાં સિડની શહેરમાં સ્થાયી થયેલા એક બિન-નિવાસી ભારતીય (એનઆરઆઈ)એ તેમની સાથે થયેલી છેત્તરપિંડી સંબધિત એક ઇ-મેઇલ દ્વારા અમરેલી પોલીસને ફરિયાદ કરતા, પોલીસે માત્ર થોડા જ દિવસોમાં ફરિયાદીએ ગુમાવેલા રૂ. ૧૧ લાખ પરત અપાવ્યા હતા. અમરેલી પોલીસની આ ત્વરિત કામગિરીથી ફરિયાદી પ્રભાવિત થઇ ગયા હતા અને પોલીસનો આભાર વ્યક્ત કરતો એક ઇ-મેઇલ કર્યો હતો. ઘટનાની વિગત અનુસાર સિડની સ્થિત ભારતીય નાગરિક સૌરભ જોલીએ અમરેલી જિલ્લા પોલીસ વડા (એસપી)ને જુન (૨૦૨૬)માં ઇ-મેઇલ કરી તેમની સાથે થયેલી રૂ ૧૧ લાખની છેત્તરપિંડીની ફરિયાદ કરી હતી.

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના જણાવ્યા અનુસાર, મૂળ નવી દિલ્હીના રહેવાસી અને હાલ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહેતા સૌરભ જોલીએ સોનું ખરીદવા માટે એપ્રિલ (૨૦૨૬) અમરેલીના એક વ્યક્તિને ૧૧ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જોકે, પેમેન્ટ થઇ ગયુ હોવા છતાં તેમને સોનું ક્યારેય મળ્યુ નહોતુ. જ્યારે તેમણે ફરિયાદ નોંધાવી ત્યારે જોલી ઓસ્ટ્રેલિયામાં હતા. નાણા મેળવનાર વ્યક્તિ અમરેલીમાં રહેતા હતા.

સંજય ખરાતે વધુમાં જણાવ્યું હતું કે અમને ફરિયાદી દ્વારા જુન મહિનામાં ઇ-મેઇલ મળતાં જ તાત્કાલિક તપાસ શરૂ કરી હતી અને તેમને પૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. અમારી સાયબર ક્રાઇમ ટીમે સંબંધિત બેંક સાથે સંકલન સાધ્યું, સતત કેસની તપાસ કરી અને તપાસ દરમિયાન ફરિયાદીને પણ સતત માહિતગાર રાખ્યા હતા.

અમરેલી પોલીસના આ પ્રયાસોના પરિણામે ફરિયાદીને તેમના પુરા ૧૧ લાખ રૂપિયા પરત મળી ગયા હતા. અમરેલી પોલીસની આ ત્વરિત કામગિરી વિશે સૌરભ જોલીએ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હજારો કિલોમીટર દૂર હોવા છતાં તેમને ક્યારેય એવું ન લાગ્યું કે તેઓ તપાસથી અલગ છે.

તેમણે પોલીસ ટીમની ઝડપી કમ્યુનિકેશન, તેમના પ્રશ્નોના નિવારણ માટે દર્શાવેલી ધીરજ અને વ્યવસ્થિત અભિગમની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે આનાથી પોલીસિંગ સિસ્ટમમાં તેમનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે. તેમણે ઉમેર્યું હતું કે આ અનુભવે ગુજરાત પોલીસની વ્યાવસાયિકતા અને અસરકારકતામાં તેમનો વિશ્વાસ વધુ દ્રઢ કર્યો છે.

# ગ્રામીણ ઘરવિહોણા કુટુંબોને ઘર બાંધવા માટે ફાળવાયેલા મફત પ્લોટ સમતળ કરવાની સહાયમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગ્રામ્ય ઘરવિહોણા પરિવારો જ્યાં મફત રહેણાંક પ્લૉટ ફાળવવામાં આવશે ત્યાં જમીન સમતળ કરવા માટે મળતી સહાયમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગામડાઓમાં રહેણાંક માટે યોગ્ય જમીન તૈયાર કરવાનું કામ વધુ સરળ બનશે અને પરિવારોને ઘર બાંધવામાં આર્થિક રાહત મળશે.

રાજ્ય સરકારે અગાઉના ઠરાવમાં સુધારો કરીને ઘરવિહોણા ગ્રામીણ કુટુંબોને મકાન બાંધવા માટે ફાળવાયેલ મફત પ્લૉટ દીઠ જમીન વિકાસ / સમતળ ખર્ચ તરીકે મળતી સહાય રૂ. ૧,૦૦૦ પરથી વધારીને રૂ. ૫,૦૦૦ કરી છે. એટલું જ નહીં, ગામતળમાં મફત પ્લોટ ફાળવવા માટેની ખાડા-ટેકરાવાળી જમીન સમતળ કરવા માટે પ્રતિ હેક્ટર મળતી સહાય રૂ. ૫૦,૦૦૦ થી સીધી રૂ. ૨ લાખ સુધી વધારવાનો નિર્ણય કર્યો છે. એટલે કે પ્લૉટ સમતળ સહાયમાં પાંચ ગણો અને જમીન સમતળ સહાયમાં ચાર ગણો વધારો કરીને રાજ્ય સરકારે ગ્રામ્ય આવાસ વિકાસને નવી દિશા આપી છે.

રાજ્ય સરકારે વર્ષોથી ગ્રામ્ય વિસ્તારોના ઘરવિહોણા પરિવારોને ૧૦૦ ચોરસ વારના મફત રહેણાંક પ્લૉટ ફાળવવાની યોજના અમલમાં મૂકી રહી છે. નવા સુધારા દ્વારા આ યોજનાને વધુ અસરકારક અને વ્યવહારુ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી લાભાર્થીઓને માત્ર પ્લૉટ જ નહીં પરંતુ મકાન બાંધવા માટે યોગ્ય અને સમતળ જમીન પણ ઉપલબ્ધ થઈ શકે. ■

## સંસ્થા સમાચાર

### ગુરુવંદનમ્‌ના અંતરનાદ સાથે હજારો ભાવિકોએ રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ચાતુર્માસ પ્રવેશને વધાવીને ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવ્યો



આત્માની આરાધના દ્વારા મનોશુદ્ધિનો સંદેશ પ્રસરાવતા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં પારસધામ, ઘાટકોપર ખાતે આત્મ આરાધ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશ અને ગુરુપૂર્ણિમા મહોત્સવ અત્યંત ભવ્યતા, દિવ્યતા અને ગુરુભક્તિના માહોલ વચ્ચે ઉજવાયો.

આ અવસરે સંઘો, સુપ્રીમ કોર્ટના ફોર્મર ચીફ જસ્ટિસ શ્રી ભૂષણજી ગવઈ સાથે રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રની અગ્રણી હસ્તીઓ તેમ જ દેશ-વિદેશના હજારો ભાવિકો પ્રત્યક્ષ અને લાઈવ પ્રસારણ દ્વારા જોડાયા હતા.

સમગ્ર ચાતુર્માસના લાભાર્થી શ્રી શાહ પરિવારનું સન્માન, ગુરુપ્રાણ આગમ બત્રીસીની પાંચ નવી આવૃત્તિનું વિમોચન તથા ''ચાર ગતિ'' અને ''લુક એન્ડ લર્ન સ્ટોરી બુક''નું વિમોચન કરવામાં આવ્યું.

માનવતાના અનોખા પ્રકલ્પરૂપે પાંચ નવી અર્હમ એનિમલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ, ૧૦૦૦ વિદ્યાર્થીને બાઈસિકલ અને ૪૦ દિવ્યાંગ ભાવિકને ઈ-બાઈકની અર્પણતા કરવામાં આવી. સાથે જ ''ગુરુ પ્રસાદ'' અભિયાનમાં સેવા આપનારા સેવાભાવી ભાવિકોનું પણ સન્માન કરવામાં આવ્યું.

ગુરુ મહાનાદ, ભાવિકોની જીવનપરિવર્તનની અનુભૂતિઓ, કોલકાતાના ગુરુભક્તોની પ્રસ્તુતિ, શ્રી ઐશ્વર્યજી નિગમની ભક્તિ સ્તવના અને ગુરુકૃપાને અભિવ્યક્ત કરતી ''ધ અનસીન હેન્ડઝ'' નાટિકાની હૃદયસ્પર્શી રજૂઆત સાથે આ દિવ્ય અવસર પૂર્ણ થયો અને આત્મ આરાધ્ય ચાતુર્માસનો મંગલમય પ્રારંભ થયો. ■

# નાશિક જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભૂકંપના હળવા આંચકા અનુભવાયા, જાન-માલનું નુકસાન નહિવત્

નાશિકઃ મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાં શનિવાર મોડી રાતથી રવિવાર વહેલી સવાર સુધી ભૂકંપના કેટલાક હળવા આંચકા અનુભવાયા હતા. જોકે, તેનાથી કોઈ જાનહાનિ કે સંપત્તિને મોટું નુકસાન થયું નથી. નાશિકના કલેક્ટર આયુષ પ્રસાદે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ ભૂકંપના આંચકાઓને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે જોખમી ઈમારતોની તપાસ કરવાના નિર્દેશો આપ્યા છે, જેમાં ભૂસ્ખલનની શક્યતાવાળા વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. નાશિક સ્થિત મહારાષ્ટ્ર એન્જિનિયરિંગ ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે જણાવ્યું હતું કે આ આંચકાઓની તીવ્રતા લગભગ ૩.૬ જેટલી નોંધવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, શનિવારે સવારે સુરગણા તાલુકામાં અનુભવાયેલા આંચકાઓ ઉપરાંત, શનિવારની મોડી રાતથી રવિવારની વહેલી સવાર દરમિયાન કલવણ, સુરગણા, દિંડોરી અને પેઠ તાલુકામાં પણ ભૂકંપના વધુ આંચકા અનુભવાયા હતા. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારીએ જણાવ્યું હતું કે, શનિવારે રાત્રે લગભગ ૧૧.૫૬ વાગ્યે કલવણ તાલુકાના દલવત તેમ જ દિંડોરી તાલુકાના નાનાશી અને બડગીચા પાડા વિસ્તારોમાં હળવા આંચકા અનુભવાયા હતા. ■

# પ્રદર્શનકારીઓ પર કાર્યવાહી માટે અમિત શાહ જવાબદારઃ રાઉત

મુંબઈ : રવિવારે તિરંગા વિજય મોર્ચામાં શિવસેના (યુબીટી)ના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે જંતર-મંતર ખાતે આંદોલન દરમિયાન પ્રદર્શનકારીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહીને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને જવાબદાર ઠેરવ્યા હતા. રાઉતે આરોપ લગાવ્યો કે પોલીસ કાર્યવાહીમાં વિદ્યાર્થીઓ સાથે મારપીટ કરવામાં આવી અને મહિલાઓ સાથે દુર્વ્યવહાર પણ થયો હતો.

આ ઘટનાને પગલે સુરક્ષા દળો દ્વારા કથિત બળપ્રયોગ અને પેલેટ ગનના ઉપયોગના આક્ષેપો કરાયા હતા. જોકે, દિલ્હી પોલીસે પ્રદર્શનકારીઓ સામે પેલેટ ગનનો ઉપયોગ કરાયો હોવાના આરોપોને નકારી કાઢ્યા છે.

રાઉતે કહ્યું કે દેશમાં જે કંઈ ખરાબ અને અલોકતાંત્રિક ઘટના બની રહી છે, તેના માટે અમિત શાહ જવાબદાર છે. તેમણે વધુમાં દાવો કર્યો કે અમિત શાહ દેશના નાયબ વડાપ્રધાન અને ત્યારબાદ વડાપ્રધાન બનવા ઈચ્છે છે અને તેથી તેઓ વડાપ્રધાનને બદનામ કરીને તેમને પદ પરથી હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. (પીટીઆઈ)■

# નાલાસોપારામાં બિલ્ડર સાથે પાંચ લાખ રૂપિયાની છેતરપિંડીઃ બે સામે ગુનો

પાલઘરઃ પાલઘર જિલ્લાના નાલાસોપારામાં જાણીતી સિમેન્ટ ઉત્પાદન કંપનીના પ્રતિનિધિના સ્વાંગમાં બિલ્ડર સાથે પાંચ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ બે જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

નાલાસોપારા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે શુક્રવારે ફરિયાદ નોંધવામાં આવી હતી, જેને આધારે બે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ડિસેમ્બર, ૨૦૨૫માં આ છેતરપિંડી આચરાઇ હતી.

બિલ્ડર તેના બાંધકામ વ્યવસાય માટે બ્રાન્ડેડ સિમેન્ટ માટે ઓનલાઇન સર્ચ કરી રહ્યો હતો ત્યારે તેને એક વ્યક્તિનો કૉલ આવ્યો હતો, જેણે પોતાની ઓળખ સિમેન્ટ કંપનીના સેલ્સ મેનેજર તરીકે આપી હતી. તેણે બાદમાં કલ્પેશ સિંહા નામના શખસ સાથે બિલ્ડરની વાત કરાવી હતી. કલ્પેશે પોતે સિમેન્ટ કંપનીનો સેલ્સ અને ડિસ્પેચ મેનેજર હોવાનો દાવો કર્યો હતો.

આરોપીઓએ બાદમાં ફરિયાદીને ઇમેઇલ દ્વારા બોગસ જીએસટી સર્ટિફિકેટ, નકલી પેનકાર્ડની વિગતો, બોગસ પ્રોફોર્મા ઇન્વોઇસીસ તથા અન્ય દસ્તાવેજો મોકલ્યા હતા.

ફરિયાદીએ ત્યાર બાદ સિમેન્ટની બે હજાર બેગનો ઓર્ડર આપ્યો હતો અને આરોપીઓએ આપેલા બૅંક ખાતામાં પાંચ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. (પીટીઆઇ)■

# ભૂતપૂર્વ એસઆઇડીબીઆઇ અધિકારીએ શૅર ટ્રેડિંગ ફ્રોડમાં ૬૫.૧૯ લાખ ગુમાવ્યા

થાણેઃ નવી મુંબઈના સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેન્ક ઑફ ઇન્ડિયા (એસઆઇડીબીઆઇ)ના ૭૩ વર્ષના ભૂતપૂર્વ જનરલ મેનેજરે ઓનલાઇન શૅર ટ્રેડિંગ ફ્રોડમાં ૬૫.૧૯ લાખ રૂપિયા ગુમાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

નવી મુંબઈના ખારઘર વિસ્તારમાં રહેતા ફરિયાદીનો મોબાઇલ નંબર આરોપીએ ૨૩ જૂને વ્હૉટ્સઍપ ગ્રૂપમાં ઍડ કર્યો હતો અને ગ્રૂપના એડમિને સ્ટોક ટ્રેડિંગમાં રોકાણ પર બમણા વળતરનું વચન આપ્યું હતું. ગ્રૂપના લોગોને કારણે ફરિયાદીએ તેના પર વિશ્વાસ રાખ્યો હતો.

આરોપીએ બાદમાં ફરિયાદીને લિંક મોકલી હતી અને ફૅક એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે કહ્યું હતું. તેમણે સેબીનું બનાવટી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ શૅર કરીને ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. ૩૦ જૂનથી ૨૨ જુલાઇ દરમિયાન આરોપીએ આપેલા વિવિધ બૅંક અકાઉન્ટસમાં ફરિયાદીએ ૬૫.૧૯ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

દરમિયાન ઍપમાં ૧૨.૪ કરોડ રૂપિયા બેલેન્સ દર્શાવવામાં આવ્યું હતું અને ફરિયાદીએ જ્યારે પૈસા કાઢવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે તેની પાસેથી વધુ ૨૭ લાખ રૂપિયાની માગણી કરવામાં આવી હતી અને પૈસા ન ચૂકવે તો અકાઉન્ટ ફ્રીઝ કરવાની ધમકી આપવામાં આવી હતી. (પીટીઆઇ)■

# વર્સોવામાં માતા-પિતા પર ચાકુથી હુમલોઃ પુત્રની ધરપકડ

મુંબઈઃ વર્સોવા વિસ્તારમાં ઘરેલું બાબતને લઇ થયેલા ઝઘડા બાદ માતા-પિતા પર ચાકુથી હુમલો કરવા બદલ ૨૭ વર્ષના પુત્રની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર વર્સોવામાં યારી રોડ પર માણિક મોતી અપાર્ટમેન્ટમાં શનિવારે આ ઘટના બની હતી. પોલીસે આ પ્રકરણે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને નબીલ અજાઝ કુરેશી (૨૭)ની ધરપકડ કરી હતી. નબીલ કુરેશીને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. નબીલ કુરેશી બેરોજગાર હતો અને ઘણા સમયથી ડિપ્રેશનને કારણે તેની સારવાર ચાલી રહી હતી. જોકે છેલ્લા પંદર દિવસથી તે દવા લેતો નહોતો. શનિવારે નબીલ ઘરમાં હાજર હતો ત્યારે તેનાં માતા-પિતા વચ્ચે ઘરેલું બાબતોને લઇ ઝઘડો થયો હતો. ઝઘડાને કારણે નબીલ માતા-પિતા પર ગુસ્સે થયો હતો અને બાદમાં તેણે બંને પર ચાકુથી હુમલો કર્યો હતો, જેમાં બંનેને ઇજા પહોંચી હતી અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયા હતા. આ ઘટના બાદ નબીલ વિરુદ્ધ તેના નાના ભાઇ હાજીક કુરેશીએ વર્સોવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને નબીલની ધરપકડ કરી હતી અને તેની પૂછપરછ ચાલી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# નાશિકમાં વરસાદઃ ડેમમાં કુલ પાણીનો જથ્થો ૭૯.૦૬ ટકાએ પહોંચ્યો

નાશિકઃ નાશિકમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે ડેમમાં કુલ પાણીનો જથ્થો ૭૯.૦૬ ટકાએ પહોંચ્યો છે, જેમાં શહેરને પાણી પૂરું પાડતા ગંગાપુરનો આંકડો ૮૪.૫૧ ટકા છે, એમ એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ રવિવારે સાંજે ૫.૩૦ વાગ્યા સુધીમાં શહેરમાં ૩૭.૬ મિલીમીટર વરસાદ પડ્યો હતો. બાગલાન તાલુકાના અજમેર સૌંદાણેમાં વરસાદ દરમ્યાન ખેતરમાં પાણીનો પંપ શરૂ કરતી વખતે વીજ કરંટ લાગવાથી એક ખેડૂતનું મોત થયું હતું. બે વ્યક્તિઓને ઈજા થઈ હતી. કુલ ૩૨ ઘરોને નુકસાન થયું છે. લગભગ ૮૦ હેક્ટર જમીનને અસર થઈ છે. નુકસાન મૂલ્યાંકન સર્વેક્ષણ ચાલુ છે. અધિકારીએ જણાવ્યું હતું કે પૂરની પરિસ્થિતિને કારણે ૪૨૯ લોકોને જેમાં મોટાભાગે નિફાડ તાલુકામાં છે, સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ઓઝરમાં બાણગંગા નદીનું પાણીનું સ્તર વધી રહ્યું છે, અને તેના કિનારા પર રહેતા લોકોને ચેતવણી આપવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# થાણેમાં બહુમાળીય ઈમારતમાં આગઃ ૭૦થી વધુ રહેવાસીઓને બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે પશ્ચિમમાં ગ્રાઉન્ડ પ્લસ ૧૬ માળની બિલ્ડિંગમાં ઈલેક્ટ્રિ ડક્ટમાં લાગેલી આગ દરમ્યાન બિલ્ડિંગમાં ૭૦થી વધુ ફસાઈ ગયેલા રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં ફાયરબ્રિગેડને સફળતા મળી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ થાણે પશ્ચિમમાં શિળ ફાયર બ્રિગેડ સ્ટેશન સામે ગ્રાઉન્ડ પ્લસ ૧૬ માળની સનરાઈસ ગ્લોરી નામની બિલ્ડિંગ આવેલી છે. રવિવારે સવારના લગભગ ૯.૨૦ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના પહેલા માળથી છઠ્ઠા માળ સુધીના ઈલેક્ટ્રિક ડક્ટમાં આગ લાગી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના બે ફાયર એન્જિન સહિત બે રેસ્ક્યૂ વેહિકલ સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને પાવર વિતરણના કર્મચારીઓ પહોંચી ગયા હતા.

બિલ્ડિંગના ડક્ટમાં લાગેલી આગથી મોટા પ્રમાણમાં ધુમાડો નીકળવાને કારણે બિલ્ડિંગના ઉપરના માળા પર લગભગ ૭૦થી ૮૦ રહેવાસીઓ ફસાઈ ગયા હતા. તેમને ફાયરબ્રિગેડે સુરિક્ષત રીતે બહાર કાઢ્યા હતા. તો આગ લાગ્યા બાદ વીજ પુરવઠો બંધ કરવાને કારણે બિલ્ડિંગના છઠ્ઠા માળા પર લિફ્ટમાં ફિરોઝ ખાન નામની વ્યક્તિ ફસાઈ ગઈ હતી, તેને ફાયરબ્રિગેડે સુરક્ષિત રીતે લિફ્ટમાંથી બહાર કાઢ્યો હતો. ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડે આગને ઉપરના માળા સુધી ફેલાતા અટકાવી હતી અને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. ■

# ન્યૂ ઝીલેન્ડ મોકલાઇ રહેલા ત્રણ કુરિયર પાર્સલમાંથી પાંચ કરોડનું ડ્રગ્સ જપ્તઃ ચેન્નઇથી એકની ધરપકડ

મુંબઈઃ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)ના મુંબઈ ઝોનલ યુનિટે ઇન્ટરનેશનલ ડ્રગ ટ્રાફિકિંગ નેટવકનો પર્દાફાશ કર્યો હતો અને ન્યૂ ઝીલેન્ડ મોકલાઇ રહેલા ત્રણ કુરિયર પાર્સલમાંથી પાંચ કરોડ રૂપિયાનું ઇફેડ્રીન જપ્ત કર્યું હતું. આ પ્રકરણે ચેન્નઇથી એક વ્યક્તિની ધરપકડ કરાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એનસીબીના અધિકારીઓએ આધારભૂત સૂત્રો પાસેથી મળેલી માહિતીને આધારે ૨૧ જુલાઇ અને ૨૫ જુલાઇએ બે કુરિયર પાર્સલને આંતર્યા હતા. બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરી બૂક કરાયેલા પાર્સલ ન્યૂ ઝીલેન્ડ મોકલવામાં આવી રહ્યા હતા. તપાસ દરમિયાન અધિકારીઓને પાર્સલમાંથી ફ્લોર મેટ અને કપડાંનો રોલ મળી આવ્યા હતા. તેની બારીકાઇથી તપાસ કરાતાં મેટ અને કપડાંના રોલની વચ્ચે વ્યવસ્થિત રીતે છુપાવેલું સાત કિલો ઇફેડ્રીન મળી આવ્યું હતું. બીજી તરફ દસ્તાવેજોની તપાસ કરાતાં તે બોગસ હોવાનું જાણવા મળ્યું હતું. પાર્સલ મોકલનારની તપાસનું પગેરું ચેન્નઇના ટ્રિપ્લિકેન વિસ્તારમાં તસ્કર એસ. હમીદના ઘર સુધી દોરી ગયું હતું.

હમીદના ઘરમાંથી પેકિંગ મટિરિયલ્સ, ડિજિટલ વજનનું મશીન, હીટ સીલિંગ મશીન, પ્લાસ્ટિક બેગ, બોગસ આઇડી કાર્ડ, ડિજિટલ ગેજેટ્સ મળી આવ્યાં હતા.

હમીદે ન્યૂ ઝીલેન્ડ મોકલવા માટે બીજા બે પાર્સલ વિશે પૂછપરછમાં માહિતી આપી હતી, જેને પગલે પચીસમી જુલાઇએ કલ્યાણ ખાતે પાર્સલ અટકાવવામાં આવ્યું હતું. આ પાર્સલમાં બેડશીડ અને ફોટોફ્રેમ ન્યૂ ઝીલેન્ડ મોકલવાના હતા, જેની બારીકાઇથી તપાસ કરતાં તેમાંથી ૩.૯૯ કિલો ઇફેડ્રીન મળી આવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે તસ્કરો વિદેશમાં ડ્રગ્સ મોકલવા માટે આંતરરાષ્ટ્રીય કુરિયર બૂક કરવા બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કરતા હતા. એનસીબીને ગેરમાર્ગે દોરવા માટે કુરિયર પાર્સલ મુંબઈ, પુણે જેવા શહેરમાં બુક કરવામાં આવતાં હતાં. ઇફેડ્રીનના સ્રોતોની શોધ ચાલુ છે. હમીદના સાગરીતો વિશે પણ માહિતી મળી છે, જેમની શોધ ચલાવવામાં આવી રહી છે.

ઇફેડ્રીન ઉત્તેજક ડ્રગ્સ છે, જેનો ઉપયોગ ગેરકાયદેસર રીતે મેથામ્ફેટામાઇન બનાવવા માટે પ્રાથમિક ઘટક તરીકે થાય છે, જે અત્યંત નશીલું ન્યૂરોટોક્સિન છે. તેનું સેવન મગજમાં ન્યૂરોટ્રાન્સમીટરના સ્તરમાં ફેરફાર કરે છે, જેનાથી એવો નશો ચઢે છે કે સ્વાસ્થ્યને ગંભીર અસર કરે છે. અમુક કિસ્સામાં મૃત્યુ પણ થઇ શકે છે, એમ અધિકારીએ કહ્યું હતું. ■

# ૨૦૧૭માં હાઈવે પર અકસ્માત બાદ દિવ્યાંગ બનેલા યુવકને ૧.૦૬ કરોડનું વળતર ચૂકવવાનો આદેશ

પાલઘરઃ પાલઘરમાં મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) વર્ષ ૨૦૧૭માં મુંબઈ-અમદાવાદ હાઇવે પર માર્ગ અકસ્માત બાદ દિવ્યાંગ બનેલા તેમ જ પથારીવશ થયેલા ૩૧ વર્ષના યુવકને ૧.૦૬ કરોડ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

એમએસીટીના સભ્ય એ. આર. રહાણેએ પીડિત યુવક ઋષભ વિજયકુમાર ચોપ્રાની કાર સાથે અથડાયેલા ટ્રેલરના માલિક અને વીમા કંપની ન્યૂ ઇન્ડિયા એશ્યુરન્સ કંપની લિમિટેડને અરજીની તારીખથી વાર્ષિક છ ટકા વ્યાજ સાથે સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે વળતર ચૂકવવા નિર્દેશ આપ્યા હતા.

ઋષભ ચોપ્રા હોટેલ મેનેજમેન્ટનો વિદ્યાર્થી હતો અને તે પરિવાર સાથે ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ કારમાં વાપીથી મુંબઇ આવી રહ્યો હતો. કાર તેના પિતા હંકારી રહ્યા હતા અને હાલોલી ગામની નજીક પૂરપાટ વેગે આવેલા ટ્રેલરે તેમની કારને અડફેટમાં લીધી હતી.

અકસ્માતમાં ઋષભના પિતાનું ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે ગંભીર ઇજાને કારણે ઋષભના શરીરના નીચેના ભાગમાં લકવો મારી ગયો હતો અને તે ૭૦ ટકા કાયમ માટે દિવ્યાંગ તેમ જ પથારીવશ થઇ ગયો હતો, એમ અરજીમાં જણાવાયું હતું.

વીમા કંપનીએ દાવાનો વિરોધ કર્યો હતો અને ઋષભના પિતા પર બેદરકારીનો આક્ષેપ કર્યો હતો. જોકે ટ્રિબ્યુનલે આ દલીલોને ફગાવી દીધી હતી અને નોંધ્યું હતું કે પોલીસે ટ્રેલરના ડ્રાઇવર વિરુદ્ધ પૂરપાટ અને બેદરકારીપૂર્વક વાહન હંકારવા બદલ ચાર્જશીટ દાખલ કરી હતી. ■

## હિન્દુ મરણ

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

કોળિયાક નિવાસી, હાલ ભાયંદર સ્વ. આણંદરાય લલ્લુભાઈ પારેખના સુપુત્ર બીપીન આણંદરાય પારેખ (ઉં. વ. ૬૩) ગુરુવાર, તા. ૨૩-૭-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કલ્પનાબહેનના પતિ. દિપિકા, કેતન, શૈલેષ તથા રાકેશના ભાઈ. ધર્મેશ તથા હર્ષિતના પિતા. તેમ જ કિંજલ, તથા શારદાનાં સસરા. તેમની સાદડી સોમવાર, તા. ૨૭-૭-૨૦૨૬, સાંજે ૪ થી ૬ રાખેલ છે. સસરાપક્ષેઃ સ્વ. હિંમતલાલ વ્રજલાલ દોશી પરિવાર તરફથી સાથે રાખેલ છે. સરનામુંઃ કપોળવાડી, ગીતાનગર, ભાયંદર (વેસ્ટ).

**વિસા સોરઠીયા વણિક**

ઓસાવાળા હાલ બોરીવલી સ્વ. પ્રભાવતીબેન તથા સ્વ. કરસનદાસ પુરુષોતમદાસ પારેખના પુત્ર મયૂરભાઇ (ઉં. વ. ૫૪) તે મિતાબેનના પતિ. જિલ તથા વ્રજના પિતા. પાર્થના સસરા. દેવાંગના મોટાભાઇ. પ્રફુલભાઇ, મહેન્દ્રભાઇ, સ્વ. પ્રવિણાબેન, લાભુબેન, રંજનબેન, જસીબેન, રસીલાબેનના ભત્રીજા. સ્વ. નિમુબેન મગનલાલ શાહના જમાઇ. તા. ૨૪-૭-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૭-૨૬ના સોમવારે, સાંજે ૫થી ૭. ઠે. વૃંદાવન ગાર્ડન, અડુકિયા રોડ, સોના ટોકીઝની બાજુમાં, કાંદિવલી (પશ્ચિમ).

**હાલાઇ ભાટીયા**

કમલેશ સુભાષ ઠાકરસી (ઉં. વ. ૫૫) તે સ્વ. શકુંતલા સુભાષ ઉદેશીના પુત્ર. પાયલના પતિ. દિશાંતના પિતા. નિકુંજ ઉદ્દેશીના મોટાભાઇ. તે સ્વ. ચંદ્રિકા તથા સ્વ. રમેશભાઇ જમાઇ તા. ૨૧-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચિખલીવાળા હાલ વસઇ ગં. સ્વ. જયાબેન ભૂપતરાય સંઘવીના પુત્રવધૂ. સ્વ. બીપીનભાઇ ભૂપતરાય સંઘવીના પત્ની ગં. સ્વ. હિનાબેન (ઉં. વ. ૭૫) અમિત (નિપા) મિતેશ (ભૂમિકા)ના માતુશ્રી. દિનેશ (રિટા), નવીન (મિના), ભદ્રેશ (માયા), ગં. સ્વ. મધુબેન જશવંતરાય દોશી અ. સૌ. જાગૃતિબેન અતુલભાઇ મોદીના ભાભી. ડુંગરવાળા તારાબેન ધરમદાસ મહેતાના દીકરી. સુભાષભાઇ, રમેશભાઇ, કિશોરભાઇ, ભાનુબેન, દક્ષાબેનના બહેન. તા. ૨૫-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૭-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ, ગુજરાતી સ્કૂલની બાજુમાં, માણિકપુર વસઇ (વેસ્ટ), બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. દમયંતીબેન વસનજી સુંદરજી ગંધા મોડવધરવાળાના સુપુત્ર રમેશભાઇ (ઉં. વ. ૭૯) હાલ કોપરખૈરણે નવી મુંબઇ તા. ૨૩-૭-૨૬ના રામશરણ પામેલ છે. રશ્મીબેનના પતિ. હાર્દિક, વિશાખાના પિતા. યોગીતાના સસરા. સ્વ. લીલાવંતીબેન તુલસીદાસ હરિરામ ખાટના જમાઇ. ચંદ્રશેનભાઇ, જિતેન્દ્રભાઇ, હરીશભાઇ, ચંદ્રબાળાબેન (પારુલ), કુસુમબેન શરદ દફતરીના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

સ્વ. મધુરી પ્રતાપસિંહ પુરેચાના પુત્ર અશ્વિન પ્રતાપસિંહ પુરેચા (ઉં. વ. ૭૦) તે હીના પુરેચાના પતિ. રાધિકા, રેણુના પિતા. પ્રથમેશ, આશિષના સસરા. વિઆન, જિઆના નાના. મહેશ, કલ્પનાના ભાઈ. સ્વ. માલતી જનકસિંહ વેદ (ઝાપાવાળા)ના જમાઈ. તાઃ ૨૩-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

હાથબ નિવાસી હાલ ભાયંદર જીતેન્દ્રભાઈ રતિલાલ પારેખ (ઉં. વ. ૯૩) તે ૨૫/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દિનબાળાબેનના પતિ. રાજીવ, દીપ્તિ, હર્ષા, હેમાના પિતાશ્રી. હિના, વિજય, સૌરભ, અમિતના સસરા. ચાર્મીના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવગામ વિશા દિશાવાળ વણિક**

વિસનગર નિવાસી હાલ કાંદિવલી, મુકેશ રમણલાલ શાહ (ઉં. વ. ૬૭), તા. ૨૫-૦૭-૨૬ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તે બીનાબેનના પતિ. નીરવના પિતા. ગુંજનના સસરા. સ્વ. સુરેશચંદ્ર, ગિરીશભાઈ, અશોકભાઈ અને ગીતાબહેનના ભાઈ. જયાબેન, માયાબેન, ઇલાબેનના દિયર. તેમની પ્રાર્થના સભા સોમવાર, તા. ૨૭-૦૭-૨૬ના રોજ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), ખાતે સાંજે ૫થી ૭ દરમ્યાન રાખવામાં આવી છે. પિયર પક્ષે સ્વ. અજીતભાઈ સુંદરલાલ શાહ તરફથી પણ પ્રાર્થના સભા સાથે રાખવામાં આવી છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

રોશન ફિરોઝ માદન (ઉં. વ. ૯૩) તા ૨૩ જુલાઇએ ગુજરી ગયા છે. તે ફિરોઝ રુસ્તમજી માદનના વાઇફ. શાપુરજી અને ધનમાઇ રાગીના દીકરી. શારૂખ અને પર્સીના મધર. શીલા, રોકસાનના સાસુ. સોલી, ખોરશેદ, ફારોખના બહેન.

જાલ રુસ્તમ આરિયા (ઉં. વ. ૮૭) તા. ૨૨ જુલાઇએ ગુજરી ગયા છે. તે મહેરના ભાઇ. રુસ્તમ અને રોશનના દીકરા.

## જૈન મરણ

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

મહાલક્ષ્મી માતાના પાડાના હાલ નેપિયન્સી રોડ, મુંબઇ મીનાબેન નિરંજનભાઇ શાહ તા. ૨૫-૭-૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અમૃતલાલ, સ્વ. શારદાબેનના પુત્રવધૂ. તથા સ્વ. મંજુલાબેન, સ્વ. પ્રતાપચંદ શાહના દીકરી. સમીર, અમીષીના માતા. રિન્કુ મિહિરભાઇના સાસુ. હીયા કહાનના દાદી. વંશીના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગરવાળા હાલ મુલુંડ સ્વ. હીરાબેન શાંતિલાલ જીવરાજ શાહના સુપુત્ર દેવેન્દ્રભાઇ (ઉં. વ. ૭૫) તા. ૨૪-૭-૨૬ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. ભાવનાબેનના પતિ. દિશા પરાગ, મૈત્રી મીહીરના સસરા. ઘીઆન, વિહાનના દાદા. બેંગલોર નિવાસી સ્વ. ચંદ્રાબેન કાંતિલાલ વનમાળીદાસ પારેખના જમાઇ. પ્રબોધ, સ્વ. મેના રસીકલાલ, સ્વ. ભારતી બીપીનભાઇ, પ્રવિણાબેન ચંદ્રકાંત, ચેતનાબેન કિરણકુમારના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**જામનગર અને હાલાર વિશા શ્રીમાળી જૈન**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર હરસુખલાલ જયંતિલાલ ભણસાલી (ઉં. વ. ૯૦) તે તા. ૨૬/૦૭/૨૬ ના રોજ અરિહંતશરણ થયેલ છે, તે સ્વ. જયંતિલાલ હીરાચંદ ભણસાલી અને સ્વ. બેન્કુવર બેનના સુપુત્ર. તે અ.સૌ. પ્રફુલ્લાબેનના પતિ. સ્વ.નિલેશ, રાજીવ અને ફાલ્ગુનીના પિતાશ્રી. પિનલ કુમાર અને ડિમ્પલના સસરા. સ્વ.બાબુભાઈ ભગવાનજી મહેતાના જમાઈ. પ્રાર્થના સભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ ભાયંદર. પ્રફુલભાઈ મણીલાલ શાહ (ઉં. વ. ૭૪) શુક્રવાર, તા. ૨૪-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઈલાબેનના પતિ. નેવ્યા ભાવેશ વોરા, જૈના વિરલ શાહ, રિદ્ધિ નિહીર બારભાયા અને રીના વિરેન વોરાના પિતાશ્રી. દેવાંશ, પ્રચીત અને ધૈર્યના નાના. સ્વ. મરઘાબેન મણીલાલ શાહના સુપુત્ર. સ્વ. ન્યાલચંદ માણેકચંદ નોલીવાળાના જમાઈ. સ્વ. વિનોદભાઈ, સ્વ. મુકેશભાઈ, હંસાબેન અનંતરાય, દિનાબેન નિતીનકુમારના ભાઈ. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. બી - ૧૮૦૪, સાઈ પ્લાઝા, ન્યુ ગોલ્ડન નેસ્ટ, ભાયંદર (ઈસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પુનડીના લિલેશ (બાબુભાઈ) હીરજી મામણીયા (ઉં. વ. ૬૬) તા. ૨૪-૭-૨૬ના અવસાન પામ્યા છે. કેસરબેન હીરજી ચાંપશીના સુપુત્ર. ચંદન (અશ્વિના)ના પતિ. દર્શન, ભક્તિના પિતાશ્રી. મુલચંદ, પ્રફુલ્લના ભાઈ. તુંબડીના સાકરબેન સુરજી વેલજી બૌઆના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુલચંદ મામણીયા : ૨૩૦૬, સેન્ટેલિયા, એકમે ઓઝોન ફેસ-૨, માનપાડા, ઘોડબંદર રોડ, થાણા-૪૦૦૬૧૦.

મેરાવાના કુસુમ ધીરજ વેલજી વીરા (ઉં. વ. ૬૭)નું તા.૨૫-૦૭-૨૬ ના અવસાન પામેલ છે. નેણબાઇ વેલજી વિરાના પુત્રવધુ. ધીરજની પત્ની. આધોઇના રૂપલ વિપુલ બોરીચા, જામનગરના શીતલ અમીત પીઠડીયાના માતાજી. મઠાબાઇ તલકશી દેવશીની પુત્રી. પરેશ, મધુ જયંતીલાલ લાલન, સુશીલા પ્રવિણ દેઢિયા, વિમળા કાંતિલાલ છેડા, સંસાર પક્ષે પ.પૂ. અર્ચનાબાઇ મહાસતીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. સરનામું : કુસુમ ધીરજ વીરા, બી-૨, રૂમ નંબર-૧૨, ઇન્દિરા કોલોની, હનુમાન નગર, કુરાર વિલેજ, મલાડ (ઇસ્ટ).

**ઝાલાવાડી વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કમળાપુર નિવાસી હાલ ગોરેગાંવ, સ્વ. જશવંતીબેન તથા જયંતિલાલ હરજીવનદાસ શાહના સુપુત્ર મયુર જયંતિલાલ શાહ (ઉં. વ. ૬૦) શર્મિલાબેનના પતિ. માનસી મિલનકુમાર માટલિયાના પિતા. દર્શિતના પિતા. વિવાનના નાનાજી તથા અલકેશ, મનીષ અને પ્રિતેશના ભાઈ. તેમજ વાંકાનેર નિવાસી હર્ષાબેન રજનીકાંત સંઘવીના જમાઈ. તા. ૨૬/૦૭/૨૦૨૬ (રવિવાર)ના રોજ અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામુંઃ ફ્લેટ નં. ૨૦૧, વિમલા નિવાસ, પ્લોટ નં. ૩૨૬, રોડ નં. ૧૭, જવાહર નગર, પંજાબ નેશનલ બેંક પાસે, ગોરેગાંવ (પશ્ચિમ).

# મુંબઈમાં કચરો ફેંકવાની જગ્યાઓ પર બને 'સીસીટીવી નિરીક્ષણ બૂથ': બોમ્બે હાઈ કોર્ટ

મુંબઈઃ મુંબઈ શહેરમાં જાહેર સ્થળોએ તેમજ રસ્તાઓ પર આડેધડ કચરો ફેકતા નાગરિકોના લીધે ગંદકીના પ્રશ્નો ઊદ્‌ભવે છે. આ ગંદકી રોગચાળો ઊભો કરે છે, અને લોકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થાય છે. તેથી આ પ્રશ્નો નિકાલ કરવા માટે બોમ્બે હાઇકોર્ટ દ્વારા સ્વચ્છતાને ધ્યાનમાં લઈને એક મહત્ત્વનું પગલું ભરવામાં આવી રહ્યું છે. બોમ્બે હાઈ કોર્ટે કહ્યું છે કે લોકો જે રસ્તાઓ અને જાહેર સ્થળો પર કચરો ફેંકવાના આદિ છે, ત્યાં સીસીટીવી નિરીક્ષણ બૂથ જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે. મહાનગરના દરેક બજાર અને તેની આસપાસના વિસ્તારોમાં આવા બૂથ બનાવવામાં આવે, જેથી ત્યાં સ્વચ્છતા જળવાઈ રહે. કોર્ટે કહ્યું કે એ સુનિશ્ચિત કરવામાં આવે કે નાળાઓ કચરાની નાની ડમ્પિંગ સાઈટ ન બને. નાળાઓને ઢાંકવા માટે બીએમસી અસરકારક પગલાં ભરે, જેથી મુંબઈને પાણી ભરાવાની સ્થિતિમાંથી બચાવી શકાય. કોર્ટે આ ચુકાદો કાજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાંથી આવતી દુર્ગંધના મુદ્દા સાથે જોડાયેલી અરજી પર આપ્યો છે. કન્નમવાર નગર કો-ઓપરેટિવ સોસાયટીએ આ અરજી દાખલ કરી હતી. અદાલતના હસ્તક્ષેપ પછી દુર્ગંધ પર હજી સુધી કાબૂ મેળવવામાં બીએમસીને સફળતા મળી છે. જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ આરતી સાઠેની બેંચે ચુકાદામાં શહેરને સાફ-સુથરું રાખવામાં પ્રશાસનની સાથે-સાથે અહીંના નાગરિકોને પણ તેમની જવાબદારી યાદ અપાવી છે. કોર્ટે કહ્યું હતું કે નાગરિકોના શિસ્ત વગર રસ્તાઓ અને ફૂટપાથોને સાફ-સુથરા રાખવા શક્ય નથી. બીએમસી કમિશનર એ સુનિશ્ચિત કરે કે દરેક વોર્ડના રસ્તાઓ, શેરીઓ, ફૂટપાથો અને જાહેર ઉપયોગની અન્ય જગ્યાઓ પર કચરો ન હોય. તમામ વોર્ડમાં કચરાને વ્યવસ્થિત રીતે એકઠો કરવાની અને તેને ઉપાડવાની વ્યવસ્થા તાત્કાલિક લાગુ કરવામાં આવે.

**ચુકાદાની મહત્ત્વના મુદ્દા :**

દેશના આટલા મહત્વપૂર્ણ શહેરના નિવાસીઓ દ્વારા જાહેર જગ્યાઓ પર બેજવાબદાર રીતે કચરો ફેંકવો ચલાવી લેવાય નહીં.

જોખમી કચરાને ગમે ત્યાં ફેંકવાથી થતી ખરાબ અસરો વિશે નાગરિકોને શિક્ષિત અને જાગૃત કરવામાં આવે.

કચરો ફેંકવામાં બેદરકારી દાખવનારા લોકો સામે વોર્ડ અધિકારીઓ જ નહીં પરંતુ નગરસેવકો પણ કડક કાનૂની કાર્યવાહી કરે.

નિયમિતપણે સફાઈ અને નિરીક્ષણની વ્યવસ્થા થાય.

જાહેર સ્થળો અને સંવેદનશીલ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા મુકાય.

તમામ કેમેરા હંમેશા કાર્યરત રહે, તેની જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# જેન ઝી નો નવો નારો: ‘આરક્ષણ હટાવો’ અભિયાન

## ૨૪ કલાકમાં સોશ્યલ મીડિયા પર ૧૮ લાખ ફોલોઅર્સ

*ચેતના રાજા*

મુંબઈ: NEET પેપર લીક અને પરીક્ષા વ્યવસ્થામાં ગેરરીતિઓ સામે Gen Zના નેતૃત્વમાં થયેલા આંદોલન બાદ હવે યુવાનોના એક વર્ગે ‘આરક્ષણ હટાવો’ અભિયાન શરૂ કર્યું છે. આ સોશ્યલ મીડિયા અભિયાનનો મુખ્ય નારો છે. શિક્ષણ અને સરકારી નોકરીમાં ભરતી માટે જાતિ આધારિત આરક્ષણને દૂર કરીને સંપૂર્ણપણે મેરિટ આધારિત વ્યવસ્થા લાગુ કરવામાં આવે. અભિયાનના સમર્થકોને માત્ર ૨૪ કલાકમાં જ સોશ્યલ મીડિયા પર ૧૮ લાખથી વધુ ફોલોઅર્સ મળ્યા છે.

આ અભિયાનને તાજેતરના વિદ્યાર્થી આંદોલન સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. યુવાનોનું કહેવું છે કે NEET પેપર લીક સામેની લડાઈમાં તેઓએ પારદર્શિતા, નિષ્પક્ષતા અને મેરિટની માગ કરી હતી. હવે તેઓ આ જ માપદંડને શિક્ષણ અને રોજગારની સમગ્ર વ્યવસ્થામાં લાગુ કરવાની માગ કરી રહ્યા છે. તેમની દલીલ છે કે જો પેપર લીકના કારણે કોઈ વિદ્યાર્થીને વધુ ગુણ મળવાથી તે મેડિકલ પ્રવેશ માટે અયોગ્ય ગણાય છે, તો પછી પ્રવેશ અને નોકરીમાં પણ પસંદગી માટે મેરિટ અને ક્ષમતાને જ મુખ્ય આધાર બનાવવો જોઈએ.

‘આરક્ષણ હટાવો’ અભિયાન સાથે જોડાયેલા યુવાનોનો તર્ક છે કે દેશની શિક્ષણ વ્યવસ્થામાં વધુ કૉલેજો, ગુણવત્તાયુક્ત સરકારી શાળાઓ અને સમાન શૈક્ષણિક સુવિધાઓ ઊભી કરવામાં આવે, જેથી દરેક વિદ્યાર્થીને સમાન તક મળે. તેઓ માને છે કે કોઈપણ વિદ્યાર્થીની પસંદગી તેની જાતિ નહીં, પરંતુ તેની મહેનત, ગુણ અને ક્ષમતાના આધારે થવી જોઈએ. ખાસ કરીને મેડિકલ ક્ષેત્રને લઈને યુવાનો સવાલ ઉઠાવી રહ્યા છે કે ડૉક્ટર બનવા માટે કઠિન અને જવાબદારીભર્યું શિક્ષણ જરૂરી હોય ત્યારે પ્રવેશ પ્રક્રિયામાં મેરિટની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ કેમ ન હોવી જોઈએ?

જોકે, આ મુદ્દો અત્યંત સંવેદનશીલ છે. આરક્ષણના સમર્થકોનું કહેવું છે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત સમુદાયોને સમાન તક આપવા માટે આરક્ષણ જરૂરી છે અને માત્ર ગુણના આધારે સામાજિક અસમાનતાને દૂર કરી શકાતી નથી. આથી ‘આરક્ષણ હટાવો’ અભિયાન સાથે હવે મેરિટ વિરુદ્ધ સામાજિક ન્યાયનો મુદ્દો ફરી રાષ્ટ્રીય ચર્ચાના કેન્દ્રમાં આવી શકે છે. જો સોશ્યલ મીડિયા પર આ ટ્રેન્ડ સતત વધે, તો પ્રધાનના રાજીનામા માટે સફળ રહેલા Gen Zના આંદોલન બાદ ‘આરક્ષણ હટાવો’ અભિયાન યુવાનોની આગામી મોટી રાષ્ટ્રીય માગ બનશે કે કેમ, તેના પર અત્યારે સહુની નજર ટકેલી છે. ■

# ભાયખલા પોલીસ સ્ટેશનમાં આગ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : ભાયખલા પોલીસ સ્ટેશનમાં રવિવારે રાતના આગ લાગી હતી. ભારે જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં આવ્યું હતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણવ્યા મુજબ ગ્રાઉન્ડ પ્લસ એક માળના ભાયખલા પોલીસ સ્ટેશનના પહેલા માળા પર ૮.૨૪ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડની સાથે જ પોલીસે પોતાની પાસે રહેલા ફાયર સેફટીના સાધનોની આગ બુઝાવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. ભારે જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં આવ્યું હતું. સદ્‌નસીબે કોઈ જખમી થયું હતું. ■

# મુંબઈમાં આજે હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ગયા આખા અઠવાડિયામાં વરસાદ રહ્યો છે. બે-ત્રણ દિવસથી જોકે મુંબઈમાં છૂટક વરસાદ પડી રહ્યો છે. હવામાન ખાતાએ સોમવારે પણ મુંબઈની સાથે થાણે અને પાલઘરમાં હળવાથી મધ્યમ વરસાદ ચાલુ રહેવાની શકયતા વ્યક્ત કરી છે. એ સાથે જ યલો એલર્ટની ચેતવણી પણ આપી છે.

રવિવાર સવારના વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ આખો દિવસ વરસાદનો છૂટોછવાયો પડ્યો હતો. હવામાન વિભાગે મુંબઈ, થાણે અને પાલઘરમાં માત્ર મધ્યમ વરસાદની આગાહી કરી છે પણ રાયગડ જિલ્લામાં જુલાઈના અંત સુધી ઓરેન્જ અલર્ટ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

શનિવારથી રવિવારની સવાર સુધીમાં કોલાબામાં ૨૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે સાંતાક્રુઝ વેધશાળામાં ૭.૨ મિ.મી. વસાદ નોંધાયો હતો. આ જ સમયગાળા દરમિયાન પડોશી શહેર થાણેમાં ૨૩ મિ.મી વરસાદ નોંધાયો હતો. નવી મુંબઈમાં બેલાપુરમાં ૩૭ મિ.મી, કોપરખૈરણેમાં ૩૬ મિ.મી., નેરુલમાં ૩૧.૪ મિ.મી., વાશીમાં ૨૪ મિ.મી., વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સોમવારે મુંબઈ અને થાણે જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. દરમિયાન, રાયગડ જિલ્લાના નવી મુંબઈમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. હવામાન નિષ્ણાતના જણાવ્યા મુજબ હાલ પડી રહેલો વરસાદ ભારતના પશ્ચિમ કિનારે નીચા દબાણવાળી સિસ્ટમ ધરાવતા શીયર ઝોનને આભારી છે જે કોંકણ પટ્ટા અને ગુજરાતમાં વરસાદમાં ભેજનું પ્રમાણ વધારી રહ્યું છે. મંગળવાર પછી વરસાદની ગતિવિધિ ધીમે ધીમે ઓછી થવાની તૈયારીમાં છે. ■

# MBA, LLB અને BTech ના Gen Z બનશે સફાઈ કર્મચારી

## નાગપુર મહાનગરપાલિકામાં ફડણવીસ આપશે જોઈનિંગ લેટર

નાગપુર: એમબીએ, એન્જિનિયરિંગ અને લો ની ડિગ્રી ધરાવતા સ્નાતક, અનુસ્નાતક અને વ્યાવસાયીક લાયકાત ધરાવતા યુવાનો નાગપુરમાં ઝાડુ લગાવતા જોવા મળશે. હકીકતમાં, નાગપુર મહાનગરપાલિકામાં ક્લાસ-IV સફાઈ કર્મચારીની નોકરી માટે આવા જ શિક્ષિત યુવાનોએ અરજી કરી છે. આ કાયમી સરકારી નોકરી હોવાથી તેઓ સફાઈ કર્મચારી બનવા માટે પણ તૈયાર થઈ ગયા છે. પસંદગી પામેલા ઘણા ઉમેદવારોનું શૈક્ષણિક બેકગ્રાઉન્ડ દર્શાવે છે કે કાયમી સરકારી નોકરી માટે કેટલી સ્પર્ધા છે, જ્યાં ખૂબ જ ભણેલા-ગણેલા લોકો પણ પ્રાથમિક સ્તરની મહાનગરપાલિકાની નોકરીઓ પસંદ કરી રહ્યા છે.

મેયર નીતા ઠાકરેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ રવિવારે એનએમસી હેડક્વાર્ટર ખાતે એક કાર્યક્રમમાં ૫૭૯ નવ નિયુક્ત મહાનગરપાલિકાના કર્મચારીઓને નિમણૂક પત્ર સોંપશે. કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. કુલ ભરતી થયેલા લોકોમાંથી ૪૭૬ સફાઈ કર્મચારી છે, જ્યારે ૧૦૩ ઉમેદવારોને મહાનગરપાલિકાની સીધી ભરતી પ્રક્રિયા દ્વારા ટેક્સ કલેક્ટર, ક્લાર્ક અને લાઈબ્રેરિયન જેવા અલગ-અલગ પદો માટે પસંદ કરવામાં આવ્યા છે.

સફાઈ કર્મચારીઓમાં ‘લાડ-પેજ કમિટી’ની ભલામણો હેઠળ પસંદ કરાયેલા ૧૨૯ ઉમેદવારો અને આદિવાસી સફાઈ કર્મચારી’ કેટેગરીમાંથી ભરતી કરાયેલા ૩૪૭ લોકો સામેલ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ૪૭૬ ભરતી થયેલા લોકોમાંથી અડધાથી વધુ ગ્રેજ્યુએટ છે, જ્યારે ઘણા લોકો પાસે પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિગ્રી પણ છે. એનએમસીના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના એક સિનિયર અધિકારીએ પુષ્ટિ કરી કે તેમના શૈક્ષણિક દસ્તાવેજોની તપાસથી જાણવા મળ્યું છે કે કેટલાક લોકો પાસે એમબીએ, બેચલર ઓફ એન્જિનિયરિંગ અને એલએલબી જેવી પ્રોફેશનલ ડિગ્રીઓ પણ છે.

આ પ્રથમ પહેલમાં, એનએમસીનું ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેલ તમામ ૪૭૬ સફાઈ કર્મચારીઓને વોટ્સએપ અને એસએમએસ દ્વારા પીડીએફ ફોર્મેટમાં નિમણૂકપત્ર મોકલશે. કાર્યક્રમ દરમિયાન પ્રિન્ટેડ નિમણૂકપત્ર મળવા ઉપરાંત, ભરતી થયેલા લોકો તરત જ પોતાના મોબાઈલ ફોન પર ડિજિટલ કોપી ડાઉનલોડ કરીને સુરક્ષિત પણ રાખી શકશે. મેયરે આ નિમણૂકોને સફાઈ કર્મચારીઓ માટે એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી અને કહ્યું કે મહાનગરપાલિકા રાજ્ય સરકારની મંજૂરીથી ‘લાડ-પેજ કમિટી’ની લાંબા સમયથી પડતર ભલામણોને લાગુ કરી રહી છે. તેમણે કહ્યું હતું કે આ નિમણૂકોથી સેંકડો કર્મચારીઓને નોકરીની સુરક્ષા મળશે જેઓ વર્ષોથી કાયમી થવાની રાહ જોઈ રહ્યા હતા. મહાનગરપાલિકા શહેરના તમામ છ વિધાનસભા ક્ષેત્રોમાં સફાઈ કર્મચારીઓ માટે ઘર બનાવવાની યોજના પણ બનાવી રહી છે. ■

# ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ શિવાજી પાર્કમાં યુવાનોની તિરંગા વિજય માર્ચ

## વંદે માતરમ્, ઈંકલાબ ઝિંદાબાદ, ભારત માતાકી જયના નારાથી આખું દાદર ગાજ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને લોકશાહીના વિજયની ઉજવણી માટે રવિવારે મુંબઈના શિવાજી પાર્ક ખાતે મોટી સંખ્યામાં યુવાનો એકત્ર થયા હતા. હળવા વરસાદ વચ્ચે પણ યુવાનો હાથમાં તિરંગો અને બંધારણના પોસ્ટર લઈને કાર્યક્રમમાં પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં કોલેજીયનો દાદર સ્ટેશનથી તેમ જ શહેરના વિવિધ વિસ્તારોમાંથી મળે તે વાહન દ્વારા તેમ જ પગપાળા શિવાજી પાર્ક પહોંચ્યા હતા.

આ કાર્યક્રમમાં યુવાનોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું, વંદે માતરમ્, ભારત માતા કી જય, ઇંકલાબ ઝિંદાબાદના નારા સાથે યુવાનોએ આ વિજય ઉત્સવ મનાવ્યો હતો. તેની સાથે જ ડીજેના તાલે યુવાનો દેશભક્તિના ગીત પર હાથમાં તિરંગા સાથે જ્યારે નારેબાજી કરી રહ્યા હતા ત્યારે દેશભક્તિનો એક અનોખો માહોલ સર્જાયો હતો. મુંબઈ પોલીસ ઝિંદાબાદના નારા પણ આ યુવાનોએ લગાવ્યા હતા.

આ સમગ્ર આયોજનની સુરક્ષા વ્યવસ્થા જાળવવાની જવાબદારી યુવા સેનાને સોંપાઈ હતી. મુંબઈ પોલીસની ટીમ ઘટના સ્થળે ખડે પગે હતી જેથી કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના બને નહીં. દાદર રેલવે સ્ટેશનથી શિવાજી પાર્ક સુધી દરેક ઠેકાણે સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી.

જ્યારે આદિત્ય ઠાકરે અને અમિત ઠાકરે સ્ટેજ પર ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે સાથે પહોંચ્યા ત્યારે યુવાનોમાં જોશનું એક અનોખુ મોજું ફરી વળ્યું હતું. ‘હાઉ ઈઝ ધ જોશ’’ આ સવાલનો યુવાનોએ પૂરા ઉત્સાહભેર જવાબ આપ્યો હતો, ‘‘હાઈ સર’’.

મુંબઈ સીજેપીના નેતા પ્રણય આહિરેએ મુંબઈ સમાચારના પ્રતિનિધિ સાથે વાત કરતાં જણાવ્યું કે હું વડા પ્રધાન નરેન્દ્ર મોદીને કહેવા માગું છું કે તેમણે યુવાનોનું સાંભળવું પડશે, જો લોકશાહીના હિસાબે સરકાર નહિ ચાલે તો પરિણામ તમારી સામે છે. આજના યુવાનો રસ્તા પર ઉતરવામાં વાર નહિ લગાડે. આ આંદોલનમાં હાજર એક વિદ્યાર્થિની શિલ્પા ચાકળેએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે, આજનો દિવસ ભારતની લોકશાહીના વિજયનો દિવસ છે. આજે નીટની પરીક્ષાના એ યુવાનોને ન્યાય મળ્યો છે જેમણે આ વ્યવસ્થાના કારણે આત્મહત્યા કરી હતી. અન્ય એક વિદ્યાર્થી સાગરે જણાવ્યું કે, ‘ આ માત્ર વિજય નથી પરંતુ સરકારને સંદેશ છે કે આજનો યુવા જાગૃત છે, અને ભ્રષ્ટ કારોબાર ચલાવી લેવાશે નહિ.’

શિવાજી પાર્ક આવેલા એક વિદ્યાર્થીએ હાથમાં બાળાસાહેબ ઠાકરેનું પોસ્ટર રાખીને કહ્યું હતું કે, આજે દેશને બાળાસાહેબ ઠાકરે જેવા વ્યક્તિત્વની જરૂર છે, તેણે પોસ્ટરમાં લખ્યું હતું કે હાલ તેને ઠાકરે પરિવારની કોઈ પણ વ્યક્તિમાં બાળાસાહેબ ઠાકરેનું વ્યક્તિત્વ દેખાતું નથી. હાલ દેશને તેમના જેવા વ્યક્તિત્વની જરૂર છે.

એક વ્યક્તિ હાથમાં પ્રતીકાત્મક મૃતદેહ રાખીને પ્રદર્શનમાં આવી હતી. તેમણે મુંબઈ સમાચારના પ્રતિનિધિ સાથે વાતચીત કરતાં જણાવ્યું કે હું આજે નીટ પરીક્ષાને કારણે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓની જીતનો ઉત્સવ મનાવવા આવ્યો છું કારણ આજે તેમને ન્યાય મળ્યો છે. યુવા સેનાના પ્રમુખ આદિત્ય ઠાકરેએ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું કે ગયા રવિવારથી આજ સુધી મુંબઈએ જે એકતા દેખાડી છે, પ્રદર્શનો કર્યા છે તેની સામે આજે દિલ્હીએ પણ ઝૂકવું પડ્યું છે. તેમણે એક રીતે અભિજીત દીપકેની વાત ફરી વાર કહી હતી કે જે સરકાર કહેતી હતી કે અહીં રાજીનામાં થતાં નથી તે જ સરકારના પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું. તેમણે આ બાબતને લોકશાહી અને જેનઝી યુવાનોની જીત ગણાવી હતી. વરસાદથી બચવા રેઇનકોટ અને છત્રી સાથે આવેલા યુવાનોના હાથમાં બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરના પોસ્ટર તેમજ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના રાષ્ટ્રવ્યાપી આંદોલન દરમિયાન સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા સર્જનાત્મક મીમ્સ પણ જોવા મળ્યા હતા. પ્રધાનના રાજીનામા બાદ સીજેપીએ પરીક્ષામાં ગેરરીતિઓ અને નીટની પરીક્ષાના પેપર લીક સામે ૩૬ દિવસથી ચાલી રહેલું આંદોલન આ સાથે સમાપ્ત થયાની જાહેરાત કરવામાં આવી હતી.

શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના પ્રમુખ રાજ ઠાકરે પણ આ કાર્યક્રમને સંબોધિત કરી યુવાનોને અભિનંદન પાઠવ્યા હતા કાર્યક્રમમાં આવેલા કેટલાક યુવાનોએ કહ્યું કે તેઓ આંદોલનકારીઓનો સાથ આપવા માટે અહીં આવ્યા છે અને આ લોકશાહીની જીત છે.

જ્યારે આદિત્ય ઠાકરેએ મંચ પરથી વિદ્યાર્થીઓને ઘરે જવાની અપીલ કરી હતી ત્યારે પણ લોકોનો ઉત્સાહ યથાવત રહ્યો હતો અને તેઓ રેલી કાઢીને નારા લગાવીને દાદર સ્ટેશન સુધી પગપાળા હાથમાં પોસ્ટર્સ અને મીમ્સ લઈને પહોંચ્યા હતા. કેટલાક યુવાનોએ રસ્તામાં લોકોને મેલોડી ચોકલેટ આપીને એક પ્રતીકાત્મક સંદેશ પણ આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં ૨૨ જુલાઈના વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહીના વિરોધમાં મુંબઈના શિવાજી પાર્ક, દાદર અને ચેમ્બુરમાં પણ વિરોધ પ્રદર્શન યોજાયા હતા. શિવસેના (યુબીટી)ના નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ દિલ્હીના જંતર-મંતર ખાતે સીજેપીના આંદોલનને સમર્થન આપ્યું હતું, ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ થોડા દિવસ પહેલાં શિવાજી પાર્કની મુલાકાત લઈને વિદ્યાર્થીઓને ૨૬ જુલાઈના વિરોધ પ્રદર્શનમાં જોડાવા અપીલ કરી હતી. પ્રધાનના રાજીનામા બાદ ઠાકરેબંધુઓએ રવિવારનો ‘તિરંગા’ કાર્યક્રમ નિર્ધારિત કાર્યક્રમ મુજબ યોજીને દેશના યુવાનોનો આભાર માનવાની જાહેરાત કરી હતી. શિવસેના (યુબીટી) અને એમએનએસ દ્વારા સંયુક્ત રીતે આ તિરંગા માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ■



રવિવારે શિવાજી પાર્કમાં વંદે માતરમ્, ભારત માતા કી જય, ઇંકલાબ ઝિંદાબાદના નારા સાથે યુવાનોએ આ વિજય ઉત્સવ મનાવ્યો હતો. તેની સાથે જ ડીજેના તાલે યુવાનો દેશભક્તિના ગીત પર હાથમાં તિરંગા સાથે જ્યારે નારેબાજી કરી રહ્યા હતા ત્યારે દેશભક્તિનો એક અનોખો માહોલ સર્જાયો હતો. (અમય ખરાડે)

## ‘મેં ૨૨ વખત ભૂખ હડતાળ કરી, પણ ક્યારેય હિંસાનો માર્ગ અપનાવ્યો નથી’: અણ્ણા હજારે

અહિલ્યાનગર: કોક્રૉચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ ૩૬ દિવસથી ચાલી રહેલું આંદોલન સમાપ્ત કરવાની જાહેરાત વચ્ચે સામાજિક કાર્યકર અણ્ણા હજારેએ શાંતિપૂર્ણ આંદોલન અને લોકતાંત્રિક સંવાદને સમસ્યાઓના કાયમી ઉકેલનો માર્ગ ગણાવ્યો હતો. ૮૯ વર્ષીય અણ્ણા હજારેએ કહ્યું હતું કે કોઈપણ સમસ્યાનો ઉકેલ હિંસાથી નહીં, પરંતુ શાંતિપૂર્ણ આંદોલન અને સંવાદથી જ શક્ય છે. અણ્ણા હજારેએ તેમના દ્વારા હાથ ધરવામાં આવેલા ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, મેં મારા જીવનમાં ૨૨ વખત ઉપવાસ કર્યા છે, પરંતુ ક્યારેય હિંસાનો માર્ગ અપનાવ્યો નથી. તેના પરિણામે ૧૦ કાયદા બન્યા છે. તેમણે કહ્યું હતું કે હિંસા કોઈપણ સમસ્યાનું સમાધાન નથી. લોકશાહીમાં સંવાદ સૌથી મોટી તાકાત છે અને દરેક વિવાદનો ઉકેલ ચર્ચા દ્વારા જ શોધી શકાય છે. તણાવ ઊભો કરીને કે ખોટો માર્ગ અપનાવીને કંઈ હાંસલ કરી શકાતું નથી. હજારેએ સરકારને પણ એવી અપીલ કરી હતી કે તેઓ જનતાના અવાજને ગંભીરતાથી સાંભળે અને જનહિતને પ્રાથમિકતા આપે. તેમણે કહ્યું કે જનતાના હિત માટે આંદોલન કરવાની જરૂર પડે તો તેમાં કોઈ ખોટું નથી, પરંતુ આંદોલન સંપૂર્ણપણે લોકતાંત્રિક અને અહિંસક હોવું જોઈએ. ■

## વિદ્યાર્થીઓએ વડા પ્રધાનને બતાવ્યું કે મત ‘ચોરી’ શકાય છે, લોકો નહીં: ઉદ્ધવ

મુંબઈ : શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ રવિવારે નીટ પેપર લીક મામલે દેશભરમાં વિરોધ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે આ આંદોલન ભાજપ સામેની એક મોટી લડાઈની શરૂઆત છે અને તેણે સાબિત કરી દીધું છે કે ‘‘મત ચોરી શકાય છે, પણ લોકોને નહીં.

મુંબઈના શિવાજી પાર્ક ખાતે આયોજિત ‘તિરંગા’ રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, ‘‘દેશભક્તોએ અંધભક્તોને હરાવી દીધા છે. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની ‘‘ઉજવણી‘‘ કરવા માટે અહીં મોટી સંખ્યામાં યુવાનો હાથમાં રાષ્ટ્રધ્વજ અને અને બંધારણના પોસ્ટરો લઈને એકત્ર થયા હતા. યુવાનોએ ભારતના બંધારણના ઘડવૈયા ડો. બી. આર. આંબેડકરના પોસ્ટરો તેમ જ ‘કોક્રોચ જનતા પાર્ટી’ દ્વારા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો દરમિયાન વાયરલ થયેલા સર્જનાત્મક સોશ્યલ મીડિયા મીમ્સ પણ હાથમાં લીધા હતા. ■

## આંદોલન સમાપ્ત થયા બાદ હવે શ્રેય લેવા રાજકીય હોડ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ માર્યો વિપક્ષને ટોણો

મુંબઈ: વિદ્યાર્થી સમાપ્ત થયા બાદ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પ્રતિક્રિયા આપી છે. શિંદેએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પેપર લીકના મુદ્દાને ગંભીરતાથી લીધો છે અને વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે કેન્દ્ર સરકારે કડક પગલાં લીધાં છે.

શિંદેએ પત્રકારો સાથે વાત કરતાં કહ્યું હતું કે વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે પેપર લીકના ગુનામાં દોષિત ઠરનારાઓ સામે કડક કાયદો બનાવ્યો છે. આ કાયદા હેઠળ ૧૦ વર્ષની જેલની સજા, વધુમાં વધુ ૧૦ કરોડ રૂપિયા સુધીનો દંડ અને ફાસ્ટ-ટ્રેક ટ્રાયલ જેવી જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે વડા પ્રધાને સ્પષ્ટ કર્યું છે કે પેપર લીકના કોઈપણ આરોપીને છોડવામાં નહીં આવે. ■

## ‘આ ડાયલોગની હવે લોકો પર કોઈ અસર થતી નથી’: ફડણવીસ

મુંબઈ : રવિવારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે દ્વારા આયોજિત સંયુક્ત વિજય રેલી અંગે પ્રતિક્રિયા આપતા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે તેઓ યુવાનો માટે ખુશ છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના હિતને પ્રાથમિકતા આપીને સંવેદનશીલતાપૂર્વક કામ કર્યું છે.

મુંબઈના દાદરસ્થિત શિવાજી પાર્ક ખાતે ઠાકરેબંધુઓ દ્વારા આયોજિત સંયુક્ત રેલી અંગે ટિપ્પણી કરતા ફડણવીસે કહ્યું કે તેમને આ કાર્યક્રમ સામે કોઈ વાંધો નથી અને વાસ્તવમાં, ‘‘મને આનંદ છે કે તેમને ઉજવણી કરવાનું કોઈ કારણ મળ્યું, અને અમે પણ ખુશ છીએ. આખરે, આ મુદ્દાઓ કોઈ વ્યક્તિ કે કોઈ રાજકીય પક્ષના નથી,’’ તેમ તેમણે કહ્યું. ઉદ્ધવ ઠાકરેની આંદોલનકારીઓનો રોષ હવે પ્રધાનથી વડા પ્રધાન મોદી તરફ વળશેની ટિપ્પણી પર આકરા પ્રહાર કરતા, ફડણવીસે કહ્યું, ‘‘છેલ્લા દસ વર્ષોમાં આવી વાતો વારંવાર કરવામાં આવી છે, પરંતુ હવે જનતા પર તેની કોઈ અસર થતી નથી. સમગ્ર દેશ વડા પ્રધાન મોદીની સાથે છે.‘‘ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને સ્તરે મોદીના પ્રભુત્વ વિશે વાત કરતા ફડણવીસે કહ્યું કે, વડા પ્રધાન દ્વારા ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવેલો એક નાનકડો વીડિયો પણ રાતોરાત વૈશ્વિક સ્તરે ‘એન્ગેજમેન્ટ’ના (લોકોની સક્રિય ભાગીદારીના) રેકોર્ડ તોડી નાખે છે, ‘‘જે પોતે જ દર્શાવે છે કે ભારતનું સમર્થન કોની સાથે છે.’’ ■

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે ભંડોળ ઊભું કરવા બીએમસી ૯,૫૦૦ કરોડ રૂપિયાના બોન્ડ બહાર પાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના મુખ્ય માળખાગત પ્રોજેક્ટના કામ ઝડપી રીતે કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા બોન્ડ દ્વારા ૯,૫૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવાની તૈયારી કરી રહી છે. જો આ પ્રસ્તાવ અમલમાં મૂકવામાં આવે તો આ ભારતમાં કોઈપણ શહેરની મહાનગરપાલિકા દ્વારા જારી કરાયેલ સૌથી મોટો મ્યુનિસિપલ બોન્ડ હશે. બોન્ડ થકી આવનારા ભંડોળનો ઉપયોગ ગટર, પૂર નિયંત્રણ, રસ્તા અને અન્ય મહત્ત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટને નાણાં પૂરા પાડવા માટે કરવામાં આવશે.

પાલિકા ચાલુ નાણાકીય વર્ષમાં લગભગ ડિસેમ્બર સુધીમાં બોન્ડ બહાર પાડવાની યોજના ધરાવે છે. પ્રક્રિયા માટે ત્રણ મર્ચન્ટ બેન્કર્સની પસંદગી કરવામાં આવી છે. એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજીત બાંગરે જણાવ્યું હતું કે પાલિકાએ બોન્ડ બહાર પાડવાની પ્રક્રિયા માટે ત્રણ મર્ચન્ટ બેન્કર્સની પસંદગી કરી છે. આમાં એકે કેપિટલ સર્વિસિસ લિમિટેડ, ટિપ્સન્સ કન્સલ્ટન્સી સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ અને ટ્રસ્ટ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર્સ પ્રાઇવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. ■

# હું મહારાષ્ટ્રમાં જ છું : રાષ્ટ્રીય રાજકારણમાં જવા અંગેની અટકળોને ફડણવીસે ફગાવી

નાગપુર : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે રાષ્ટ્રીય રાજકારણમાં જવા અંગેની અટકળોને ફગાવી દીધી હતી અને સંકેત આપ્યો હતો કે તેમનું કાર્યક્ષેત્ર અને ઉપસ્થિતિ મુંબઈ તથા રાજ્ય પૂરતી જ સીમિત છે. નાગપુરમાં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું કે નીટ પેપર લીક જેવા મુદ્દા કોઈ ચોક્કસ વ્યક્તિ કે પક્ષ સાથે નહીં, પરંતુ દેશના યુવાનોને લગતા મુદ્દા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય શિક્ષણ પ્રધાનપદેથી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ ફડણવીસના રાષ્ટ્રીય રાજકારણમાં જવાની શક્યતા અંગેની અટકળો વચ્ચે તેમણે શનિવારે રાષ્ટ્રીય રાજધાનીની ટૂંકી મુલાકાત લીધી હતી અને બાદમાં તેઓ નાગપુર પરત ફર્યા હતા. દિલ્હીની મુલાકાત વિશે પૂછવામાં આવતા મુખ્ય પ્રધાને કહ્યું, ‘‘આજે હું નાગપુરમાં છું અને સાંજે મુંબઈ જઈશ. હું મુંબઈ અને મહારાષ્ટ્રમાં જ છું.’’ તેમણે વધુમાં કહ્યું કે પ્રધાનના

રાજીનામાની ‘‘ઉજવણી’’ કરવા માટે મુંબઈમાં શિવસેના (યુબીટી) અને એમએનએસ દ્વારા યોજાયેલી ’તિરંગા’ રેલી સામે તેમને કોઈ વાંધો નથી. ■

# સૂર્યવંશીએ શ્રેયસની કૅપ્ટન્સીને અપાવ્યો વૈભવ

## ઝિમ્બાબ્વે સામે ૩-૦થી ક્લીન સ્વીપઃ બન્ને અવૉર્ડ વૈભવને, લક્ષ્મણના કોચિંગમાં જયજયકાર




હરારેઃ ભારતે અહીં રવિવારે ઝિમ્બાબ્વેને ત્રીજી અને અંતિમ ટી-૨૦માં પણ પરાજિત કરીને એનો ૩-૦થી વાઇટવૉશ કર્યો હતો. વૈભવ સૂર્યવંશી (૮૧ રન, ૪૯ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર)ની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની આ બીજી જ શ્રેણી છે અને એમાં તેણે રવિવારના મુકાબલા બાદ મૅન ઑફ ધ મૅચનો તેમ જ મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર જીતી લીધો હતો. જોકે ફાસ્ટ બોલર મયંક યાદવ (૪-૦-૨૯-૩)નું પણ શ્રેણીમાં ફરી એક વખત વિજયી યોગદાન હતું. સિરીઝની પ્રથમ ટી-૨૦માં તેણે ૧૮ રનમાં બે વિકેટ લીધી હતી અને સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરસ્કાર જીત્યો હતો.

ઇંગ્લૅન્ડના પ્રવાસ બાદ મુખ્ય હેડ-કોચ ગૌતમ ગંભીરને આરામ અપાયો હોવાથી વીવીએસ લક્ષ્મણે ઝિમ્બાબ્વેની ટૂરમાં કોચિંગની જવાબદારી સ્વીકારી હતી અને તેના કોચિંગમાં ભારતે ૩-૦થી શાનદાર વિજય મેળવ્યો.

ભારતે બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા. ઝિમ્બાબ્વેએ બૉલની પેસ ઘટાડતી તથા ધીમા ઉછાળ અપાવતી સ્લો પિચ પર જવાબમાં ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૭ રન બનાવતાં ભારતનો ૩૫ રનથી વિજય થયો હતો. મયંક યાદવ ઉપરાંત બીજા ફાસ્ટ બોલર યશ ઠાકુરે કરીઅરની બીજી જ મૅચમાં બે વિકેટ તેમ જ રવિ બિશ્નોઈ અને અશોક શર્માએ એક-એક વિકેટ લીધી એટલે ભારતની જીત વધુ આસાન થઈ ગઈ હતી. ઝિમ્બાબ્વે માટે રાયન બર્લ (૫૪ અણનમ, ૪૩ બૉલ, પાંચ ફોર)ની હાફ સેન્ચુરી પૂરતી નહોતી, કારણકે તેમના બીજા બૅટ્સમેનો ધીરજ ગુમાવીને રમ્યા હતા.

શ્રેયસ ઐયરે પોતાની કૅપ્ટન્સીની પહેલી બન્ને સિરીઝમાં (આયરલૅન્ડ સામે ૦-૨થી અને ઇંગ્લૅન્ડ સામે ૦-૪થી) પરાજયની નામોશી જોઈ હતી, પરંતુ ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં શાનદાર વિજય અપાવીને ૧૫ વર્ષના સૂર્યવંશીએ શ્રેયસની કૅપ્ટન્સીને અનેરો વૈભવ અપાવ્યો છે. અગાઉ ભારત સામે ઝિમ્બાબ્વેની ત્રણેય ટી-૨૦ મૅચની જીત હરારેમાં હતી, પરંતુ ચાર દિવસમાં યજમાન ટીમ ભારત સામે ત્રણેય મૅચ હારી બેસતાં ટીમ ઇન્ડિયાએ ૩-૦થી ક્લીન સ્વીપ કરી છે.

સિરીઝમાં વૈભવે બે હાફ સેન્ચુરી ફટકારી હતી. પ્રથમ મૅચમાં તેણે ૫૦ રન, બીજી મૅચમાં ૨૦ રન અને ત્રીજી મૅચમાં ૮૧ રન બનાવ્યા હતા.

**મયંકે ફરી બેનેટનું બૅન્ડ બજાવ્યું**

ભારતના એક સમયના ફાસ્ટેસ્ટ બોલર મયંક યાદવે ચાર દિવસમાં બીજી વખત ઝિમ્બાબ્વેના ઓપનર બ્રાયન બેનેટની દાવના પહેલા જ બૉલ પર વિકેટ લીધી છે. મયંકે કલાકે ૧૪૭ કિલોમીટરની ઝડપે ફેંકેલા બૉલમાં બેનેટ પ્રથમ સ્લિપમાં વૈભવ સૂર્યવંશીના હાથમાં કૅચઆઉટ થયો હતો.

**ભારતીયોએ પાંચ કૅચ છોડ્યા**

ભારતની ફીલ્ડિંગ પર ફરી ગંભીરતાથી વિચારણા થશે, કારણકે રવિવારની મૅચમાં ભારતીયોએ કુલ પાંચ સીધા કૅચ છોડ્યા હતા જેમાંથી ત્રણ કૅચ નવોદિત ફાસ્ટ બોલર યશ ઠાકુરની બોલિંગમાં છૂટ્યા હતા. ■



# મીરાંબાઈને ગોલ્ડની હૅટ-ટ્રિક બદલ મોદીના અભિનંદન

ગ્લાસગો/નવી દિલ્હીઃ સ્કૉટલૅન્ડની કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતની વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુએ રવિવારે ૪૮ કિલો વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી લીધો એ બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેની ભારોભાર પ્રશંસા કરવાની સાથે તેને અભિનંદન પાઠવ્યા હતા. મીરાંબાઈ સતત ત્રીજી કૉમનવેલ્થમાં સુવર્ણચંદ્રક જીતી છે.

૩૧ વર્ષની ચાનુએ સ્નૅચમાં વિક્રમજનક ૮૫ કિલો તેમ જ ક્લીન ઍન્ડ જર્કમાં ૧૦૫ કિલો એમ કુલ મળીને ૧૯૦ કિલો વજન ઊંચક્યું હતું. તેનું પ્રભુત્વ એટલું બધુ હતું કે બીજા નંબરે રહીને સિલ્વર જીતનાર નાઇજિરિયાની રુથ ન્યૉન્ગે ચાનુથી ઘણું ઓછું (કુલ ૧૬૮ કિલો) વજન ઊંચક્યું હતું. તેણે ચાનુ કરતાં બાવીસ કિલો ઓછું વજન ઊંચક્યું હતું.

પીએમ મોદીએ ચાનુની સફળતાને 'ભારતીય વેઇટલિફ્ટિંગના વધુ એક ગૌરવપૂર્ણ અને શાનદાર સિદ્ધિ' તરીકે ઓળખાવી હતી.

કૉમનવેલ્થમાં મેડલ (સિલ્વર) મેડલ જીતનાર મણિપુરના પ્રથમ ઍથ્લીટ ઋષિકાંતને પણ મોદીએ અભિનંદન પાઠવ્યા હતા. ઋષિકાંતે ઘૂંટણમાં ઈજા છતાં સ્પર્ધામાં ભાગ લઈને રજતચંદ્રક જીતી લીધો હતો.■

# ભારતના મેડલ-વિજેતાનું ઝંડુ કુમાર નામ કેવી રીતે પડ્યું જાણો છો?

ગ્લાસગોઃ શનિવારે સ્કૉટલૅન્ડની કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતને પ્રથમ મેડલ અપાવનાર દિવ્યાંગ પાવરલિફ્ટર ઝંડુ કુમારની દેશ-વિદેશમાં ચર્ચા થવા લાગી છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેને 'એક્સ' પર અભિનંદન આપીને રાષ્ટ્રના ખૂણે-ખૂણે ઝંડુ કુમારની સિદ્ધિ પહોંચાડી દીધી છે, પરંતુ ઘણાને વિચાર આવ્યો હશે કે ઝંડુ કુમાર નામ પડ્યું કેવી રીતે?

૨૮ વર્ષનો ઝંડુ કુમાર બિહારના હરનૌત ગામનો છે. તેણે ગ્લાસગોની કૉમનવેલ્થમાં ૧૮૧ કિલો તથા ૧૯૦ કિલો વજન ઊંચકીને ૧૩૦.૯ પૉઇન્ટ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું અને બ્રૉન્ઝ જીતી લીધો હતો. સુધીર નામનો બીજો પાવરલિફ્ટર ૧૧૪.૧ પૉઇન્ટ સાથે છઠ્ઠા સ્થાને રહ્યો હતો.

ઝંડુ કુમાર પાંચ વર્ષનો હતો ત્યારથી તેને પોલિયો છે. તેના ઈલાજ માટે તેના મમ્મી-પપ્પાએ બનતું બધુ જ કર્યું હતું, પણ તેની એ શારીરિક ખામી દૂર નહોતા કરાવી શક્યા. તેણે પીટીઆઇને કહ્યું, 'નાનપણથી મારે બેસીને ચાલવું પડ્યું છે. લોકો મારા વિશે ટોણો મારતા હતા. તેઓ કહેતા કે આ છોકરો વિકલાંગ થઈ ગયો, હવે જીવનમાં આગળ જતાં શું કરશે?'

કોઈકને વિચાર આવ્યો હશે કે



દેશની એક જાણીતી બ્રૅન્ડના નામ પરથી ઝંડુ કુમારનું નામ પડ્યું હશે. જોકે એવું નથી. ઝંડુ કુમારના પપ્પાને તેમના મિત્રો મજાકમાં કહેતા, 'આપ કા બેટા સબ ઝંડુ કર દિયા, સબ પૈસા ખતમ કર દિયા.' તેમનો કહેવાનો અર્થ એ હતો કે ઝંડુ કુમારને કારણે તેના પિતાના બધા પૈસા વેડફાઈ ગયા, બધી મૂડી વેડફાઇ ગઈ.

**સરકારી ઑફિસ ટર્નિંગ પૉઇન્ટ**

ઝંડુ કુમારના પિતા મિત્રની એ મજાક તો ભૂલી ગયા, પણ પુત્રનું ઉપનામ તેનું મુખ્ય નામ બની ગયું. ઝંડુ કુમારે પોતાનું નામ એક સમયે બદલીને અવિનાશ કુમાર રાખવાનો વિચાર કર્યો હતો, પણ એક દિવસ એક સરકારી ઑફિસમાં જ્યારે તે કોઈ કામસર ગયો ત્યારે અધિકારીઓ તેને ઝંડુ કુમાર કહીને જ બોલાવતા હતા. ઝંડુ કુમાર જ્યારે કેબિનમાં ગયો ત્યારે અધિકારીઓએ તેને વારંવાર તેનું નામ પૂછ્યું હતું અને ખૂબ હસ્યા હતા. ઝંડુ કુમારે પીટીઆઇને એ કિસ્સા વિશેની વાતમાં કહ્યું, 'મેં જોયું કે મારા નામ પર બધા જો ખૂબ હસી રહ્યા છે તો પછી મારે હવે આ જ નામ રાખી મૂકવું છે કે જેથી લોકો હસતાં રહે. હવે મારા તમામ દસ્તાવેજોમાં મારું ઝંડુ કુમાર જ નામ છે. અવિનાશ કુમાર નામ રાખવાનો વિચાર મેં એ સરકારી ઑફિસની મુલાકાત બાદ મનમાંથી કાઢી નાખ્યો હતો.'

**માતા-પિતા હજી શાકભાજી વેચે છે**

ઝંડુ કુમાર ખેડૂતપુત્ર છે. જોકે એક સમયે તે ગુજરાન ચલાવવા તેમ જ પોતાના ખર્ચને પહોંચી વળવા શાકભાજી વેચતો હતો. તેના માતા-પિતા ગામમાં હજી પણ શાકભાજી વેચે છે. તેણે પીટીઆઇને કહ્યું, 'મેં પાવરલિફ્ટિંગમાં કરીઅર બનાવવાનું નક્કી કર્યું ત્યારથી મેં ડાયટ અને ફિટનેસ પર ખાસ ધ્યાન આપ્યું છે. મેં મારા જિમ્નેશ્યમનો ખર્ચ ભોગવવા આઠ-નવ મહિના ઇ-રિક્ષા ચલાવી હતી. પગમાં પોલિયો હોવા છતાં હું ગમે એમ કરીને બ્રેક મારી લેતો હતો. હું દિવસના ૨૦૦-૪૦૦ રૂપિયા કમાઈ લેતો હતો, પણ રિક્ષા ચલાવ્યા બાદ ખૂબ થાકી જતો એટલે સાંજે જિમ્નેશ્યમમાં જઈ જ નહોતો શક્તો. મારા જિમના સર સુધીરભાઈએ એક સમયે કૉમનવેલ્થ ગેમ્સમાં ૨૧૨ કિલો વજન ઊંચકીને મેડલ જીતી લીધો હતો એટલે ત્યારે જ મેં નક્કી કર્યું કે હું પણ દેશ માટે મેડલ જીતીશ.' ■

# કૉમનવેલ્થમાં ઋષિકાંત વિક્રમની બરાબરી બાદ ચૂકી ગયો ગોલ્ડ

## જોકે સિલ્વર મેળવીને ભારતને અપાવ્યું ગૌરવ

ગ્લાસગોઃ ભારતે કૉમનવેલ્થ ગેમ્સમાં રવિવારે બીજો મેડલ મેળવ્યો હતો જે સિલ્વર મેડલ હતો, પરંતુ એ મેળવવા જતાં ભારતીય સ્પર્ધક ગોલ્ડ મેડલ ગુમાવ્યો હતો.

મણિપુરના વેઇટલિફ્ટર ઋષિકાંત સિંહે વેઇટલિફ્ટિંગના ૬૦ કિલો વર્ગમાં પહેલાં સ્નૅચમાં કુલ ૨૬૪ કિલો (૧૨૧ કિલો + ૧૪૩ કિલો) વજન ઊંચક્યું હતું. કૉમનવેલ્થ ગેમ્સમાં સ્નૅચમાં આ વિક્રમની બરાબરી હતી. જોકે પછીથી ક્લીન ઍન્ડ જર્કમાં તેણે ઘણું ગુમાવ્યું હતું જેને લીધે તે સુવર્ણ ચંદ્રક ગુમાવી બેઠો હતો.

ક્લીન ઍન્ડ જર્કમાં તેણે પહેલાં ૧૪૩ વજન ઊંચક્યું હતું, પણ પછીથી બન્ને પ્રયાસમાં નિષ્ફળ ગયો હતો. તેની સરખામણીમાં મલયેશિયાના અનિક કાસ્દાને સ્નૅચમાં ૧૨૧ કિલો વજન ઊંચક્યા બાદ ક્લીન ઍન્ડ જર્કમાં ૧૫૨ કિલો વજન ઊંચકીને આ રમતોત્સવના વિક્રમની બરાબરી કરી હતી. તેણે કુલ વિક્રમી ૨૭૩ કિલો વજન ઊંચક્યું હતું જે ગોલ્ડ મેડલ જીતવા માટે પૂરતું હતું.

કેન્યાના જોશુઆ અમુન્ગા ઍમ્બોયાએ કુલ ૨૬૦ કિલો



વજન ઊંચકીને બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો. ઋષિકાંતના સિલ્વર મેડલ સાથે ભારતના આ વખતની કૉમનવેલ્થમાં કુલ મેડલની સંખ્યા બે થઈ હતી. ત્યાર બાદ મીરાંબાઈ ચાનુએ ભારતે પ્રથમ ગોલ્ડ અપાવતાં સંખ્યા ત્રણ થઈ હતી. બે દિવસ પહેલાં પૅરા પાવરલિફ્ટિંગમાં ભારતનો ઝંડુ કુમાર બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો. ■

# સ્કવૉશમાં અનાહતે રચ્યો ઈતિહાસ

નવી દિલ્હીઃ ભારતની અનાહત સિંહ વર્લ્ડ જુનિયર સ્કવૉશ ચૅમ્પિયન બનનાર પ્રથમ ભારતીય ખેલાડી બની છે. તેણે શનિવારે ઑન્ટારિયોમાં ફાઇનલમાં ઇજિપ્તની રુકય્યા સાલેમને ૧૧-૩, ૧૧-૭, ૧૧-૯થી હરાવી દીધી હતી. અનાહત બેહદ ખુશ છે અને આ સિદ્ધિ મેળવ્યા પછી હજી એવું માની રહી છે કે તે જાણે સપનું જોઈ રહી છે. ■

# આજે કૉમનવેલ્થમાં ભારતીયોના મુકાબલા

સાંજે ૪.૪૫ઃ બૉક્સિંગ, સચિન સિવાચ, રાઉન્ડ-૧૬
સાંજે ૫.૩૦ઃ વેઇટલિફ્ટિંગ, જ્ઞાનેશ્વરી યાદવ, મેડલ રાઉન્ડ
સાંજે ૬.૦૦ઃ બૉક્સિંગ, અંકુશ, રાઉન્ડ નંબર-૧૬
સાંજે ૬.૧૬, જિમ્નૅસ્ટિક્સ, પ્રોતિષ્ઠા સામંતા
રાત્રે ૮.૦૦, વેઇટલિફ્ટિંગ, બિન્દ્રાયણી દેવી, મેડલ રાઉન્ડ
રાત્રે ૧૦.૩૦, બૉક્સિંગ, સાક્ષી ચૌધરી
રાત્રે ૧૧.૩૦, દિવ્યાંગોની ગોળા ફેંક, શર્મિલા ધાનકર અને શિલ્પા શાયલા
રાત્રે ૧૧.૪૦, ઊંચા કૂદકામાં સર્વેશ કુશારે, તેજસ્વિની શંકર, જે. આદર્શ રામ
મધરાત બાદ ૧.૪૪, સ્વિમિંગ, સાજન પ્રકાશ
મધરાત બાદ ૧.૫૭, દિવ્યાંગોમાં મેન્સ ૧૦૦ મીટર, રાકેશ ભટ્ટ અને શ્રેયાંશ ત્રિવેદી
મધરાત બાદ ૨.૧૫, ૧૧૦ મીટર હર્ડલ્સ ફાઇનલ, તેજસ.■

# ભારતે હૉકીમાં પાકિસ્તાનને પછાડ્યું, ગોલ્ડ મેડલ જીતી લીધો

## વર્લ્ડ કપ માટે ભારત ક્વૉલિફાય થયુંઃ મહિલા ટીમે સિલ્વર જીતી લીધો

મસ્કતઃ ઓમાનમાં અહીં ભારતની સબ જુનિયર મેન્સ હૉકી ટીમે ગઈ કાલે પાકિસ્તાનને ૩-૧થી કચડીને એફઆઈએચ યુથ હૉકી-ફાઈવ્ઝ એશિયન ચૅમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. ભારત આખી સ્પર્ધામાં અપરાજિત રહ્યું અને હવે સુવર્ણ વિજેતા બનવા બદલ ભારત આવતા વર્ષે યોજાનારા એફઆઈએચ યુથ હૉકી-ફાઈવ્ઝ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ ગયું છે. ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી જ પાકિસ્તાનને દબાણમાં રાખ્યું હતું અને ઝડપી પાસિંગ તેમ જ મજબૂત ડિફેન્સની મદદથી આખી મૅચ પર અંકુશ જાળવી રાખ્યો હતો.

ભારતની મહિલા ટીમે ફાઇનલમાં ચીન સામે પરાજિત થતાં સિલ્વર મેડલથી સંતોષ માની લેવો પડ્યો હતો. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તાબેદાર | શાંત |
| તામસી | વૃદ્ધાવસ્થા |
| તારાજી | સ્વતંત્ર |
| તારીફ | આબાદી |
| તારુણ્ય | નિંદા |

## માતૃભાષાની મહેક

આરતી એટલે દેવમૂર્તિ કે પૂજ્ય માણસની સામે ઘીની વાટ અથવા કપૂરથી સળગાવેલ દીવો ઉતારવાની ક્રિયા. આરતી ઉતારૂ ને મંગળ ગાઉં, તમને ધરાવું ત્યારે હું શું ખાઉં કહેવતનો ભાવાર્થ એમ છે કે પૈસા ખર્ચ્યા વગર દેવની જેટલી સેવા થાય તેટલી કરું. આરતી ઉતારવી એટલે દેવની સામે ઘી અથવા કપૂરનો દીવો ઉતારવો ઉપરાંત વખાણનાં ગીત ગાવાં, સારું લગાડવું એવો અર્થ સુધ્ધાં છે.

## ગુજરાત મોરી મોરી રે

વસંત પંચમીના શુભ દિવસે બ્રહ્માજીના યજ્ઞમાંથી ભૃગુ ઋષિ પ્રગટ થયા હતા એ ભૃગુ ઋષિનું મંદિર ગુજરાતના કયા શહેરમાં છે?


અ) વિરમગામ  બ) ભાવનગર
ક) ભરૂચ  ડ) આણંદ

## ઈર્શાદ

*મૂરખથી મસલત કરે, બીકણનો સંગાથ,*
*શત્રુ સાથે સરળતા, એ ત્રણ અલેખે જાય.*

*-- લોકરચના*


## શબ્દલાલિત્ય - કાન્તા વોરા



### આડી ચાવી

૧. નાશ ન પામે તેવું શરીર (૫)
૪. વિશિષ્ટ ગુણધર્મ, પ્રકૃતિ (૪)
૭. ઢીલ, વિલંબ (૨)
૮. ખોટું, ભૂલભરેલું (૩)
૯. એક પક્ષી (૩)
૧૧. આધાર, ભરોસો (૩)
૧૩. સ્વરૂપ, કાંતિ (૩)
૧૫. મહારાષ્ટ્રનો એક ભક્તિ સંપ્રદાય (૪)
૧૮. સરખી સપાટીનું (૪)
૨૧. તાપસી, યોગ-સાધના કરનાર સ્ત્રી (૩)
૨૩. અંધારિયાનો છેલ્લો દિવસ (૩)
૨૫. --- રમાડે રામ (૩)
૨૭. પતિ (૩)
૨૯. રમત (૨)
૩૦. નાકામિયાબી (૪)
૩૧. પ્રપંચ, દગોફટકો (૫)

### ગયા વખતનો ઉકેલ



### ઊભી ચાવી

૧. વારાફરતી, પ્રસંગોપાત (૬)
૨. નાશવંત (૨)
૩. ગામડું (૩)
૪. ચામડી (૨)
૫. જુલમ (૩)
૬. ચોર (૩)
૯. કાળજી (૩)
૧૦. ક્યારેક (૨)
૧૨. લાગણી, અનુકંપા (૨)
૧૪. પત્ની (૨)
૧૬. ઊંધુંચત્તું, અવળું સવળું (૬)
૧૭. સુધી (૨)
૧૯. હઠ, દુરાગ્રહ (૩)
૨૦. હદ, મર્યાદા (૨)
૨૨. જળ, પાણી (૨)
૨૩. પૃથ્વી (૩)
૨૪. સહેલું (૩)
૨૬. હંસ (૩)
૨૮. ધન, દોલત (૨)
૨૯. લાંબી મુસાફરી, સફર (૨)

## ઓળખાણ પડી?



શિવજીના વાઘના સ્વરૂપની કથા સાથે સંકળાયેલું હોવાથી મંગેશી મંદિર તરીકે ઓળખાતું ધર્મસ્થાન કયા રાજ્યમાં છે એની ઓળખાણ પડે છે?

અ) ગોવા  બ) કર્ણાટક  ક) મહારાષ્ટ્ર  ડ) મણિપુર

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'આજ, કોણ જાણે કેમ, ઠામ બહુ ભેગા થયા છે' પંક્તિમાં ઠામનો અર્થ શું થાય એ જણાવો.

અ) ઠંડક  બ) ભીડ  ક) વાસણ  ડ) લોકો

## માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. 'રિયાધ એર' તરીકે ઓળખાતી એરલાઈન્સ કયા દેશમાં છે?

અ) હંગેરી  બ) રોમાનિયા  ક) સાઉદી અરેબિયા  ડ) ચેક રિપબ્લિક

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૮ | | | ૬ | ૩ | | |
| ૪ | ૬ | | ૩ | | | | | ૯ |
| | ૯ | | | | ૨ | | ૧ | |
| ૬ | | | | | | ૨ | | |
| | | ૨ | | | | ૯ | | |
| | | ૭ | | | | | | ૧ |
| | ૮ | | ૯ | | | | ૩ | |
| ૫ | | | | | ૧ | | ૮ | ૪ |
| | | ૩ | ૬ | | | ૫ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૬ | ૧ | ૨ | ૯ | ૫ | ૭ | ૩ |
| ૧ | ૭ | ૯ | ૮ | ૫ | ૩ | ૪ | ૨ | ૬ |
| ૨ | ૫ | ૩ | ૬ | ૭ | ૪ | ૯ | ૮ | ૧ |
| ૫ | ૪ | ૨ | ૯ | ૧ | ૬ | ૭ | ૩ | ૮ |
| ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૭ | ૬ | ૪ | ૫ |
| ૬ | ૩ | ૭ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૨ |
| ૭ | ૨ | ૪ | ૩ | ૬ | ૧ | ૮ | ૫ | ૯ |
| ૯ | ૧ | ૫ | ૭ | ૮ | ૨ | ૩ | ૬ | ૪ |
| ૩ | ૬ | ૮ | ૪ | ૯ | ૫ | ૨ | ૧ | ૭ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તાટસ્થ્ય | પક્ષપાત |
| તાણો | વાણો |
| તાત્પર્ય | નિરર્થક |
| તાત્કાલિક | વિલંબ |
| તાપ | ઠંડક |

**ગુજરાત મોરી મોરી રેઃ** અમદાવાદ

**ઓળખાણ પડી?** મધ્ય પ્રદેશ

**માઈન્ડ ગેમ :** કેનેડા

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** પરાજિત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભરત કજરિયા (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મીનળ કાપડિયા (૧૪) હેમાંગી કે. મારુ (૧૫) વિપીન શાહ (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) કમલ માતલિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) પ્રવીણ વોરા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) મહેશ સંઘવી (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) મહેશ દોશી

મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
સોમવાર ■ તા. ૨૭-૭-૨૦૨૬



# ધર્મ તેજ

# ગુરુના વાક્ય- સૂત્રો ને એમણે આપેલ વિચારોનું આચરણ કરવું એ જ ગુરુપૂજા છે



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

**बंदऊ गुरु पद पदुम परागा।**
**सुरुचि सुबास सरस अनुरागा।।**

‘રામચરિત માનસ’ની શરૂઆતમાં ગોસ્વામીજીએ ગુરુવંદના દ્વારા ગુરુમૂર્તિનું નિર્માણ કર્યું છે. ગુરુમૂર્તિનો અહીંયા અર્થ થાય છે ગુરુ- નરરૂપ હરિ. આ એક પૂર્ણમૂર્તિનું રૂપ છે. સાધક માટે એનો ગુરુ નર રૂપમાં હોય કે પછી કોઈપણ રૂપમાં હોય, એ એના માટે સ્વયં હરિ છે. જે સાધકની જે ગુરુમાં નિષ્ઠા હોય એના માટે તો એ ભગવાન જ છે. ગુરુ, કોઈ પણ સાચો ગુરુ પોતાને ભગવાન નહીં કહેવડાવે. કારણ કે એ જાણે છે કે બધાનો ભગવાન તો ઉપરવાળો જ છે, પરંતુ આપણી નિષ્ઠા હોય છે તેથી આપણો ગુરુ આપણા માટે હરિ હોય છે. એથી સંતોએ કહ્યું છે કે મનુષ્યમાં ગુરુબુદ્ધિ રાખવી, ગુરુભાવ રાખવો તે યોગ્ય નથી.

એ પછી આગળ ગોસ્વામીની ગુરુના ચરણ કમળની વંદના કરે છે. આમાં પણ એક અર્થમાં ગુરુની વ્યાખ્યા કરી શકાય છે. ગુરુ કેવો હોય ? આપણી સાથે સાથે ચાલે, તેમ છતાં પસંદ રહે છે. સંગનો અર્થ થાય છે આસક્તિ. ગુરુ ચાલે છે આપણી સાથે, પરંતુ તે આપણા તરફ આસક્ત નથી થતાં. તે આપણું ધ્યાન રાખે છે, પરંતુ ખુદ બેધ્યાન નથી હોતા. આપણો નિર્વાહ કરે છે પરંતુ બહુ જ સાવધાનીથી ચાલે છે, જેના ચરણ કમળ જેવા છે. પાણીમાં રહેવા છતાં જે અસંગ રહે છે, બધાથી દૂર રહે છે એ ગુરુ છે.

આગળ ગોસ્વામીજીએ ગુરુના ચરણની પરાગ રજની વંદના કરી છે. ગુરુપદનો અર્થ વેદાંતમાં થાય છે કે પદવાક્યને પ્રમાણ માનવું જોઈએ. પદનો અર્થ થાય છે એમની પદાવલી. જે ક્યારેક એમના વાક્યનાં રૂપમાં હોય, કોઈ શ્લોકના રૂપમાં હોય કે કોઈ મંત્રના રૂપમાં હોય. ગુરુના મુખે નીકળેલા વાક્યો, પદાવલીને પણ ગુરુપદ માની શકાય છે. આપણે ગુરુની ચરણ સેવા કરીએ એ ઠીક છે. સૌના ચરણની સેવા કરો, પૂજા કરો, વંદન કરો એ સારી વાત છે, પરંતુ પદનો મતલબ છે, ગુરુપદનો મતલબ છે એમના આદેશનું પાલન કરો. કારણ કે ગુરુના વાક્યો, સૂત્રો, એમણે આપેલ મંત્રનું આચરણ કરવું એ જ સાચી ગુરુ પૂજા છે.



આપણે ગુરુના ચરણ પૂજીએ પરંતુ એમની એક પણ વાત ન માનીએ તો ? ગુરુને જ્યારે ખબર પડે કે લોકો મારા પગ પૂજે છે, પરંતુ મારો આદેશ નથી માનતા ત્યારે એમના દિલને કેટલી મોટી ઠેસ પહોંચે છે ! આપણે ગુરુની પૂજા કરીએ છીએ, નામ પણ દઈએ છીએ કે અમે તો ફલાણાના શિષ્ય છીએ, પરંતુ પાછી લુચ્ચાઈ પણ કરીએ છીએ, આપણી જડતા છોડતા નથી, અંદરથી છળ કરીએ છીએ, ચાલાકી કરીએ છીએ, હોશિયારી કરીએ છીએ. તો તમે વિચારો કે એવી વખતે ગુરુની શું સ્થિતિ થતી હશે ! ગુરુપદની પૂજાનો અર્થ છે એમની પદાવલી એટલે કે એમના વાક્યો, મંત્રો, વિચારોને સુરક્ષિત રાખીએ. એમના આદેશનું યોગ્ય રીતે પાલન કરીએ.

એક નગરમાં રાજા દરબાર ભરીને બેઠા હતા. રાજાની સભા પણ ઉપસ્થિત હતી. મેં આ કહાની સુફી કથાઓમાં સાંભળી છે. રાજાની સભામાં, દરબારમાં ઘણા બધા વિદ્વાનો અને પંડિતો બેઠા હતા. સભાની વચમાં એક ટેબલ હતું અને તેના પર એક અત્યંત મૂલ્યવાન ને કીમતી એવું મોતી રાખવામાં આવ્યું હતું. રાજાએ એક ઝવેરીને બોલાવ્યા અને કહ્યું કે ‘ભાઈસાહેબ, આ મોતી ને જોઈ જરાક તેની કિંમત બતાવશો?’ એ પારખું વિદ્વાન આવે છે, મોતીનું નિરીક્ષણ કરે છે અને કહે છે કે ‘રાજન, આ મોતીની કિંમત એક લાખ રૂપિયા છે.’ રાજાએ કહ્યું, ‘ધન્યવાદ.’ રાજાએ કહ્યું કે ‘મારી ઈચ્છા છે, મારો આદેશ છે તે તમે મોતીને તોડી નાખો !’ ત્યારે પહેલા ઝવેરીએ કહ્યું કે ‘જે મોતીની મેં એક લાખ રૂપિયા કિંમત કરી તેને હું કેવી રીતે તોડી શકું ? મને માફ કરશો.’ કહી ઝવેરી બેસી જાય છે. રાજાએ બીજા એકને ઊભા કર્યા અને કહ્યું, ‘આપ આની કિંમત બતાવો.’ બીજા ઝવેરીએ કહ્યું કે ‘મારી સમજણ પ્રમાણે આ મોતીની કિંમત ૧૦ લાખ રૂપિયા છે !’ રાજાએ કહ્યું ‘ધન્યવાદ. લો આ પથ્થર અને તોડી નાખો આ મોતીને.’ એ ઝવેરીએ કહ્યું કે ‘મહારાજ, જે મોતીનું હું મૂલ્ય કરું, એને હું તોડી ન શકું, માટે મને માફ કરશો.’ એ પછી રાજાએ એક ત્રીજા પારખુને ઊભા કર્યા. પૂછ્યું કે ‘તમે આની કિંમત શું આંકો છો ?’ તેણે કહ્યું કે ‘હું આ મોતીનું મૂલ્ય એક કરોડ રૂપિયા લગાવું છું.’ રાજાએ એનો આભાર માની કહ્યું કે ‘આ મોતી તોડી નાખો.’ તેણે પણ એ જ જવાબ આપ્યો કે ‘હું આ મોતીને નહીં તોડી શકું.’ એ પછી એક માણસ બહારથી આવ્યો. રાજાએ એને પણ પૂછ્યું. તે વ્યક્તિએ કહ્યું કે ‘આપણા રાજ્યની જેટલી સંપત્તિ છે એ તમે મને આપી દો તો પણ આ મોતીનું મૂલ્ય નહીં થાય. બહુ જ કીમતી મોતી છે.’ રાજાએ કહ્યું ‘સારી વાત છે પરંતુ તમે આ મોતીને તોડી નાખો.’ એ વ્યક્તિએ કહ્યું ‘માફ કરશો, પણ હું આ મોતી તોડીશ નહીં.’

આમ વાત ચાલતી હતી એ દરમિયાન કોઈ મર્મજ્ઞ એવા સાધુ આવ્યા. રાજાએ એ સાધુને પૂછ્યું કે ‘આપ પણ મોતીને પરખનારા છો. આપની દ્રષ્ટિએ આ મોતીની શું કિંમત હોઈ શકે ?’ એ સાધુએ કહ્યું કે ‘દુનિયામાં જેટલાં રાજ્ય છે, તેની સંપત્તિ ત્રાજવામાં એક તરફ રાખો, અને બીજી તરફ આ મોતી રાખો તો પણ આ મોતીની તુલના થઈ શકે તેમ નથી, એટલું બધું મૂલ્યવાન છે.’ રાજા ખૂબ ખુશ થયા અને તેમનો આભાર માન્યો. રાજાએ કહ્યું કે ‘આપે તો આ મોતીની અંતિમ કિંમત બતાવી દીધી છે. તમે આને તોડી નાખો. એ જ વખતે હાથમાં પથ્થર લઈ અને તે સાધુએ મોતીને તોડી નાખ્યું !’ દરબારમાં સન્નાટો છવાઈ ગયો ! આટલું કીમતી મોતી અને સાધુએ તેને તોડી નાખ્યું ? એક લાખથી જેની શરૂઆત થઈ હતી અને આટલી ભારેખમ જેની કિંમત થઈ એ મોતી તોડી નાખ્યું? ત્યારે સાધુએ કહ્યું કે ‘મારા માટે મોતી કરતાં આપના વચનોની કિંમત વધારે છે! આપના હુકમની કિંમત વધારે છે.’ સાચો શિષ્ય એ છે કે જેના મનમાં ગુરુના વાક્યો, ગુરુના સૂત્ર અને ગુરુના વિચારોની મહિમા છે.

ગુરુએ આદેશ આપ્યો, વાત ખતમ.

(સંકલનઃ જયદેવ માંકડ) ■

# જીવનભર શિવ-શક્તિની આરાધના કરી જીવન-મૃત્યુના ફેરાથી છૂટવા માંગતી હતી

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com



માતા પાર્વતીની આંખોમાંથી નીકળી રહેલા આંસુથી ભગવાન શિવ વ્યથિત થાય છે. માતા પાર્વતી કુમાર કાર્તિકેયને મળવા જતા હોય છે ભગવાન શિવ તેમને અટકાવતાં કહે છે, ‘થોભો પાર્વતી, આ વસ્તુસ્થિતિ યોગ્ય નથી, સંતાનોના વિકાસ માટે તેમને માતા-પિતાએ એકલા છોડવા અનિવાર્ય છે. તેમણે ફરી રણસંગ્રામમાં ઉતરવું પડશે. તમારે ચિંતિત થવાની જરૂર નથી. કુમાર તેમની પાલક માતા કૃતિકાઓ પાસે પહોંચી ગયા છે.’ સામે કૃતિકા લોકમાં કુમાર કાર્તિકેયને જોઈ કૃતિકા માતાઓ (સીવા, સંભુતી, પ્રિતી, સન્નતી, અનસુયા અને ક્ષમા) ભાવવિભોર બની જાય છે. કુમાર કાર્તિકેય બધી માતાને પ્રણામ કરી આશિર્વાદ લે છે. માતા સીવા કહે છે, ‘પુત્ર તમે આટલા વરસો સુધી ક્યાં હતાં, માતાની યાદ ન આવી? પુત્રના વિરહમાં માતાની એક એક પળ કઈ રીતે વીતે છે એ તમને ક્યાંથી ખબર પડે?’ માતાઓને પ્રસન્ન કરવા કુમાર કાર્તિકેય કહે છે, ‘માતા હવે તમારા વિરહનો અંત આવી ગયો છે હું અહીં તમારી સાથે છું. તમારો સ્નેહ પામી હું પોતાને પરમ ભાગ્યશાળી હોવાની અનુભૂતિ પામી રહ્યો છું.’ કૃતિકાઓ કુમાર કાર્તિકેયને લાડ લડાવવા લાગી, પણ કુમાર કાર્તિકેયના મુખ મંડલ પરની આભા જોઈ કૃત્તિકાઓ સમજી શકતી હતી કે કાર્તિકેય કોઈ તકલીફમાં છે. માતા અનસુયા તેમને કહે છે, ‘પુત્ર સંકોચ ન અનુભવો, અમે તમને પ્રેમ કરીએ છીએ, તમારી માતા છીએ, તમારા મુખ મંડળની આભા જોઈ સમજી શકીએ છીએ કે તમે કોઈ પીડા અનુભવી રહ્યા છો, કહો પુત્ર શું થયું?’ કુમાર કાર્તિકેય કહે છે, ‘અરુણાસુર નામે એક અસુર છે તેણે પોતાની માતાને ફરી જીવિત કરવા યમદેવનો વધ કરવા જ જઈ રહ્યો હતો મેં તેને અટકાવ્યો, એણે કહ્યું હું મારી માતા ફક્ત પુનઃજીવિત કરવા માગું છું અને ત્યારબાદ આજીવન ભગવાન શિવનો સેવક બની તેમની ભક્તિ કરીશ, પણ પિતાજી અરુણાસુરની માતાને પુનઃજીવિત કરવા માગતા નથી. હું ફક્ત એની માતાને પુનઃજીવિત કરવા માગું છું કોઈ અમરત્વ નથી માંગતો.’ માતા સીવા સમજાવતાં કહે છે, ‘ભગવાન શિવ અને માતા પાર્વતી યોગ્ય જ કહી રહ્યા છે. સાધારણ માનવી માટે જીવન-મરણનું સંસારચક્ર તોડવું યોગ્ય નથી. તમારે આવું વચન ન આપવું જોઈએ.’ માતા સીવાની વાતથી કુમાર કાર્તિકેયને દુઃખ થતાં તેઓ ત્યાંથી વિદાય લે છે. કૃતિકા માતાઓ કૈલાસ પહોંચી બધી વાત ભગવાન શિવને જણાવે છે. ભગવાન શિવ અને માતા પાર્વતી કુમાર કાર્તિકેયને સમજાવવા તેમની પાસે જાય છે અને કહે છે, ‘પુત્ર તમારી ભાવનાઓને સંયમમાં રાખો, તમે એક દેવ સેનાપતિ છો, તમારું કર્તવ્ય શું છે એ સમજો.’ ક્રોધિત કાર્તિકેય માતાનો હાથ છોડી ત્યાંથી ક્ષિરસાગર તરફ પ્રયાણ કરે છે. બીજી તરફ અરુણાસુર પ્રકૃતિને પામવા માતા પાર્વતીની આરાધના કરવા લાગ્યો હતો, તેના શરીરમાંથી અગ્નિની જ્વાળાઓ પ્રગટ થવા માંડી.

* * *

કુમાર કાર્તિકેય ક્ષિરસાગર પહોંચે છે.

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ ‘આવો કુમાર તમારું ક્ષિરસાગરમાં સ્વાગત છે.’

કુમાર કાર્તિકેયઃ ‘હું અહીં ક્ષિરસાગરમાં એક બાળકરુપે પોતાના મામા શ્રીહરીને મળવા આવ્યો છું.’

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ ‘કુમાર ક્ષિરસાગર તમારું મોસાળ છે, પ્રેમથી કહો તમારા મામા સાંભળવા તૈયાર છે.’

કુમાર કાર્તિકેયઃ ‘હું મારું બાલ્યકાળ વ્યતીત કરી રહ્યો હતો ત્યાં એક દિવસ મને ખબર પડી કે મારા માતા-પિતા કોણ છે. તેમની આજ્ઞાથી હું તેમની સાથે કૈલાસ ગયો. હું પુત્ર પ્રેમને પામવા મથી રહ્યો હતો ત્યાં પિતાજીએ મારા હાથમાં શસ્ત્રો આપી દીધા અને તેઓ મારા પિતા નહીં ગુરુ બની ગયા. શસ્ત્ર શિક્ષા મેળવી હું સેનાપતિ બની ગયો. હું ક્યારેય પુત્ર બની શક્યો નથી. તારકાસુરના વધ બાદ બધાને લાગતું હતું કે હું દેવોનો રાજા બનીશ, પણ પિતાજીએ કહ્યું કે હું દેવોનો રાજા નહીં બની શકું. પિતાજીએ કહ્યું ત્યારે દેવતાઓના રક્ષણ માટે યુદ્ધ કર્યું છે, અરુણાસુર સાથેના દરમિયાન મેં અરુણાસુરમાં પોતાની માતાનો પ્રેમ-વાત્સલ્ય મેળવવા તડપતો એક પુત્ર જોયો એટલે એક ક્ષણ લાગણીસભર બની જઈ તેને વચન આપ્યું કે તારી માતા અવશ્ય પુનઃજીવિત થશે.’

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ ‘ભૂલ કરી છે કાર્તિકેય તમે. પણ તમે એમ વિચારી રહ્યા હો કે માતા-પિતા પ્રેમ નથી કરતાં એ તમારી સૌથી મોટી ભૂલ છે. સમસ્યા એક વચનની નથી સમસ્યા એક પુત્રને ભ્રમિત કરી તેની ભાવનાઓનો દુરુપયોગ કરવાની છે. જેનું પરિણામ સંસારને અસંતુલીત કરી દેવાનું છે. એક દિવસ તમને ગ્લાનિ થશે કે તમારા માતા-પિતા તમને કેટલો પ્રેમ કરે છે, તમે એમને કેમ સમજી ન શક્યા. મારા પર વિશ્વાસ રાખી કૈલાસ જાઓ.’

કુમાર કાર્તિકેયઃ ‘જેવી તમારી ઇચ્છા મામાજી.’

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ ‘સફળ ભવઃ’

કુમાર કાર્તિકેય ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને માતા લક્ષ્મીના આશીર્વાદ લઈ કૈલાસ પહોંચે છે.

માતા પાર્વતીઃ ‘પુત્ર તમારું કૈલાસ ખાતે આગમન શુભ ફળ આપનારું બનશે.’

કુમાર કાર્તિકેયઃ ‘માતા મારું જીવન દેવતાઓના કલ્યાણ માટે જ લખાયું છે, માતા પિતાના સ્નેહ માટે નહીં.’

માતા પાર્વતી આટલું સાંભળી વ્યથિત થઈ જાય છે. જ્યારે એક માતાની મમતા પર પ્રશ્ન ઉઠે છે ત્યારે માતા એ સહન કરી શકતી નથી.

માતા પાર્વતીઃ ‘પુત્ર તમે આપેલું વચન ખોટું નહીં પડે, હું અરુણાસુરની માતાને પુનઃજીવિત કરીશ, પણ પુત્ર એટલું જરૂર કહીશ કે તમે સ્થિતિને એટલી અનિયંત્રિત કરી દીધી છે કે તમે પોતે પણ નિયંત્રિત નહીં કરી શકશો. હવે જે કરવાનું હશે એ સ્વયં હું કરીશ. હું છેલ્લી વાર તમને પૂછું છું કે શું તમારા વચનની પૂર્તિ હજી આવશ્યક છે.’

થોડા સમય સુધી કુમાર કાર્તિકેય તરફથી કોઈ જવાબ ન મળતાં માતા પાર્વતી કહે છે કે ‘તમારા તરફથી કોઈ ઉત્તર ન મળતાં હું એમ સમજું છું કે તમારા વચનની પૂર્તિ આવશ્યક છે.’ આટલું કહી માતા પાર્વતી ત્યાંથી વિદાય લે છે.

* * *

સામે અરુણાસુર માતા પાર્વતીની આરાધનામાં લીન હોય છે. માતા પાર્વતી તેની સામે પહોંચે છે.

માતા પાર્વતીઃ ‘અરુણાસુર આંખ ખોલો.’

અરુણાસુરઃ ‘માતા તમે દશ્યમાન નથી, મને દર્શન આપો.’

માતા પાર્વતીઃ ‘અરુણાસુર તમારી કરતૂત આસુરી હોવાથી હું તમને દર્શન નહીં આપી શકું.’

અરુણાસુરઃ ‘માતા દર્શન આપો અને મારી માતાને પુનઃજીવિત કરો.’

માતા પાર્વતી કુમાર કાર્તિકેય દ્વારા અપાયેલા વચનની પૂર્તિ હેતુ અરુણાસુરને દર્શન આપે છે અને પોતાની યોગાગ્નિના તેજપૂંજથી અરુણાસુરની માતાને પુનઃજીવિત કરે છે. અરુણાસુર તેની માતાને ભેટવા જાય છે પણ તે ભેટી શકતો નથી. તેની માતાનો આત્મા તેને રોકી દે છે અને કહે છે, ‘હે અરુણ મેં જીવનભર શિવ-શક્તિની આરાધના કરી અને જીવન-મૃત્યુના ફેરાથી છૂટવા માંગતી હતી. હું શિવ-શક્તિ દ્વારા મળેલા આશીર્વાદથી જીવન-મૃત્યુના ફેરાથી મુક્ત થવાની જ હતી પણ તેં મારા શબને અગ્નિસંસ્કાર ન આપીને મને મુક્તિ ન મળવાં દીધી. માતા પાર્વતી હું તમને વિનંતી કરું છું કે મારા પતિ દ્વારા થતા સમાજના દમનને જોઈ હું જીવન-મૃત્યુના ફેરાથી છૂટવા માંગતી હતી હવે મને મુક્તિ આપો. માતા મને મારા ધામ જવાની પરવાનગી આપો. હવે તમારા તેજપૂંજના સ્પર્શથી હું મારા ધામ જઈ શકીશ.’

માતા પાર્વતીઃ ‘જાઓ વૈતરણી પાર કરો.’

માતા પાર્વતીના આશીર્વાદથી અરુણાસુરની માતા વૈતરણી પાર કરે છે અને જીવન-મૃત્યુના ફેરાથી મુક્તિ મેળવે છે.

પોતાની સામે મૃત માતાનું શરીર અદશ્ય થતાં અરુણાસુર ત્રાડ પાડે છે, ‘માતા પાર્વતી આ છળ-કપટ છે, તમે આવું કઈ રીતે કરી શકો?’ (ક્રમશઃ)■

ચિંતન
હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# મહાદેવથી શરૂ થયેલી ગુરુ-પરંપરા



‘ગુરુ’ એ ‘ગુ’ અને ‘રુ’ અક્ષરના સમાસથી બનેલો શબ્દ છે. ‘ગુ’નો અર્થ થાય છે અંધકાર અને ‘રુ’ એટલે દૂર કરનાર. ગુરુ એટલે જે અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરી જ્ઞાન રૂપી પ્રકાશ ફેલાવે તે મહાત્મા. તેમનાં જ્ઞાન અને સ્થિતિને આધારે મહાદેવને જેમ આદિ-યોગી કહેવાય છે તેમ આદિ-ગુરુ પણ કહેવાય છે. ગુરુ-પરંપરા મહાદેવથી શરૂ થઈ જે આજદિન સુધી સ્થાપિત છે. મહાદેવના પ્રથમ શિષ્ય કોણ હતાં તે વિશે વિવિધ ગ્રંથોમાં મતમતાંતર જોવા મળે છે. એક સંભાવના પ્રમાણે માતૃશક્તિના સ્વરૂપ સમાન, મહાદેવના અર્ધાંગિની, દેવી પાર્વતીએ સૌપ્રથમ મહાદેવ પાસેથી યોગ, તંત્ર, સાધના, આધ્યાત્મ, નૈતિકતા અને સાત્વિકતા વિશે જ્ઞાન મેળવ્યું હતું. આ વાત સ્વાભાવિક પણ લાગે છે. જે વ્યક્તિ સતત સહવાસમાં હોય તે આપમેળે, સંવાદથી કે અવલોકનથી, ઘણી બધી વાતો શીખી લે. અહીં તો સહવાસ અર્ધાંગિનીનો હતો, જે જ્ઞાન માટે પૂર્ણ જિજ્ઞાસુ પણ હતાં. સ્વાભાવિક રીતે જ્ઞાનનો પહેલો લાભ તેમને મળ્યો હોય. વિવિધ સમયે, વિવિધ સ્વરૂપે ઘટીત થયેલ શિવ-શક્તિ સંવાદથી આ વાત સ્થાપિત થાય છે. તે ઉપરાંત નંદિશ્વર, સનતકુમાર, બ્રહ્મા, વિષ્ણુ, સપ્તર્ષિ એમ ઘણાંએ મહાદેવ પાસેથી પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુ-પરંપરાની શરૂઆત પર થોડું ધ્યાન કેન્દ્રિત કરીએ. મહાદેવ દ્વારા અનેક દેવતાઓ, ઋષિગણ, યોગી, ભક્ત, જિજ્ઞાસુ, રાજવી, યક્ષ-ગંધર્વ અને અન્ય ગણને જ્ઞાન અપાયું છે.

શિવજીના સાત ઋષિ શિષ્યોને ‘સપ્ત ઋષિ’ તરીકે ઓળખવામાં આવે છે. તેમને સનાતની પરંપરાનાં મુખ્ય યોગીક તેમ જ આધ્યાત્મિક બાબતોનાં - શિવજ્ઞાનના - પ્રથમ ગ્રાહક, રક્ષક તથા પ્રચારક માનવામાં આવે છે. શિવજી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી, તપસ્યા, ચિંતન અને અનુકરણ દ્વારા તે જ્ઞાનના માર્ગે આગળ વધી તેમણે પૂર્ણતા પ્રાપ્ત કરી અને અન્ય અનેકને તે માટે પ્રેરિત કર્યા. આ સપ્તર્ષિની સૂચિ જુદાં જુદાં ગ્રંથોમાં જુદી જુદી જોવાં મળે છે. આમાંની કોઈ એક સૂચિ પર આધાર રાખવાને બદલે અહીં લગભગ બધાં જ ઋષિઓ વિશે થોડો ઉલ્લેખ જરૂરી જણાય છે.

ભગવાન બ્રહ્માના માનસ પુત્ર, મહાસતી અનસુયાના સ્વામી, ભગવાન દત્તાત્રેય, ચંદ્ર તથા દુર્વાસાના પિતા, મહાન તપસ્વી અને વેદના જ્ઞાતા અત્રિ ઋષિ મહાન શિવ-શિષ્ય હતાં. બ્રહ્મવિદ્યા તથા યોગ-જ્ઞાનના પ્રસારક અત્રિ ઋષિની ગણના મહાદેવના શિષ્યોમાં ગૌરવ પૂર્વક થાય છે. ભૃગુ સંહિતાના રચયિતા, જ્યોતિષશાસ્ત્રના પ્રણેતા, પ્રખર ગ્રહ-જ્ઞાની, ભવિષ્યવેત્તા તથા ન્યાયના પ્રખર આગ્રહી એવા ભૃગુઋષિ પણ મહાદેવના શિષ્ય છે. મહાદેવના શિષ્યની સૂચિમાં અંગિરા ઋષિનું પણ નામ અંકિત થયેલું છે. તેઓ ઋગ્વેદના ઋષિ ગણાય છે. સાથે સાથે તેમની યજ્ઞ-નિપુણતા, ધ્યાન-સિદ્ધિ તથા દેવતાઓ સાથે સંવાદ સ્થાપવાની ક્ષમતા ઉલ્લેખનીય છે. રઘુવંશના કુલગુરુ, યોગવશિષ્ઠના રચયિતા, જ્ઞાન અને યોગના સમન્વયની વાત કરનાર, વિવિધ રાજકુળમાં જ્ઞાનના મહિમાનો પ્રસાર કરનાર મહાન શિવભક્ત વશિષ્ઠ ઋષિનું નામ પણ આ સૂચિમાં છે. રાવણના પિતામહ પુલસ્ત્ય ઋષિ - કે જેમણે પુરાણો તથા ઇતિહાસને સુગ્રંથિત કર્યા અને આ માટે તેમણે બ્રહ્માજી પાસેથી પણ જ્ઞાન પ્રાપ્ત કરેલું - નો સમાવેશ પણ જોવા મળે છે.

તે ઉપરાંત તપસ્વી જીવનને અનેરું મહત્ત્વ પ્રદાન કરનાર પુલહ ઋષિ, શાંતિ તથા સદાચારના આગ્રહી તેમ જ યજ્ઞ વિધિમાં નિપુણ ગણાતા કૃતુ ઋષિ, તપ વ્રત તેમ જ આશ્રમ વ્યવસ્થાના પ્રચારક ગૌતમ ઋષિ, રાજામાંથી બ્રહ્મર્ષિની પદવી પામેલ, શકુંતલાના પિતા તેમ જ મહાન તપસ્વી વિશ્વામિત્ર ઋષિ, આયુર્વેદ, ધર્મશાસ્ત્ર તથા સેવા થકી ધર્મની સ્થાપના માટે પ્રેરણા આપનાર ભરદ્વાજ ઋષિ, શિવ ઉપાસક પરશુરામના પિતા મહાન જમદગ્નિ ઋષિ, મહાભારતના રચયિતા, વેદોને સંકલિત કરનાર અને પુરાણ તથા બ્રહ્મસૂત્રના સર્જક વેદવ્યાસ મુનિ, દક્ષિણ ભારતમાં વેદિક પરંપરા તેમ જ શિવભક્તિનો વિસ્તાર કરનાર અગસ્ત્ય ઋષિ, દેવી-પ્રકૃતિ તથા શિવ-તત્ત્વના સમન્વયના પ્રખર વિચારક અને માતંગ-તંત્રના સ્થાપક માતંગ મુનિનો સમાવેશ પણ આ સૂચિમાં એક યા બીજા ગ્રંથમાં જોવા મળે છે.

આ ઉપરાંત શિવજીના ગણમાં પ્રમુખ એવા નંદીશ્વર, દાનવોના ગુરુ શુક્રાચાર્ય તેમ જ દેવોના ગુરુ બૃહસ્પતિ, વૈરાગ્ય તેમ જ જ્ઞાન માટે આદર્શ ગણાતા વ્યાસજીના પુત્ર શુકદેવજી, તંત્ર દ્વારા અનેક શક્તિના સાધક ભૈરવ, હઠયોગ તથા તાંત્રિક વિદ્યા માટે પ્રખ્યાત નાથ સંપ્રદાયનાં ગોરક્ષનાથ, મચ્છેન્દ્રનાથ, જાલંધરનાથ જેવાં મહાન સાધક, સનાતની સંસ્કૃતિમાં અદ્વૈત દર્શનના પ્રખર હિમાયતી આદિ શંકરાચાર્ય જેવાં મહાદેવના અનેક શિષ્યોએ પ્રથમ સ્વયં આધ્યાત્મિકતાના રંગે રંગાઈને પછી સમગ્ર માનવ જાતને તે રંગ પહોંચાડવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કર્યા છે. મહાદેવથી જ્ઞાનની જે પરંપરા શરૂ થઈ તે આજદિન સુધી શુદ્ધતા અને પવિત્રતાના ભાવ સાથે ચાલુ છે. મહાદેવથી જે ગુરુ-પરંપરા સ્થાપિત થઈ તે આજે પણ તેટલી જ દૃઢતાથી સ્થાપિત થયેલી જોવા મળે છે. મહાદેવ દ્વારા આધ્યાત્મિકતાનો જે પ્રવાહ ચાલુ કરાયો તે આ જ પર્યંત તે જ સ્વરૂપે વહે છે.

સમજી શકાય છે કે કેવાં કેવાં મહાન ભક્તોએ, શિષ્યોએ, ઋષિઓએ મહાદેવ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું અને આ ગુરુ-પરંપરાની શરૂઆત થઈ. આ બધા શિષ્યોએ મહાદેવ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે મેળવેલું જ્ઞાન આજ દિન સુધી જેમની તેમ સ્થિતિમાં સચવાયેલું છે જે માનવજાત માટે એક મહાન આશીર્વાદ સમાન છે. સાધનાના વિવિધ માર્ગ હોય કે શાસ્ત્રીય યોગીક પદ્ધતિ, તપસ્યાની રીત હોય કે આધ્યાત્મની સમજ, જ્ઞાનનો વ્યાપ હોય કે વૈરાગ્યની સ્થાપના, શિવ સ્વરોદય હોય કે વિજ્ઞાન ભૈરવ, શિવસૂત્ર હોય કે શિવગીતા, મહાદેવના શિષ્યોએ આ બધું જ જ્ઞાન અને તેનું તારણ અને તેની અનુભૂતિ વ્યવસ્થિત રીતે પોતાના જીવનમાં સ્થાપિત કરી પછી માનવ જાતને મદદરૂપ થવા માટે તેનો પ્રસાર કરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરેલો છે. સ્વાભાવિક છે કે આ માટે તેમણે લાયકાત ચકાસી હોય. ગુરુપૂર્ણિમાના દિવસે આ ગુરુ-પરંપરાનો પ્રારંભ યાદ કરવામાં દિવ્ય અને પવિત્ર આનંદ પ્રાપ્ત થાય. ■

અલખનો ઓટલો

# ભજન કરે તો ભય ઘટે... (ભોજાભગતની વાણી)

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



જ્ઞાની-ઉપદેશક સંતકવિ ભોજાભગત /ભોજલરામનો જીવન સમય છે ઈ.સ. ૧૭૮૫થી ઈ.સ.૧૮૫૦ સુધીનો. તેઓ ગિરનારી સાધુ રામેતવનના શિષ્ય હતા. દેવકીગાલોળ (તા. જેતપુર, જિ. રાજકોટ) ગામે લેઉવા કણબી જ્ઞાતિમાં ભોજાભગતનો જન્મ થયેલો. પિતાનું નામ કરસનદાસ સાવલિયા અને માતાનું નામ હતું ગંગાબાઈ. પોતાના બે ભાઈઓ કરમણ અને જસા સાથે અમરેલી પાસેના ચક્કરગઢ ગામે ખેતી કરવા ગયા અને ફતેહપુર ગામ વસાવ્યું. અમરેલીના ગાયકવાડી સૂબા વિઠ્ઠલરાવને ઉપદેશ આપવા 'ચાબખા' પ્રકારનાં ભજનોની રચના કરેલી. શિષ્યોઃ ૧. જલારામ (વીરપુર), ૨. વાલમરામ (ગારિયાધાર), ૩. જીવણરામ (ફતેપુર). શિષ્ય જલારામને ત્યાં વીરપુર ગામે સમાધિ લીધી. રચનાઓ : 'ચેલૈયા આખ્યાન', વાર તિથિ, મહિના સરવડાં, 'ભક્તમાળ' કાફી, હોરી, કક્કો, બાવનાક્ષરી અને ચાબખા. જગ્યાઃ ફતેપુર (અમરેલી પાસે). ભોજાભગતની 'ચાબખા' પ્રકારની પદ-ભજન રચનાઓ માનવીને ત્યાગ, વૈરાગ અને સત્સંગનો ઉપદેશ આપે છે.

*મન તું હજી શિખામણ માન, એક દી ચાલવું છે સમશાન*
*લખ ચોરાશીમાં અવતર્યા ને ખરી તેં ભોગવી ખાણ;*
*એ તો અવગુણ અતિ ઘણો, એક હરિ ભજ્યા વિણ હાણ..*
*મન તું હજી શિખામણ માન..*
*ભજન કરો તો ભય મટે, સંત શબ્દ ધરજો કાન ;*
*અમરદેવને આરાધી લેજો, સમજ સગુરુની શાન...*
*મન તું હજી શિખામણ માન..*
*શુદ્ધ વિચારીને ચાલજો ભાઈ રહેવું પડશે રાન ;*
*મૂવા પછી નથી માણવું, વાંસે સગા કરશે સ્નાન...*
*મન તું હજી શિખામણ માન..*
*રાજા પરીક્ષિત પામિયો ભુવનપતિ ભગવાન ;*
*સાત દિવસ સાંભળ્યું એવું ગોવિંદ કેરૂ જ્ઞાન... મન તું હજી શિખામણ માન..*
*પ્રેમપદને પામવા, તું મેલી દે મનની તાણ; ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે ભક્તિ છે નિર્વાણ... મન તું હજી શિખામણ માન..*
*કેવી આકરી વાણીમાં ભોજાભગતે મનુષ્યોને જગાડ્યા છે?*
*મૂરખા જનમ ગયો તારો રે, બાંધ્યો પાપ તણો ભારો રે*
*નામ સાંભળતા નિા આવે, લાગે હરિજશ ખારો રે ;*
*અમૃત રસને મેલી કર્યો તેં, વિષનો વેપારો રે... મૂરખા જનમ ગયો તારો રે...*

૦૦૦૦

*મૂરખો કાલની વાતું કરે, માથે કાળનું ચક્ર ફરે*
*કેને કહેવા તું કહી સંભળાવે, પોતે કરતો નવ ડરે ;*
*વિષયવિકારમાં ફરે વલખતો, પારકા ઘરમાં ગરે... મૂરખો કાલની વાતું કરે...*

૦૦૦૦

*પ્રાણિયા ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર*
*ધન દોલત ને માલ ખજાના, પુત્ર ને પરિવાર ;*
*એમાંથી જાશ તું એકલો, પછે ખાશે જમના માર... પ્રાણિયા ભજી લેને કિરતાર...*

૦૦૦૦

*ખૂટલ ખરખરો થાશે રે, બાજી તારા હાથમાંથી જાશે રે*
*કોઈ કહ્યું નથી માનતા, પણ દેહી દુઃખ બહુ સેશે રે ;*
*ભલા ભલાયું કરી લેજો, આ રંગ જાતો રેશે રે... ખૂટલ ખરખરો થાશે રે...*

૦૦૦૦

*ભરમાવી દુનિયા ભોળી રે, બાવો ચાલ્યો ભભૂતિ ચોળી...*
*દોરા ધાગાને ચીઠ્ઠી કરીને આપે ગણકારીને ગોળી*
*જીવ ને હણતાં દયા ન આણે, જેમ ભીલ ઠાકરડા ને કોળી રે...*
*-બાવો ચાલ્યો ભભૂતિ ચોળી...૦*
*નિત નિત દર્શન નીમ ધરાવે, ઘેર આવે સ્ત્રીની ટોળી*
*માઈ માઈ કરીને બાવો બોલાવે, હૈયે કામની હોળી રે...*
*-બાવો ચાલ્યો ભભૂતિ ચોળી...૦*
*સઘળા શિષ્યોને ભેગા કરીને, ખાય ખાંડ ખીરને પોળી*
*ભોજો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યા બોળી રે...*
*-બાવો ચાલ્યો ભભૂતિ ચોળી...૦* ■

સનાતન પુરાતન અદ્યતન



મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

# પેપર લીકથી માંડી ગુરુકુળની લીકપ્રૂફ વ્યવસ્થા સુધી...

**પરમ** દિવસે ગુરુપૂર્ણિમા છે ત્યારે વૈદિક યુગની ગુરુ-શિષ્ય પરંપરા અને આજના શિક્ષણની સરખામણી કરવી ખરેખર પ્રાસંગિક અને જીવનોપયોગી બની રહેશે.

તાજેતરમાં જ ગુરુપૂર્ણિમા નિમિત્તે મુંબઈ યુનિવર્સિટી (કાલીના)ના ગુજરાતી પ્રોફેસર ડોકટર હાર્દિક ભટ્ટ (એમ.એ. પી.એચ. ડી) સાથે વાર્તાલાપ કરવાનો મોકો મળ્યો ત્યારે તેમણે વૈદિક યુગની ગુરુકુળ શિક્ષણપ્રથા અને આજની શિક્ષા વ્યવસ્થા વચ્ચે કેવા તફાવત છે એની સુંદર ચર્ચા કરી.

તેઓ કહે છે કે દર વર્ષે ગુરુપૂર્ણિમા આવે છે. આપણે ગુરુને વંદન કરીએ છીએ, પુષ્પ અર્પણ કરીએ છીએ, પ્રવચનો સાંભળીએ છીએ; પરંતુ ભાગ્યે જ એ પ્રશ્ન પૂછીએ છીએ કે શું આજે આપણા શિક્ષણમાં ગુરુતત્ત્વ બચ્યું છે?

ભારતની પ્રાચીન ગુરુકુળ પરંપરા માત્ર ભણાવવાની પદ્ધતિ નહોતી; તે જીવન જીવવાની કળાનું વિશ્વવિદ્યાલય હતી. ત્યાં શિક્ષણનો હેતુ માત્ર વિદ્વાન બનાવવાનો નહોતો, પરંતુ વિનમ્ર, સંસ્કારી, સંયમી અને જવાબદાર મનુષ્ય ઘડવાનો હતો. આજનું શિક્ષણ જ્ઞાન આપે છે, પરંતુ જીવનનો અર્થ સમજાવતું નથી.

પ્રાચીન ગુરુકુળમાં શિક્ષણનું કેન્દ્ર ગુરુનું વ્યક્તિત્વ હતું; આજે શિક્ષણનું કેન્દ્ર માત્ર ફી અને પાઠ્યક્રમ બની ગયો છે. ત્યાં ગુરુ શિષ્યને માત્ર શાસ્ત્ર જ નહોતો શીખવતો; તે પોતાનું જીવન શીખવતો હતો. આજે શિક્ષક પાસે વિષયનું જ્ઞાન છે, પરંતુ સમયની મર્યાદાઓએ અને આપણી શિક્ષણ તેમ જ સમાજ વ્યવસ્થા એ ગુરુ-શિષ્યના આત્મીય સંબંધને સાવ સંકુચિત કરી દીધો છે.

અત્યારે 'નીટ ' પરીક્ષામાં પેપર ફૂટવાને મામલે દેશમાં હોબાળો મચી રહ્યો છે ત્યારે પરીક્ષા લેવા બાબતે તેઓ જણાવે છે કે, ગુરુકુળમાં પરીક્ષા માત્ર વર્ષના અંતે નહોતી લેવાતી પરંતુ વિદ્યાર્થીનું દરરોજનું જીવન જ તેની પરીક્ષા હતી. શિષ્યના ગુણ તેની વિનમ્રતા, સેવા, ચારિત્ર્ય સત્યનિષ્ઠા, મૂલ્યનિષ્ઠા અને સ્વાનુશાસનથી માપવામાં આવતા. આજે સફળતાનું માપદંડ માત્ર ગુણપત્રક, ડિગ્રી અને પેકેજ બની ગયું છે.

ટેક્નોલોજીએ શિક્ષણને ઝડપ આપી છે, પરંતુ ઝડપ હંમેશાં ઊંડાણ આપતી નથી.

અહીં હાર્દિક સરે 'ગુણ' શબ્દ વાપર્યો છે એ કેટલો ઉચિત શબ્દ છે. ગુરુકુળમાં શિષ્યના સાંનિધ્યમાં રહી તેના ગુણ - અવગુણને પારખીને તેનું જીવન કંડારવામાં આવતું. જ્યારે આજે કાગળ પર પરીક્ષા લેવાય છે અને કાગળ પર જ માર્ક આપી દેવાય છે. વિદ્યાર્થીના ગુણ - અવગુણ સાથે આ માર્કશીટને કોઈ લેવા દેવા નથી હોતા. અરે વિદ્યાર્થી અને પરીક્ષકો એકબીજાને જાણતા પણ નથી હોતા. પેપરમાં જે લખ્યું હોય તે સાચું પછી એ ગોખીને લખ્યું હોય કે ચોરી કરીને લખ્યું હોય.

પ્રોફેસર વધુમાં કહે છે કે સાવ એવું નથી કે પ્રાચીન પદ્ધતિમાં બધું જ સંપૂર્ણ હતું અથવા આધુનિક શિક્ષણમાં બધું જ ખોટું છે. પરંતુ આ બન્નેનો યોગ્ય સમન્વય અતિ આવશ્યક છે. આધુનિક વિજ્ઞાન, સંશોધન, ટેક્નોલોજી અને વૈશ્વિક દૃષ્ટિ વિના આજનો વિકાસ શક્ય નથી પરંતુ વિકાસ ત્યારે જ કલ્યાણ બને, જ્યારે તેની સાથે સંસ્કાર અને સત્યનિષ્ઠા અને પ્રામાણિકતા જોડાય.

આજની સૌથી મોટી જરૂરિયાત નવી શિક્ષણ પદ્ધતિ નહીં, પરંતુ શિક્ષણમાં ગુરુકુળના આત્માનું પુનઃજાગરણ છે. સ્માર્ટ ક્લાસરૂમ સાથે સંસ્કાર, કૃત્રિમ બુદ્ધિમત્તા સાથે આત્મબુદ્ધિ, અને કારકિર્દી સાથે કર્તવ્યબોધ જોડાશે ત્યારે જ શિક્ષણ સાર્થક અને પૂર્ણ કહેવાશે.

ગુરુપૂર્ણિમા આપણને યાદ અપાવે છે કે ગુરુ માત્ર પાઠ ભણાવતો નથી; તે જીવનને દિશા આપે છે. શિક્ષક માહિતી આપી શકે, પરંતુ ગુરુ જ ચેતનાને જાગૃત કરી શકે.

વાત તો સાચી છે. અગાઉ વિદ્યાર્થીના માત્ર આર્થિક ઉપાર્જન જ નહી પરંતુ તેના તન, મન અને આત્માના વિકાસ તરફ ધ્યાન અપાતું હતું.

તેઓ કહે છે કે 'શાળાના શિક્ષક આપણને જીવનનિર્વાહ શીખવે છે, જ્યારે ગુરુ જીવનના નિર્વાહની સાથે સાથે જીવનના નિર્વાણની કળા પણ શીખવે છે. ડિગ્રી ભૌતિક સફળતા અપાવી શકે, પરંતુ ગુરુતત્ત્વ પાસેથી મળેલી સાચી વિદ્યા જ મનુષ્યને મહાન બનાવે છે.'

અંતે તેઓ ગુરુકુળ વ્યવસ્થા અને આધુનિક શિક્ષણ વચ્ચેના નીચે મુજબના સાત મુખ્ય તફાવતો લખીને આપે છે તે ખરેખર વિચારણીય છે.

**૧) શિક્ષણનું લક્ષ્ય -**

**ગુરુકુળઃ** મનુષ્યનું સર્વાંગી ઘડતર, ચરિત્ર, સંયમ, કર્તવ્ય અને આત્મજ્ઞાન.

**આધુનિક શિક્ષણઃ** વ્યવસાય, રોજગાર, સ્પર્ધા અને આર્થિક સફળતા.

**૨) ગુરુ-શિષ્ય સંબંધ -**

ગુરુકુળઃ આત્મીય, પારિવારિક અને જીવનપર્યંત.

આધુનિક શિક્ષણ : મોટાભાગે ઔપચારિક અને વર્ગખંડ પૂરતો.

**૩) જ્ઞાનની દૃષ્ટિ -**

ગુરુકુળ : જ્ઞાન એટલે જીવન જીવવાની કળા.



ગુરુના માર્ગદર્શન હેઠળ જ્યારે શિષ્ય પૂર્ણત્વને પામે ત્યારે જ સાચી ગુરુપૂર્ણિમા ઉજવી કહેવાય.

**આધુનિક શિક્ષણઃ** જ્ઞાન એટલે માહિતી અને કુશળતા.

**૪) મૂલ્યાંકન પદ્ધતિ**

ગુરુકુળઃ જીવન, વર્તન અને આચરણ દ્વારા.

આધુનિક શિક્ષણ : પરીક્ષા, ગુણ અને પ્રમાણપત્ર દ્વારા.

**૫) જીવનમૂલ્યો**

ગુરુકુળઃવિનય, સેવા, નિષ્ઠા, ત્યાગ, સંયમ અને સ્વાનુશાસન.

આધુનિક શિક્ષણ : કાર્યક્ષમતા, સ્પર્ધા અને સિદ્ધિ.

**૬) શિક્ષણનું માધ્યમ**

ગુરુકુળઃ નીરીક્ષણ, અનુભવ, પ્રકૃતિ, સંવાદ અને સાધના.

આધુનિક શિક્ષણ : પુસ્તકો, ટેક્નોલોજી અને ડિજિટલ સાધનો.

**૭)શિક્ષકની ભૂમિકા**

ગુરુકુળઃ ગુરુ જીવનનો દીપસ્તંભ હતો.

**આધુનિક શિક્ષણ :** શિક્ષક મુખ્યત્વે વિષય નિષ્ણાત અને માર્ગદર્શક.

અંતે જ્ઞાન અને માહિતી વચ્ચેનો તફાવત જણાવતા તેઓ કહે છે કે ફક્ત માહિતીના વિસ્ફોટ વચ્ચે મનુષ્ય આંતરિક રીતે વધુ અશાંત, અસહિષ્ણુ અને એકલો બનતો જાય છે. કારણ કે માહિતી મગજને સમૃદ્ધ બનાવે છે, જ્યારે સાચુ જ્ઞાન અને મૂલ્યો આત્માને સમૃદ્ધ બનાવે છે.

ગુરુકુળ સમયનું આવું મૂલ્યલક્ષી જ્ઞાન અત્યારે માત્રને માત્ર રોજગાર લક્ષી બની ગયું છે. આવી શિક્ષણ પ્રથામાં 'લીકેજ'ને સ્થાન મળી જાય છે પરંતુ ગુરુકુળ પ્રથા વિદ્યાર્થીના જીવનને લીકપ્રૂફ બનાવીને સર્વાંગી વિકાસ તરફ દોરી જાય છે. પૂર્ણત્વ તરફ લઈ જાય છે. પહેલા ચારિત્ર્ય ઘડતર અને પછી જ્ઞાન એ ગુરુકુળ પરંપરાનો મોટો સંદેશ હતો એટલે એમાં લીકેજને કોઈ સ્થાન ન હતું. આજના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને રાજકારણીઓએ ગુરુકુળ પ્રથા વિશે પુનઃ વિચારણા કરવી જ રહી. માત્ર અધકચરુ જ્ઞાન નહીં પરંતુ પૂર્ણતા પ્રાપ્ત થાય એ જ સાચી વિદ્યા. ■

દુહાની દુનિયા

# હે માતા અમને નિર્ભય બનાવો

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

**મારી** કિશોરાવસ્થાનું ખૂબ સાંભળેલું અને ગમતીલું કંઠનિધિ રૂપ આ આભરણ આજસુધી સચવાયાનો અને આ સ્વાધ્યાયમાં ખપમાં લાગ્યોનો અપાર આનંદ છે એ વીશી રચના આસ્વાદીએ.

*આઈ વિહળી આપો અભય, કરો સહાય,*
*વીશી ગાઈ નમું તુંને, વિઘન વાળવા વિહળી. ...૧*

*એકે એકલ હુઈ, સદ્ધ લેવા સીતાની*
*વાળી સીતાવેલ, વિઘન વાળવા વિહળી. ...૨*

*બીજે ગરવી બાય, જોગણી ગઈ જોગેશર કને*
*ઉગાર્યા તતધાય, વિઘન વાળવા વિહળી. ...૩*

*ત્રીજે ક્યોં તાવ, લઈ ભારથ ને ભાંગિયો*
*માવોલ ગઢવીને કરી વાત, વિઘન વાળવા વિહળી. ...૪*

*ચોથે સકર સાળવ્યા, ફડ દઈ દૈત્યને મારિયો*
*સોળી તું ભર સાંસ, વિઘન વાળવા વિહળી. ...૫*

*પાંચમે દીધો પગ, લઈ ભેંસાને ભાંગિયો*
*રમતા રેજો દિન-રાત, વિઘન વાળવા વિહળી. ...૬*




*છઠ્ઠે ગળત સર્યા, લઈ સમરતથને સાળવ્યા*
*પુગી પડવું પૌસ, વિઘન વાળવા વિહળી. ...૭*

*સાતમે સારું કરો સરરાય, વાંહો દઈ વઢયે,*
*સારણિયા રૂપ સધારા, વિઘન વાળવા વિહળી. ...૮*

હે માતા અમને નિર્ભય બનાવો. તમે સીતા એકલા હતા, કોઈ સાથે ન હતું પણ એની સહાય કરનારા તમે હતા એમ ભવસાગરમાં એકાકી એવા અમારા વિઘ્નો પણ તમે ટાળજો. બીજાક્રમે તમને વિનવું છું કે હે ગરવા જોગણી તમે જોગેશ્વરોની પાસે જઈને એમને પણ ઉગાર્યા છે. એમના વિઘ્નો ટાળ્યા છે. એમ અમારા વિઘ્નો ટાળજો.

ત્રીજનો માહોલ ગઢવી સાથેનો ઉલ્લેખ સંદર્ભ સ્પષ્ટ થતો નથી. ચોથે એક ઝાટકે દૈત્યનો સંહાર કરીને તે શ્વાસ લીધેલો એમ અમારા વિઘ્નો ટાળજો. પંચમી પગ મૂકીને એની નીચે ભેંસાને- અર્થાત્ મહિષાસૂરને મારેલો. તમે એમ અમારી આજુ બાજુ રમતા-લીલા કરતા રહેજો.

છઠ્ઠની તિથિએ ગળત-કષ્ટ સર્યા-દૂર થયા અને સમર્થ બનાવીને અમને સાચવવા તમે પુગ્યા-પહોંચ્યા છો. એમ અમારા વિઘ્નો હરજો. સાતમી તિથિએ હે મા અમારું સારું કરજો. અમે તને વાંહો-શરીરનો પાછળનો ભાગ દેખાડીએ તો વઢજો. તારા સારરૂપ દર્શન નિત્ય કરતા રહીએ. અમારા વિઘ્નો ગાળજો વિહતઆઈ. આઠમી તિથિએ હે માડી અમારો અહંકાર ગળી ગયો. અમે તમારા પગ-ચરણ પુજીએ છીએ. હે દેવી એમાં અમને અડગ રાખજો. વિઘ્નો ટાળજો. ■

આતમના અજવાળે

# રણની ધગધગતી રેતીમાં પ્રગટેલો ઇશ્ક-એ-ઇલાહીનો અખંડ દીવડો -રાબિયા બસરી

ભાર્ગવ ઠાકર
feedback@bombaysamachar.com

**ઈસવીસન** આઠમી સદીનો એ રોમાંચક અને ઊથલપાથલભર્યો સમય હતો, જ્યારે સમગ્ર ઇસ્લામિક જગત 'ઉમયદ' શાસનમાંથી 'અબ્બાસી' ખિલાફત તરફ રક્તરંજિત રાજકીય સંક્રમણ કરી રહ્યું હતું. એક તરફ દજલા અને ફરાત નદીઓના સંગમ પર વસેલા બસરા શહેરમાં વેપાર, વૈભવ અને સત્તાની ખેંચતાણ ચરમ પર હતી, તો બીજી તરફ આ ભૌતિકવાદી અંધકારને ચીરવા માટે ઈરાકના રેતાળ પ્રદેશમાં એક દિવ્ય પ્રકાશનો જન્મ થયો રાબિયા અલ-અદવિયાનો. અત્યંત ગરીબ પરિવારમાં જન્મેલી, પરિવારની ચોથી પુત્રી હોવાથી 'રાબિયા'(ચોથો ભાગ) નામ પડ્યું. રાબિયાની કસોટીઓ નાનપણથી જ શરૂ થઈ ગઈ હતી. દુષ્કાળના કપરા કાળમાં પિતાની છત્રછાયા ગુમાવી. પરિવારથી વિખૂટી પડી અને ગુલામ બજારમાં વેચાઈ ગઈ, પરંતુ જ્યારે આ ઘટનાઓનું વિશ્લેષણ કરીએ, ત્યારે સમજાય છે કે જેના રગેરગમાં ખુદ પરમાત્માનો વાસ હોય તેને ગુલામીની બેડીઓ ક્યાંથી બાંધી શકે!

ગુલામીના એ કઠોર દિવસોમાં આખો દિવસ કાળી મજૂરી કર્યા પછી પણ, રાત પડતાં જ રાબિયાનો આત્મા ઈબાદતમાં પરમાત્મા સાથે એકાકાર થઈ જતો હતો. એક રાત્રે તેમના માલિકે બારીમાંથી એક અદ્ભુત દૃશ્ય જોયું; ખુદાની બંદગીમાં ઝૂકેલા રાબિયાના મસ્તક પર એક એવો દૈવી નૂર (પ્રકાશ) ઝળહળી રહ્યો હતો જેણે આખા ઓરડાને રોશન કરી દીધો હતો. તે સમયે રાબિયાના હૃદયમાંથી ઈશ્વર માટેનો જે આર્તનાદ



નીકળ્યો, તે તેમની સર્જનાત્મક ભક્તિનો પ્રથમ અને અત્યંત માર્મિક પડઘો હતો, રાબિયા પ્રાર્થના કરી રહ્યા હતા કે 'હે મારા મૌલા, તું જાણે છે કે મારું હૃદય તારા આદેશોનું પાલન કરવા આતુર છે, જો મારી પાસે સત્તા હોત, તો હું એક ક્ષણ પણ તારી સેવાથી અળગી ન રહેત; પરંતુ તેં મને સંસારી માણસના બંધનમાં મૂકી છે, એટલે હું વિલંબથી આવું છું'.

આ શબ્દોમાં રહેલી તડપ અને દિવ્યતાથી, પથ્થરદિલ માલિકનું હૃદય પણ પીગળી ગયું અને તેણે રાબિયાને આઝાદ કરી દીધા. મુક્તિ પામ્યા બાદ તેમણે બસરાના રણમાં પોતાની એક નાનકડી ઝૂંપડી બાંધી, જ્યાં માત્ર એક તૂટેલો ઘડો, એક ચટાઈ અને ઈંટના ઓશિકા સાથે સાદાઈ અને સર્જનનો અનોખો સંગમ રચાયો.

આ નાનકડી ઝૂંપડીમાંથી જે આધ્યાત્મિક ક્રાંતિ જન્મી તેણે તત્કાલીન મોટા વિદ્વાનોને પણ નતમસ્તક કરી દીધા અને આખા ઇરાકમાં તેમની ભક્તિની સુવાસ પ્રસરી ગઈ. તેમની દૃષ્ટિએ ચમત્કારોનું કોઈ મૂલ્ય નહોતું; એકવાર સંત હસન બસરીએ પાણી પર ચટાઈ બિછાવી કરામત દેખાડી, તો રાબિયાએ હવામાં ચટાઈ ફેલાવીને સ્પષ્ટતા કરી કે, જે કામ માછલી કે માખી પણ કરી શકે તેને કરામત ન કહેવાય, અસલ કરામત તો આપણા અહંકારને મારીને અલ્લાહના પ્રેમમાં ફના થઈ જવામાં છે.

જે આત્મા પરમાત્માના વિરહમાં આટલો તડપતો હોય, તેને સંસારી પ્રેમ ક્યાંથી સ્પર્શી શકે? લગ્ન વિશે પૂછતાં તેમણે કહેલું કે મારું મન એ વાતથી સતત ચિંતિત છે કે હું મારું ઈમાન (પ્રભુ પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ) જાળવી શકીશ નહીં ત્યારે સાંસારિક પ્રેમ માટે સમય ક્યાંથી રહે?

રાબિયા બસરીએ તત્કાલીન સૂફીવાદમાં મોટું પરિવર્તન આણતા 'ખૌફ' (ભય)ના સ્થાને 'હુબ' (પ્રેમ)ની ક્રાંતિકારી વિભાવના સ્થાપી. એક દિવસ હાથમાં સળગતું લાકડું અને પાણીથી ભરેલું પાત્ર લઈ દોડતી રાબિયાએ લોકોને કહ્યું કે 'હું અગ્નિથી જન્નતને સળગાવવા અને પાણીથી દોઝખની આગ ઓલવવા જઈ રહી છું, જેથી લોકો ડર કે લાલચથી નહીં, પણ માત્ર નિઃસ્વાર્થ પ્રેમ માટે ઈશ્વરને ભજે.' તેમણે 'ઈશ્ક-એ-હકીકી'ની વ્યાખ્યા કરતા પોતાની અમર રચનામાં ગાયું છે કે 'મેં તને બે રીતે પ્રેમ કર્યો છેઃ એક પ્રેમ જે મારા સ્વાર્થ માટે છે - કે હું તને ભજીને તારા દર્શન પામું; અને બીજો પ્રેમ જે તારા સન્માનને લાયક છે - કે હું બસ તારામાં જ ખોવાઈ જાઉં, આ બંને પ્રેમમાં મારો કોઈ યશ નથી, બધો યશ તારો જ છે કે તેં મને પ્રેમ કરવાની હિંમત આપી.'

રાબિયાની રચનાઓમાં ઈશ્વર કોઈ ડરામણો ન્યાયાધીશ નહીં, પણ વહાલો 'પ્રિયતમ' બનીને આવે છે. આ અદ્વૈત પ્રેમની ઊંડાઈ તેમની અન્ય એક હૃદયસ્પર્શી કવિતામાં વણાયેલી છે

'હે પ્રભુ! તું જ મારો આનંદ છે, તું જ મારું જીવન છે અને તું જ મારો આધાર છે... તું જ મારો સાચો સાથી છે, તું જ મારું અંતિમ લક્ષ્ય છે અને આ જીવનની સફરનું ભાથું પણ તું જ છે.'

ઈશ્વર સાથેનો તેમનો આ સંબંધ એટલો ગાઢ હતો કે વસંતની એક સાંજે તેમની સેવિકાએ અલ્લાહ દ્વારા નિર્મિત કુદરતી સૌંદર્યને જોવા અને માણવા બહાર આવવા વિનંતી કરી, ત્યારે રાબિયાએ અંદર બેઠા બેઠા જ જવાબ આપ્યો, 'તું બહારની કૃતિ જોઈને રાજી થાય છે? જરા અંદર તો આવ અને આ 'કૃતિના સર્જક' ને જો, બહારની એ સુંદરતા તો સમયવત કરમાઈ જશે, પણ આ અંદરનું સૌંદર્ય ક્યારેય મુરઝાતું નથી.'

ઈ.સ. ૮૦૧ની એ કરુણ છતાં અત્યંત ભવ્ય સાંજ આવી, જ્યારે બસરાની ગલીઓમાં આ પરમ પ્રેમિકાના જીવનનો દીવો ધીમો પડી રહ્યો હતો. રાબિયા માટે આ મૃત્યુનો ભય નહોતો, સદીઓના વિરહનો અંત અને પોતાના પ્રિયતમ સાથેના 'વસ્લ' (મિલન)નો ઉત્સવ હતો. તેમણે શિષ્યોને ઓરડાની બહાર જવાની વિનંતી કરી જેથી તેમના 'પ્રિયતમ'ના દૂતો તેમને લેવા આવી શકે. અંતિમ શ્વાસ લેતી વખતે પણ તેમની ભક્તિ અને પસ્તાવો અકબંધ હતા; તેમણે અત્યંત કરુણા સાથે પ્રાર્થના કરી 'હે મારા અલ્લાહ! તારા સ્મરણ સિવાય મેં જે જે પળોમાં આનંદ માણ્યો હોય, તે દરેક પળ માટે હું તારી ક્ષમા માગુ છું.'

દેહ છોડતા પહેલા તેમણે હૃદયદ્રાવક પંક્તિઓ ગણગણી...

'ઓ મુસાફર! હવે મંઝિલ અત્યંત નજીક છે... મેં આખી જિંદગી તારી શોધમાં રડતા ગાળી છે, હવે મને તારી મહોબ્બતની આગોશમાં લઈ લે, કારણ કે હવે આ આત્માને આ દેહનું પિંજરું નથી ગમતું.'

જ્યારે શિષ્યો પાછા ફર્યા ત્યારે રાબિયાના ચહેરા પર કોઈ નવવધૂ જેવી પરમ તૃપ્તિ અને નૂર વિખરાયેલું હતું અને ઓરડામાં પૃથ્વીના કોઈપણ અત્તરમાં ન હોય તેવી અલૌકિક સુગંધ પ્રસરી ગઈ હતી. એક ગરીબ ગુલામ સ્ત્રીથી લઈને સૂફી જગતના શિખર સુધીની તેમની આ યાત્રાએ જગતને એક અમર સંદેશ આપ્યો કે ઈશ્વર આકાશમાં નથી પણ આપણી ભીતર છે અને પ્રેમ જ સાચો પરમાત્મા છે. ■



# ધર્મસ્થાનકોની તારીખ-તવારીખ

ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# હિન્દુઓના પવિત્ર ચાર ધામમાંનું એક બદરીનાથ



બદરીનાથ મંદિર બદરીનારાયણ મંદિર તરીકે પણ ઓળખાય છે. આ હિન્દુ લોકોની આસ્થાનું મંદિર છે અને અહીં ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. ઉતરાખંડના ચમોલી જિલ્લામાં આ મંદિર આવેલું છે. હિમાલયમાં આવેલા પવિત્ર સ્થળમાંનું મંદિર અહીંની આબોહવાને કારણે માત્ર છ જ મહિના ખુલ્લું રાખવામાં આવે છે. એપ્રિલ મહિનાથી અહીં દર્શનની શરૂઆત થાય છે તે નવેમ્બર મહિનાની શરૂઆત સુધી. ત્યાર પછી અહીં પહોંચવું ખૂબ જ મુશ્કેલ હોય છે. અહીં નવેમ્બર મહિનાથી બરફવર્ષા થવા લાગે છે અને પછી તો ચારેતરફ માઇનસ ૧૫થી ૨૦ ડિગ્રી તાપમાન થઇ જાય છે, જેથી અહીં પહોંચવું જ મુશ્કેલ થઈ જાય છે.

આ મંદિર ગઢવાલ હિમાલય પર્વતમાળામાં આવેલું છે અને અલકનંદા નદીના કિનારે છે. એ દરિયા કિનારાની સપાટીથી ૩,૧૩૩ મીટર (આશરે ૧૦,૨૭૯ ફૂટ)ની ઊંચાઇએ આવેલું છે. આ મંદિરની સામે પર્વત કાયમ હિમાચ્છાદિત હોય છે એટલે અહીં જ્યારે દર્શન ખુલે છે ત્યારે છ મહિના દરમિયાન પણ ખૂબ જ ઠંડી હોય છે.

નવમી સદીમાં એટલે કે આજથી ૧,૨૦૦ વર્ષ પહેલાં આદિશંકરાચાર્યે આ યાત્રાસ્થળની સ્થાપના કરી છે એમ કહેવાય છે. આ મંદિરના ત્રણ ભાગ છે, જેમાં ગર્ભગૃહ, દર્શન મંડપ અને સભા મંડપનો સમાવેશ થાય છે. અહીં નવા ગર્ભગૃહની છત લગભગ ૧૫ મીટર (૪૯ ફૂટ) ઊંચી છે. અહીં અદ્ભુત નકશીકામ જોવા મળે છે, જેમાં સોનાની કારીગરી પણ જોઇ શકાય છે. અહીં (બદરીનારાયણની જે મૂર્તિ છે તે એક જ શાલીગ્રામ (કાળાપત્થર)માંથી કોતરીને તૈયાર કરવામાં આવી છે. આ મૂર્તિ માત્ર એક જ ફૂટની છે. આ મૂર્તિને ચાર હાથ છે, જેમાંથી એક હાથમાં પંચજન્ય શંખ છે અને બીજા હાથમાં સુદર્શન ચક્ર છે. જ્યારે આગળના બે હાથ યોગમુદ્રામાં જોડાયેલા છે. અહીંના સભામંડપમાં કુબેર, ઉદ્ધવ, નર અને નારાયણ, લક્ષ્મીજી, ઘંટાકર્ણ, ભગવાન વિષ્ણુના વાહન ગરૂડ અને નવ દુર્ગાની મૂર્તિઓ છે.

આ બદરીનાથ મંદિરનો વિષ્ણુપુરાણ અને સ્કંદ પુરાણમાં પણ ઉલ્લેખ છે. અહીંની સ્થાનિક લોકવાયકા મુજબ અહીં જે બદરીનારાયણની મૂર્તિ છે એ નારદ દ્વારા સ્થાપવામાં આવી છે. પણ થોડાં વર્ષો પછી અહીં બૌદ્ધ ધર્મની બોલબાલા શરૂ થઇ તો બદરીનારાયણની મૂર્તિ હટાવી લેવામાં આવી અને મંદિર નજીક આવેલાં તૃપ્ત કુંડમાં તે પધરાવી દેવામાં આવી. થોડાં વર્ષો બાદ અહીં આદિ શંકરાચાર્ય આવ્યા અને તેમણે બૌદ્ધધર્મીઓને અહીંથી હાંકી કાઢ્યા અને તૃપ્ત કુંડમાંથી બદરીનારાયણની મૂર્તિ પાછી મેળવીને તેની સ્થાપના કરી હતી.

અહીં રહેલો તૃપ્ત કુંડ પણ એક આશ્ચર્યથી જરાય ઓછો નથી. અહીંનું પાણી અનેક રોગ પર અસર કરે છે એમ કહેવાય છે. આ તૃપ્ત કુંડનું પાણી ૫૫ સેન્ટીગ્રેડ (૧૩૧ ફેરનહીટ) જેટલું ગરમ જ રહે છે. મંદિરમાં બીજા બે કુંડ પણ આવેલાં છે, જે નારદકુંડ અને સૂર્યકુંડ તરીકે ઓળખાય છે.

અહીં વારંવાર હિમપ્રપાત થાય છે અને અહીંનું હવામાન ખૂબ જ અનિશ્ચિતતાથી ભરેલું હોય છે, તેનાં પરિણામે આ મંદિરનો એક વાર જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. ૧૭મી સદીમાં ગઢવાલના રાજાએ આ મંદિરનો વ્યાપ વધાર્યો હતો. ૧૮૩માં ગઢવાલ વિસ્તારમાં ખૂબ જ વિનાશક ધરતીકંપ આવ્યો હતો, ત્યારે આ મંદિરને ખૂબ જ નુકસાન પહોંચ્યું હતું. ત્યાર બાદ જયપુરના રાજાએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો. પણ પહેલાં જયપુરના રાજાએ આ મંદિરનો જીર્ણોધાર કર્યો હતો. ૧૮૭૦ સુધી આ એક નાનકડું ગામડું જ હતું. અહીં મંદિર અને બીજી ૨૦ જેટલી ઝૂંપડીઓ જ હતી, તે સમયે અહીં દર્શન માટે માત્ર સાતથી ૧૦ હજાર લોકો જ આવતા હતા.

૨૦૦૬ની સાલમાં રાજ્ય સરકારે બદરીનાથની આસપાસ કોઇ પણ પ્રકારના બાંધકામ પર મનાઇ ફરમાવી હતી, જેથી અનધિકૃત બાંધકામ ઊભા ન થાય.

આ મંદિરનો ઉલ્લેખ ભગવતપુરાણ, સ્કંદ પુરાણ અને મહાભારતમાં પણ જોવા મળે છે, જૂન મહિનામાં અહીં બદરી-કેદાર ઉત્સવ મનાવવામાં આવે છે. જેમાં બદરીનાથ અને કેદારનાથ મંદિર સહભાગી થાય છે. આ મહોત્સવ આઠ દિવસ ચાલે છે અને ત્યારે ભારતભરના કલાકારો અહીં પોતાની કલા રજૂ કરવા આવે છે.

શિયાળો શરૂ થતાં જ ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં આ મંદિર દર્શન માટે છ મહિના બંધ કરવામાં આવે છે. મંદિર બંધ કરવાના સમયે અહીંના અખંડ દિવામાં છ મહિના ચાલે એટલું ઘી પૂરવામાં આવે છે, તે દિવસે ખાસ પૂજા કરવામાં આવે છે અને મંદિરના મુખ્ય પૂજારી બદરીનાથની મૂર્તિ આ મંદિરથૂ ૬૪ કિલોમીટર દૂર આવેલાં જ્યોર્તિમઠમાં લઇ જાય છે. છ મહિના પછી અક્ષયતૃતીયા (અખાત્રીજ)ના દિવસે મંદિર ખોલવામાં આવે છે, ત્યારે મંદિરમાં અખંડ જ્યોતના દર્શન કરીને મૂર્તિની ફરી સ્થાપના કરવામાં આવે છે.

બદરીનાથનું મંદિર ઉત્તર પ્રદેશ સરકારના કાયદા ૩૦/૧૯૪૮ હેઠળ અને કાયદા ૧૬/૧૯૩૯ હેઠળ આરી લેવામાં આવ્યું છે અને આ કાયદાને શ્રી બદરીનાથ અને શ્રી કેદારનાથ મંદિર તરીકે ઓળખવામાં આવે છે.

આ મંદિર ઉત્તર ભારતમાં આવેલું છે, પણ આ મંદિરના મુખ્ય પૂજારી રાવલ હોય છે, જે દક્ષિણ ભારતમાં આવેલા કેરળમાંના નામ્બુદિરી બ્રાહ્મણ છે. આ પ્રથા આદિ શંકરાચાર્ય દ્વારા શરૂ કરવામાં આવી છે એમ મનાય છે. આ મંદિરના પૂજારી પાસે સંસ્કૃત ભાષાની આચાર્યની પદવી હોવી જરૂરી છે. આ મંદિરના પૂજારી દરરોજ સવારે ચાર વાગ્યે અભિષેકથી પોતાની સેવાની શરૂઆત કરે છે. આ પૂજીરીએ બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. અને એપ્રિલથી નવેમ્બર સુધી તેમને આ સેવા કરવાની હોય છે.

૨૦૧૨થી મંદિરના વહીવટીતંત્રે અહીં દર્શન માટે ટોકનની વ્યવસ્થા કરી છે. આ મંદિરમાં દર્શન કરવા આવનારા યાત્રાળુઓને ૧૫થી ૨૦ સેકન્ડનો સમય ફાળવવામાં આવે છે. દરરોજ અહીં હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોવાથી આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.

બદરીનાથના યુવા મિત્ર મંડળ દ્વારા તાજેતરમાં વસઇમાં બદરીનાથનું મંદિર ખોલવામાં આવ્યું છે, જે ઉત્તરાખંડના બદરીનાથ ધામ જેવું જ હૂબહૂ બનાવવામાં આવ્યું છે. ■

## આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# જીવનની દશા-દિશાને બદલી નાખનારા વળાંક

* વાલિયામાંથી વાલ્મીકિ બનાવે તેઓ સત્સંગ શબ્દો,

* યોગ્ય વ્યક્તિનો જીવનના અમુક વળાંકે ભેટો,

* ગાંધીજીને યોગ્ય ટિકિટ હોવા છતાં આફ્રિકામાં રેલવે પ્રવાસ દરમિયાન ‘અપમાનજનક’ શબ્દો ઉપરાંત લગેજ સાથે પ્લેટફોર્મ પર ઉતારી મૂકનારો બનાવ અને તેવા બીજા બનાવો

* શ્રીમદ્ રાજચંદ્રની સત્સંગભરી મુલાકાત,

* રાજા હરિશ્ચંદ્રના ચિત્રપટની મન પર થયેલી અસર,

* તિલકની સલાહ પ્રમાણેનું ‘ભારત દર્શન’,

– ડૉ. આંબેડકરના જીવનમાં દલિત અસ્પૃશ્યતા,

– અસમાનતાના ધાર્મિક કટ્ટરવાદનો અપમાનજનક અનુભવ-સામૂહિક ધર્માન્તર તરફ ફરી ગયો, દેશને અનામત તરફ દોરી ગયો.

* અતિ ગરીબી

* ભૂખ

* અપમાન

* ગુસ્સો

* અહંકાર-અભિમાન પણ વળાંક આપે અને

– અતિ સમૃદ્ધિ

– વ્યસનો

– માંદગી-બીમારી

– વૃદ્ધાવસ્થા- એકલતા

– સ્વાર્થીપણું

– લોભ, આળસ, કંજૂસાઈ પણ વળાંક આપે છે.

* વિવેક રેખાઓ (લક્ષ્મણ રેખા) આપણા દ્વારા તૂટે કે સામી વ્યક્તિ રાવણ, હિટલર, દૂર્યોધન જેવા તોડે કે સીતાજીથી તૂટે, જીવનમાં વળાંક આવે.

* જનક રાજાના જીવનમાં અષ્ટાવક્રે તથા કૈકેઈએ વળાંક આપ્યો

* પાંડવોના જીવનમાં દૂર્યોધને, ધુતરાષ્ટ્રે અને ભગવાન શ્રીકૃષ્ણે વળાંક આપ્યો

– ઈનામ

– શાબાશી

– સત્સંગ

– પ્રેમ-શુશ્રૂષા

– સેવા, સુવાક્ય, સુવાંચન, પ્રવચન

– ગુલામી-આઝાદી, સ્વછંદતા

– ભ્રષ્ટાચાર

– અપમાન, વ્યસન, શિક્ષણ, એકલતા, અહંકાર, નમ્રતા

– આસક્તિ, ભક્તિ

– કુદરત તથા માનવ નિર્મિત આફતો

– કાયદા-કાનૂનોમાંના ફેરફારો

– લાલચ-ક્રૂરતા

– દયા-કરુણા, પ્રાર્થના-દુઆ-બંદગીના લીધે પણ જીવનમાં વળાંકો આવી શકે.

વહાલા વાચક બિરાદરો! પ્રત્યેક જીવનમાં ઘણા બધા મોડ-વળાંકો આવે જ છે.

– ક્ષમા અને ત્યાગ આવનારા જીવનને શુભ વળાંકમાં ફેરવવાની તાકાત-શક્તિ રાખે છે.

– સત્સંગ, સાત્ત્વિક વાંચન, ઉચ્ચ શિક્ષણ અને કળાની સાધનાથી પણ શુભ વળાંકોની શક્યતાઓ વધી શકે.

– દૃષ્ટાભાવ

– ઈશ્વર તથા અંતઃકરણના અવાજ પ્રમાણે વર્તવાની

– ‘કર્તવ્યધર્મ’ બજાવવાની દૃઢતા કેળવાય તો શુભ વળાંકો આવતા જાય અને તેની ગતિ ઝડપી હોય, એક દિશામાં અને ધ્યેય તરફી હોય, પણ સામેથી આવનારા ભટકાઈ પણ શકે.

– જિસસ, ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીર, પયગંબર હઝરત મહંમદ, મધર ટેરેસા, મહાત્મા ગાંધી. ડૉ. આંબેડકર, અબ્રાહમ લિંકન, માર્ટિન લ્યુથર કિંગ, નૉબલ પ્રાઈઝ વિજેતા જેવા મહામાનવો, સૂફી, સંતો, મહાત્માઓ, અવતારોના જીવનમાં વળાંકોએ તથા

– બાઈબલ

– ભગવદ્ ગીતા


– કુરાન પાન જેવા ગ્રંથોએ લાખો-કરોડો માનવોના જીવનને વળાંકો આપ્યા છે. તેમની દશા-દિશા બદલી નાખ્યા છે. ત્યારે કેટલાક વળાંકો અભિમન્યુના કોઠા જેવા ભૂલભૂલામણી જેવા અનેક દિશામાં ફંટાતા રસ્તા જેવા હોય છે. ક્યારેક વળાંકો પસંદ કરવાની છૂટ હોય છે, ક્યારેક નહીં! ટૂંકમાં જીવન સતત પરિવર્તનશીલ એટલે કે વળાંકોથી ભરપૂર છે.

## એક પ્રાર્થનાઃ

** સર્પાકારે વળાંકો લેતી નદીઓ કેટલાય ગામોને નવજીવન આપતી મહાસાગરમાં વિલીન થવાના, મળવાના ધ્યેયને પામે છે.*

** એવું જીવન ઉત્તમ છે જે અન્યોને નવજીવન આપે અને ઈશ્વર ઈચ્છામાં વિલીન થાય.*

** અલ્લાહ, ઈશ્વર સર્વેને તથા મનેકમને એવી જાગૃતિવાળા વળાંકો આપે અને વળાંકો વખતે જાગૃતિ આપે તેવી પ્રાર્થના, દુઆ.* ■




**પપ્પાની અંદરનો પ્લેબોય જાગી ગયો. પેલીએ પોતાની જાળ પાથરવા માંડી...અને રેસ્ટોરન્ટસથી શરૂ થયેલું મળવાનું ધીમે ધીમે હોટેલના બેડ સુધી પહોંચી ગયું...**

તે પછીના થોડા સમયમાં જ મારી મમ્મી મને હંમેશ માટે છોડીને જતી રહી. પાણીના પ્રચંડ દબાણથી તળાવની પાળ તૂટે તેમ કોઈ અકથ્ય પીડા સોનલની આંખોમાંથી વહી નીકળી. સનત મુંઝાઈ ગયો સોનલ નાની બાળકીની જેમ ડૂસ્કાં ભરતી રહી. સોનલ ઊભી થઈને બાથરૂમમાં ચાલી ગઈ. બરાબર મોં ધોઈને પાછી આવી ત્યારે તે વરસીને સ્વચ્છ દેખાતા આકાશ જેવી લાગતી હતી.

‘મને સમજાતું નથી સોનલ હું તમને કયા શબ્દોમાં આશ્વાસન આપું?’

‘હવે આશ્વાસનનો કોઈ અર્થ પણ ખરો? મારા માટે તો એ દિવસો ઝંઝાવાત જેવા હતા. મમ્મી ચાલી ગઈ એ કોઈ એક વ્યક્તિનું મૃત્યુ નહોતું. મારા બાળપણનું ય મૃત્યુ હતુ. મને એ દિવસ યાદ કરવો ગમતો નથી. આપણે બાળપણમાં જે વેઠી જઈએ છીએ તે કદાચ મોટા થયા પછી વેઠી શકતા નથી. હું એટલે સહન કરી ગઈ કે હું નાની હતી. એ રાતો મેં રડી રડીને વિતાવી છે. અમારું ઘર ફરી સ્ત્રી વગરનું બની ગયું હતું. મને સાંત્વના આપનાર કોઈ નહોતું. હા, પપ્પા બીજી જ પળોજણમાં પડી ગયા હતા.’

‘બીજી કઈ પળોજણ?’

‘મારી મમ્મીનું મૃત્યુ જરા શંકાસ્પદ હતું. પોલીસ તપાસ ચાલુ હતી. વળી મોટા ઘરનો મામલો હતો એટલે પોલીસ પણ ઝીણું કાંતી રહી હતી. તેમ છતાં આખરે તો એ મૃત્યુ કુદરતી જ સાબિત થયું કે મારી મમ્મી બાથરૂમમાં પડી જવાથી મરી ગઈ હતી. તેને બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું. મેડિકલ રીપોર્ટમાં આ વાત આવી હતી.’

‘તમે એ બાબતમાં ક્યારેય ઊંડા ઉતર્યા છો?’

‘એ બાબતમાં હું કંઈ કહી શકું તેમ નથી. કેમ કે હું તે વખતે ઘેર નહોતી. એટલું જ નહીં મમ્મી મૃત્યુ પામી તે દિવસે કોઈ ઘેર નહોતું. મને એવું લાગે છે કે મારી મમ્મીનું મૃત્યુ કુદરતી નહોતું જ.’

‘તમને શેના પરથી એવું લાગે છે?’

‘એનાં ઘણાં કારણો છે. જોકે એ બધી વાતો મને પછી ખબર પડી છે. તે પછી પણ મને ખબર નહોતી કે મારા પપ્પા કોઈ અન્ય સ્ત્રીના ચક્કરમાં પડી ગયા છે.’

‘તમારાં મમ્મી પપ્પા વચ્ચે ઝઘડા પછી સમાધાન થયું હતું કે નહીં?’

‘તે વખતે માત્ર હું જ એક વ્યક્તિ એવી હતી જે પપ્પાને સારો માણસ માનતી હતી. બાકી તો મારા બેઉ ભાઈઓની નજરમાં પણ પપ્પાનું કોઈ સ્થાન નહોતું. મારા બંને ભાઈઓની નજરમાં પપ્પા એક કામ લોલુપ પુરુષ તરીકે ચિતરાઈ ગયા. એમને કહેવામાં આવ્યું હતું કે એ સ્ત્રી તમારી મિલકત પચાવી પાડવા જ આવી છે. ભણવાની ઉંમરે એ બેય ભાઈઓને મિલકતના કાવાદાવા શિખવાડી દેવામાં આવ્યા હતા. સનત બાય ગોડ મારી મમ્મીએ મને કદી એવુંય નહોતું કહ્યું કે પેલા બે છોકરા તારા સગા ભાઈ નથી. પણ મારા માટેય ન આવ્યો.’

‘તમને અણસાર નહોતો આવ્યો કે તમારાં મમ્મી અને પપ્પા વચ્ચે અણબનાવ છે?’

‘એવું બનતું હશે? મા-બાપ ગમે તેટલું છુપાવે, બાળકોને બે વચ્ચેના ખટરાગની ખબર પડી જ જતી હોય છે. મને પણ એકાદ બે દિવસમાં ખ્યાલ આવી ગયો હતો.’

‘શેના પરથી?’

‘અરે તમે મારી મમ્મીને જોઈ નથી તો તમને કઈ રીતે સમજાવું કે એ સ્ત્રીનું વ્યક્તિત્વ કેવું હતું. પપ્પા અને મમ્મીનો ઝઘડો થયો ત્યારે હું સ્કૂલમાં હતી. ઘેર આવી ત્યારે મમ્મી પથારીમાં હતી. તેને તાવ છે એવું નોકરે મને કહ્યું. સનત મમ્મી જે દિવસે બરાબર ન હોય તે દિવસે મને ગભરામણ થતી. હું માની શકતી જ નહીં કે મારી મમ્મીને કંઈ થાય. મારી મમ્મી એક ખુશહાલ સ્ત્રી હતી. કોઈ પણ સંજોગોમાં હસતી જ રહેતી. મને ટ્યૂશન જવાનું મન નહોતું. હું મમ્મીને અડીને બેસી રહેલી. તે દિવસે પહેલીવાર મારી મમ્મી મારી સામે કારણ વગર રડી હતી. સનત સ્ત્રીઓમાં નાનપણથી કેટલીક સમજ વિકસી જતી હોય છે. મને અંદાજ આવી ગયો હતો કે મમ્મીની તબિયત અને હેંગીંગ ગાર્ડન સાથે કંઈક જોડાણ છે. પણ મારી વય એટલી નહોતી કે હું એ બધું એને પૂછી શકું. મારા મનમાં એક અજ્ઞાત ભય ફરી વળ્યો હતો. મમ્મીને મેં કહેલું કે હું પપ્પાને ફોન કરું કે એ અહીં આવી જાય. તે વખતે મમ્મીએ કોઈ જવાબ આપેલો નહીં. મને અંદાજ આવી ગયો કે જરૂર પપ્પા અને મમ્મી વચ્ચે કંઈક થયું છે. બસ તે દિવસથી મારા મનમાં એક શંકા પેસી ગઈ કે પપ્પા મમ્મી વચ્ચે ગરબડ છે. પપ્પા અને મમ્મીનું વર્તન અસહજ હતું. તેઓ વચ્ચે ઓછી વાતચીત થતી હતી. મમ્મી એકાદ બે દિવસ પછી બરાબર થઈ ગઈ હતી છતાં, તે એ મમ્મી જ નહોતી રહી જે પહેલા હતી. મારો બેડરૂમ અલગ હતો. જેમાં ફક્ત હું સૂવા જતી. પછી એવું બનવા લાગ્યું કે રાતે મારી આંખ ખુલી જાય ત્યારે મને વળગીને મારી મમ્મી સુતી હોય. આ જોઈ મને બહુ જ ગમતું. ખબર નહીં પછી તો આવું લાગવા માંડ્યું કે મમ્મી રોજ મારી સાથે જ સૂવે. મને વળગીને સૂવે. હું મમ્મીને કહેતી કે તું રોજ મારી સાથે સૂઈ જતી હોય તો. એક દિવસે મારી મમ્મીએ જ મને કહેલું કે સોનું હવે આપણે બેય એક જ બેડપર સૂઈ જશું. રોજ.’

‘આમ તો મારે રાજી થવું જોઈતું હતું પણ મેં મમ્મીને કહેલું તો પપ્પા? મારા વાળ સરખા કરતાં મમ્મીએ કહેલું, ‘એ ભલે એમના બેડરૂમમાં સૂઈ જાય.’

‘તેમ છતાં મારી શંકાનું સમાધાન થયું નહોતું. પણ મારી મમ્મીનો સાથ મને ગમવા માંડ્યો હતો. એટલું જ નહીં મારી મમ્મી હવે મારી સખી બનતી જતી હતી. એ મને એ બધું કહેવા લાગી હતી જે વાતોની મને ખબર જ નહોતી. હવે તમને સમજાય છે કે મારા જન્મ પહેલાની વાતોની મને કેવી રીતે ખબર પડી?’

‘તમને એ વાતો સાંભળી કોઈ આઘાત કે આશ્ચર્ય નહોતું થયું?’

‘ના, મમ્મીએ બધું મને કોઈની નિંદા રૂપે નહીં પણ જાણકારી રૂપે જ કહેતી હતી. મારા પપ્પાએ મમ્મીને મોટો ધોખો આપ્યો હતો, છતાં મમ્મી એમના વિશે કદી ઊતરતું બોલી નહોતી.’

‘તમારા પપ્પાની ત્રીજી પત્ની જેનું નામ તમે મીનાક્ષી બતાવ્યું છે એ સ્ત્રી તમારા પપ્પાના જીવનમાં કેવી રીતે પ્રવેશી?’

‘પપ્પા આમ તો એક દિલફેંક પુરુષ છે. કોઈ નખરાળી સ્ત્રીને પપ્પાની નજીક આવતા મુશ્કેલી પડે નહીં. મારી ત્રીજી મમ્મી એટલે કે મીનાક્ષી અતિ મહત્ત્વકાંક્ષી અને મની ક્રેજી સ્ત્રી છે. તેણે કોઈક સમયે મૉડેલિંગમાં પણ ભાગ્ય અજમાવ્યું છે. એ હીરાના એક એક્ઝિબિશન શોની એન્કર તરીકે પપ્પાને પહેલીવાર મળી હતી. તેણે મોડલિંગ કર્યું છે એટલે સ્વાભાવિક છે કે તેની અદાઓમાં આકર્ષણ હોય. પપ્પા એની અદાઓ પર વારી ગયેલા અને સાથે કોફી પીવાનું આમંત્રણ આપેલું. મુંબઈ જેવા શહેરમાં આવી સ્ત્રીઓ ગલી ખૂણે પડી છે. જરા સરખી લિફ્ટ મળે તો મોકો ઝડપી લેવાની તાકમાં જ બેઠી હોય છે. સનત તે વખતે ઈન્ડિયામાં સેલફોન હજુ લોન્ચ થયા નહોતા. પપ્પાએ પોતાની ચેમ્બરનો પર્સનલ ફોન નંબર એને આપેલો. તેણે પપ્પાના મનમાં એક ઈચ્છા જગાડી દીધી હતી. પપ્પાને એ વાતનુંય ભાન ન રહ્યું કે પોતાના ઘરમાં પહેલી ઘરવાળીથી થયેલા બે યુવાન છોકરા છે અને એક એવી પત્ની છે જે એમને ભગવાન ગણીને પૂજે છે. પેલી સ્ત્રી ગણી ગણીને ડગલાં ભરી રહી હતી. મીનાક્ષી એક દિવસ અચાનક જ અમારા શો રૂમ પર આવી ચડી પપ્પા અને મીનાક્ષીની એ પહેલી મુલાકાત હતી. પહેલી મુલાકાતમાં જ પપ્પાએ આપેલી કીંમતી ભેટ જોઈ પેલી નટી સમજી ગઈ કે આ મુરઘો કાયમ માટે હાથ કરી લેવા જેવો છે.’

સોનલે પાણી પીધું. બહાર લોબીમાં અચાનક બત્તી થઈ. સનત જરા ચમકીને ઊભો થયો. સોનલે કહ્યું, ‘બેસી જાઓ હોટેલનો જ કોઈ માણસ હશે.’ સનતે બેસી જતા કહ્યું, ‘પછી શું થયું?’

‘થવાનું શું હતું? થોડા વર્ષ શાંત રહી ગયેલો પપ્પાની અંદરનો પ્લેબોય જાગી ગયો. એ સ્ત્રીએ પોતાની જાળ પાથરવા માંડી અને પપ્પા તેમાં આબાદ ફસાયા. રેસ્ટોરન્ટસથી શરૂ થયેલું મળવાનું ધીમે ધીમે હોટેલના બેડ સુધી પહોંચી ગયું. એ સ્ત્રી પપ્પાના કારોબારના માલિક થવાના સપનાં જોવા લાગી હતી. પ્રશ્ન એજ હતો કે મમ્મી હોય ત્યાં સુધી તે ઘરનો ઉંબરો ઓળંગી શકે એમ નહોતી.

‘સોનલ હું માનું છું કે તમારા મમ્મીનું ખૂન થઈ ગયું અથવા કોઈએ ઝેર આપી દીધું હશે.’

‘હોઈ શકે. બેય શંકા ખોટી નથી. હું તે વખતે નાની હતી અને મેં તો મમ્મીનો કાપડમાં વિંટાળેલો મૃતદેહ જ જોયો હતો.’

‘એવું કોણે કર્યું હોય?’

‘હું કોઈ ઉપર શંકા કરી શકતી નથી. મને જ્યારે સમજાયું ત્યારે તો બધું સમટાઈ ગયું હતું. હું મારી નવી મમ્મી પર શંકા કરું છું તો એવું લાગે છે કે એ સ્ત્રી એવું કરી શકે ખરું? જોકે એ મનીક્રેઝી છે, પણ એ મમ્મીને મરાવી નાખે એવું હું વિચારી શકતી નથી. તેણે મને ઘણું વહાલ કર્યું છે. ઊલટાનું પેલા બેય ભાઈઓ સાથે અવાર નવાર એને ઝઘડા થાય છે. મારા પપ્પા પણ આ હદે ન જાય. કદીય ન જાય. બાકી રહ્યા પેલા બે છોકરા. કે પછી એમના મામાઓ. એ આવું કરે? આ પ્રશ્ન મને વારંવાર અવઢવમાં નાખી દે છે. હું કોઈ નિર્ણય પર પહોંચી શકતી નથી. તેમ છતાં જે રીતે પોલીસ અમારા ઘેર આવતી, પપ્પાની પૂછપરછ કરતી તે જોતાં મમ્મીનું મૃત્યુ શંકાસ્પદ તો હતું જ ! આજે તમને મારા જીવનની એક અત્યંત અંગત વાત કહી રહી છું. મમ્મીનું બેસણું પતિ ગયું એ સાંજે હું ખૂબ રોતી હતી. નોકરો સિવાય ઘેર કોઈ જ નહોતું. મારા રડવાનું કારણ બીજું હતું. એ વખતે દાદા અચાનક આવ્યા. મને રડતી જોઈ એમને મારા પર વહાલ જાગ્યું હશે. એમણે મારો હાથ પકડી બેઠી કરવાનો પ્રયત્ન કર્યો પણ શરમની મારી હું ઊભી જ ન થઈ. એમને અચાનક ખ્યાલ આવ્યો કે મારી સફેદ સલવાર લોહીથી તરબોળ છે. દાદાને સમજાયું ત્યારે તેઓ ઘડીભર મુંઝાઈ ગયા. મારી રગોમાં વહેતા એમના જ લોહીએ કદાચ એમને ધક્કો માર્યો હતો. એ મને બાથરૂમમાં લઈ ગયા. પછી ક્યાંકથી ટુવાલ શોધ્યો. મને ટુવાલ આપતાં કહેલું, સોનું ગભરાતી નહીં હોં બેટા. તને કશું જ નથી થયું. દરેક છોકરી બાર-તેર વર્ષની થાય ત્યારે એને આવું થાય. તને બધું સમજાવું છું હોં. તું નહાઈ લે, હું હમણાં આવું. એ આવ્યા ત્યારે હું શરમની મારી આંખો પર હાથ દઈને બેઠી હતી. એમના હાથમાં એક પેકેટ હતું. તમને શું કહું? સેનેટરી નેપ્કિન કોને કહેવાય તેની મને પહેલીવાર ખબર પડી. મારી શરમનો પાર નહોતો. તેમ છતાં મારા દાદાએ મને બધું સમજાવ્યું. એક માની જેમ સમજાવ્યું કે ટાઈમ પિરિયડ એટલે શું અને તે વખતે શું કરવું જોઈએ. એક છોકરી માટે પહેલા માસિક ધર્મ સમયે એની મા અથવા એવી સ્ત્રી હોવી જોઈએ જે એને બધું સમજાવે. મને એક પુરુષે સમજાવ્યું. અરે સેનેટરી પેડનો ઉપયોગ કઈ રીતે થાય એ પણ તેમણે જ શીખવાડ્યું. બસ એ દિવસથી મારી ચંચળતા, શરારત, હાસ્ય બધું જ ચાલ્યું ગયું. હું એકાએક મોટી થઈ ગઈ.’

સોનલની વાત સાંભળીને સનત સ્તબ્ધ થઈ ગયો. સોનલ મટકું માર્યા વગર ધીમું ધીમું હાંફતી રહી. રાત હવે ઢળવા લાગી હતી. (ક્રમશઃ)■

# ક્રૂડ ઑઈલ, ફેડરલ રિઝર્વ અને કોર્પોરેટ પરિણામોને તાલે બેન્ચમાર્ક દિશા પસંદ કરશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ સપ્તાહે ક્રૂડ ઓઇલના ભાવ, અમેરિકાની ફેડરલ રિઝર્વના વ્યાજદરનો નિર્ણય, પશ્ચિમ એશિયા કટોકટીના ચિત્રને આધારે બજાર આગળની ચાલ નક્કી કરશે. ઉપરાંત, ત્રિમાસિક કોર્પોરેટ પરિણામને આધારે બજારમાં શેરલક્ષી કામકાજ જોવા મળશે. ભારતીય શેરબજાર સપ્તાહના અંતે નકારાત્મક વલણ સાથે બંધ થયું, પાંચેય ટ્રેડિંગ સત્રોમાં ઘટાડો થયો અને ૨૫ જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહમાં નીચા સ્તરે બંધ થયું. આ ઘટાડાનું કારણ ક્રૂડ ઓઇલના વધતા ભાવ, વૈશ્વિક ભૂરાજકીય તણાવમાં વધારો અને અમેરિકા દ્વારા તેના ટ્રેડિંગ ભાગીદારો પર લાદવામાં આવેલા નવા ટેરિફ હતા.

સપ્તાહ દરમિયાન, નિફ્ટી ૫૬૬.૮૫ પોઈન્ટ અથવા ૨.૩૦ ટકા ઘટ્યો, જ્યારે સેન્સેક્સ ૨,૦૯૧.૬૮ પોઈન્ટ ઘટ્યો, જે ૨.૭% ઘટ્યો. વ્યાપક બજારોમાં પણ નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ અનુક્રમે ૧.૩૦ ટકા અને ૨.૨૦ ટકા ઘટ્યા હતા. સમગ્ર સપ્તાહ દરમિયાન બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૧૦ ટકા વધવા સાથે ગુરુવારે તે પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને વટાવી ગયું હતું અને શુક્રવારે પ્રતિ બેરલ ૯૬.૭૮ પર બંધ થયું. કોમોડિટી બજારના રોકાણકારોએ ઈરાન પર અમેરિકાના વ્યૂહાત્મક હુમલાઓના ૧૩મા રાઉન્ડ અને અમેરિકા નવા યુદ્ધવિરામ કરાર માટે વાટાઘાટો સંભવના હોવાની હકીકત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.ય

યુએસ સેન્ટ્રલ કમાન્ડે શુક્રવારે, ભારતીય સમય મુજબ, એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે લશ્કરી દળોએ વ્યૂહાત્મક ઈરાની લક્ષ્યો પર રાત્રિ હુમલાઓનો સતત ૧૩મો રાઉન્ડ પૂર્ણ કર્યો છે. સેન્ટકોમે ઈરાની લશ્કરી કમાન્ડ સેન્ટરો, ડ્રોન સ્ટોરેજ સુવિધાઓ, સંદેશાવ્યવહાર નેટવર્ક્સ, દરિયાકાંઠાના દેખરેખ સ્થળો અને દરિયાઈ ક્ષમતાઓને નિશાન બનાવી હતી જેથી ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો સામે ઉભા થયેલા ખતરાને વધુ ઓછો કરી શકાય.

એચડીએફસી બેન્કના જૂન ક્વાર્ટરનો સ્ટેન્ડઅલોન નફો પાંચ ટકા વધીને રૂ. ૧૯,૦૬૦ કરોડ થયો હોવાના અહેવાલ બાદ તેના શેર અઠવાડિયામાં નવ ટકાથી વધુ ગગડ્યા હતા. સમીક્ષા હેઠળના ક્વાર્ટર દરમિયાન બેંકની કુલ આવક એક વર્ષ અગાઉના સમાન સમયગાળાના રૂ. ૯૯,૨૦૦ કરોડથી ઘટીને રૂ. ૯૨,૧૮૪ કરોડ થઈ ગઈ.

એનર્જી ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરમાં પ્રવૃત્ત એન્જિનિયરિંગ સર્વિસ પ્રોવાઇડર તેજા એન્જિનિયરિંગ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના સ્ટેન્ડઅલોન ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૪૧.૭૮ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૭૮.૩૧ કરોડની કુલ આવક, ૫૭.૯૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૦.૮૪ કરોડનો એબિટા અને ૫૫.૬૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬.૨૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

દેશની સૌથી મોટા એરલાઇન ઓપરેટર ઈન્ડિગો ઓપરેટર ઈન્ટરગ્લોબ એવિએશને જેટ ફ્યુઅલના ભાવમાં ભારે ઉછાળાને કારણે રૂ. ૨૩૭ કરોડનું ચોખ્ખું નુકસાન નોંધાવ્યું હતું, તેની તુલનામાં, ઈન્ડિગોએ એક વર્ષ અગાઉના જૂન ક્વાર્ટરમાં રૂ. ૨,૧૭૬.૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

પીઓવાય, ફુલ્લી ડ્રોન યાર્ન અને પોલિએસ્ટર ટેક્સચરાઇઝ્ડ યાર્નના ઉત્પાદનમાં વ્યસ્ત ઇન્ટિગ્રેટેડ પોલિએસ્ટર ઉત્પાદક સુમીત ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે તેનો રાઇટ્સ ઇશ્યૂ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે, જેમાં ડિરેક્ટર બોર્ડે બે રૂપિયાની ફેસ વેલ્યુના ૧૬,૮૪,૨૪,૨૧૭ ઇક્વિટી શેર પ્રતિ ઇક્વિટી શેર રૂ.૧૧.૮૬ ના ઇશ્યૂ ભાવે ફાળવવાને મંજૂરી આપી છે, જે કુલ રૂ ૧૯૯.૭૫ કરોડ થાય છે.

મલ્ટીનેશનલ સ્પેશિયાલિટી પર્ફોર્મન્સ કેમિકલ પ્રોડ્યુસર, ફિનોટેક્સ કેમિકલ લિમિટેડે ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૬૪.૪૮% વૃદ્ધિ સાથે રૂ. ૩૮૬.૭૨ કરોડની કુલ આવક, ૧૩૪.૬૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૯.૧૪ કરોડનો એબિટા અને ૯૨.૬૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૮.૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પંજાબ નેશનલ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૭માં રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધુ ચોખ્ખો નફો હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

પ્રિસિઝન હાર્ડવેર સ્ટ્રકચર્સ અને એક્સેસરીઝ ઉત્પાદક લિયોટેક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે તેના નાણાકી. વર્ષ ૨૦૨૬ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૭૩.૨૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૭,૦૪૯.૬૪ લાખની કુલ આવક, ૫૮.૨૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧,૦૩૯.૬૨ લાખનો એબિટા અને ૫૩.૮૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬૩૨.૦૧ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ભારતમાં બ્રિટિશ કોફી ચેઇન બ્રાન્ડ કોસ્ટા કોફી સ્ટોરની સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઘટીને ૧૯૮ થઈ ગઈ, જે એક વર્ષ પહેલા ૨૨૦ હતી, જે કંપની માટે મુખ્ય બજારમાં પાંચ વર્ષમાં પ્રથમ ઘટાડો દર્શાવે છે. એમેરાલ્ડ ફાઇનાન્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક સમયગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૩૨.૪૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬.૨૭ કરોડની કુલ આવક, વાર્ષિક ધોરણે ૩૫.૧૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫.૨૨ કરોડનો એબિટા અને વાર્ષિક ધોરણે ૩૧.૧૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૪૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સ્વીગીએ ફોરેન ઓનરશિપ ૪૯.૫૦ ટકા સુધી મર્યાદિત જાહેર કર્યા બાદ તેના શેરમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. ભારતની અગ્રણી વન-સ્ટોપ વિદેશ અભ્યાસ, ઇમિગ્રેશન અને ઇંગ્લીશ લેંગ્યુએજ ટેસ્ટ પ્રિપરેશન કન્સલ્ટન્સી કંપનીઓમાંની એક, વેસ્ટર્ન ઓવરસીઝ સ્ટડી એબ્રોડ લિમિટેડે વૈશ્વિક નેટવર્કના વિસ્તરણના ભાગરૂપે કેનેડા, ન્યુઝીલેન્ડ, યુરોપ, મધ્ય પૂર્વ અને રશિયામાં અગ્રણી યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંગઠનો સાથે શ્રેણીબદ્ધ વ્યૂહાત્મક કરારો કર્યા છે. રોકાણકારોને ગાઇડન્સ નિરાશાજનક વાગ્યું હોવાથી બંધન બેન્કમાં ૧૯ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. ■

# એફઆઈઆઈની સાપ્તાહિક વેચવાલી ₹ ૭૫૫૮ કરોડ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના એકધારા હુમલાને કારણે શેરબજાર ફર ડામાડોળ થઇ ગયું છે અને વિદેશી સંસ્થાઓની વેચવાલી ફરી વધતી જાય છે. પાછલા સપ્તાહ દરમિયાન એફઆઈઆઈની રૂ.૭૫૫૮.૪૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. ખાસ કરીને ઓટો અને એફએમસીજી સેક્ટર સર્વાધિક વધ્યાં હતા, જ્યારે રિયલ્ટી અને બેન્કેક્સ સૌથી અધિક ઘટ્યા હતા.

શુક્રવાર, ૨૪ જુલાઈ, ૨૦૨૬એ સમાપ્ત થયેલા કારોબારી સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૮,૧૫૧.૪૫ના બંધથી ૨,૦૯૧.૬૮ પોઈન્ટ્સ (૨.૬૮ ટકા) વધ્યો હતો.સોમવાર, ૧૩ જુલાઈના રોજ સેન્સેક્સ ૭૮,૧૫૧.૪૫ ખૂલ્યો, ૨૦ જુલાઈના રોજ ઊંચામાં ૭૮,૧૫૧.૪૫ સુધી ગયો, જ્યારે શુક્રવાર, ૨૪ જુલાઈના રોજ નીચામાં ૭૫,૪૭૪.૪૩ સુધી જઈ ૭૮,૧૫૧.૪૫ બંધ રહ્યો હતો.

એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૭૫.૬૯ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૮૦.૧૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૫.૨૩ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૯૩ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૧.૮૩ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સમાં ૧.૮૫ ટકા ઘટ્યા હતા.

સેક્ટર ઈન્ડેક્સમાં એસએમઈ આઈપીઓ ૦.૩૮ ટકા, એફએમસીજી ૦.૪૯ ટકા, ઓટો ૦.૧૦ ટકા, પીએસયુ બેન્ક ૦.૦૮ ટકા અને ઈન્ડિયા ડિફેન્સ ૦.૧૫ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૪.૦૩ ટકા, બેન્કેક્સ ૨.૮૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૮૦ ટકા, આઈટી ૧.૮૧ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૯૬ ટકા, ઈન્ફ્રા ૦.૯૬ ટકા, પાવર ૦.૮૨ ટકા, હેલ્થકેર ૦.૭૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭૮ ટકા, ટેક ૧.૩૦ ટકા, પીએસયુ ૦.૫૮ ટકા અને મેટલ ૦.૫૮ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૪૧ કંપનીઓ વધી અને ૫૯ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૨૦૦માં ૭૬ કંપનીઓ વધી અને ૧૨૪ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૩૦માં ૧૦ કંપનીઓ વધી અને ૨૦ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૫૦૦માં ૧૪૨ કંપનીઓ વધી અને ૩૫૮ કંપનીઓ ઘટી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦માંથી સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપમાં એચસીએલ ટેકનોલોજી ૫.૨૬ ટકા, ટ્રેન્ટ ૧.૭૧ ટકા, પાવર ગ્રીડ ૧.૬૧ ટકા, એનટીપીસી ૧.૫૪ ટકા અને આઈટીસી ૧.૦૬ ટકા વધ્યા હતા. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપમાં એચડીએફસી બેન્ક ૧૦.૩૮ ટકા, એક્સિસ બેન્ક ૮.૨૧ ટકા, ઈન્ફોસિસ ૫.૩૮ ટકા, ઈન્ડિગો ૫.૨૯ ટકા અને બજાજ ફાઈનાન્સ ૪.૨૫ ટકા ઘટ્યા હતા.

ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૧૧ કંપનીઓમાંથી ૨૦૧ વધી અને ૫૧૦ ઘટી હતી. બી ગ્રુપની ૧૪૬૬ કંપનીઓમાંથી ૫૨૦ વધી, ૯૩૩ ઘટી અને ૧૩ યથાવત રહી હતી. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૮૮ કંપનીઓને નીચલી તેમજ ૧૯૩ કંપનીઓને ઉપલી સર્કિટ લાગી હતી.

બીએસઈ અને એનએસઈ પર સંયુક્ત રીતે ઘરેલુ સંસ્થાગત રોકાણકારોએ રૂ. ૯૭,૨૦૬.૮૮ કરોડની ખરીદી અને રૂ. ૮૭,૫૫૧.૪૧ કરોડનું વેચાણ કર્યું, જેના પરિણામે રૂ. ૯,૬૫૫.૪૭ કરોડની નેટ લેવાલી નોંધાઈ હતી. વિદેશી સંસ્થાગત રોકાણકારોએ રૂ. ૭૯,૫૨૦.૦૮ કરોડની ખરીદી સામે રૂ. ૮૭,૦૭૮.૫૭ કરોડનું વેચાણ કર્યું, જેથી રૂ. ૭,૫૫૮.૪૯ કરોડની નેટ વેચવાલી નોંધાઈ હતી. પ્રાઇમરી માર્કેટમાં મનીપાલ હેલ્થ એન્ટરપ્રાઇઝ રૂ. ૯,૨૭૫ કરોડનો આઇપીઓ લાવી રહી છે.

આ ઇશ્યૂની પ્રાઇસ બેન્ડ રૂ. ૫૬૦થી રૂ. ૫૯૦ છે. મિનિમમ લોટ ૨૫ શેરનો છે. આઇપીઓ બુધવાર, ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ ખુલશે અને શુક્રવાર, ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ત્રીજી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ પાંચમી ઓગસ્ટે થશે.

નેશનલ ઇન્સ્ટિટયુટ ઓફ સિક્યુરિટીઝ માર્કેટે સિક્યુરિટીઝ માર્કેટના વ્યવસાયિકોના માર્કેટના નિયમનો, પદ્ધતિઓ અને ઇનોવેશન્સ સંબંધિત જ્ઞાનને ચકાસવા માટે પ્રીમિયર ક્વીઝ, નિસ્મ ક્વીઝ ફોર સિક્યુરિટીઝ માર્કેટ એન્ટિટી (ક્યુએસએમઇ), ૨૦૨૬નું આયોજન કર્યું હતું, જેમાં એનએસઇ, બીએસઇ બ્રોકર ફોરમ, એનસીડેક્સ, એમસીએક્સ, ક્રિસિલ, એનએસડીએલ અને એમ્ફી સહભાગી થયા હતા.

આ અગાઉ સેબીના સહયોગ સાથે વિદ્યાર્થીઓમાં ફાઇનાન્શિઅલ અવેરનેસના પ્રસાર માટે નેશનલ ફાઇનાન્શિઅલ લિટરસી ક્વીઝ, ૨૦૨૬ના વેસ્ટર્ન રિજનલ રાઉન્ડનું આયોજન કર્યું હતું.

ભારતમાં નવી મારુતિ બ્રેઝા રૂ. ૭.૪૦ લાખ (પ્રારંભિક એક્સ-શોરૂમ)માં લોન્ચ કરવામાં આવી છે. નવા મોડલમાં દેખીતા ફેરફાર ઓછા છે, પરંતુ ફંખશનલ અને મિકેનિકલ સુધારા કરવામાં આવ્યા છે.

વધારાની સુવિધાઓમાં સક્રિય કૂલિંગ સાથે વાયરલેસ ચાર્જિંગ પેડ, ઇલેક્ટ્રિક સનરૂફ, નવું એચવીએસી નિયંત્રણ અને નવી બીજી હરોળની હેડરેસ્ટનો સમાવેશ થાય છે. ૩૬૦ ડીગ્રી કેમેરા અને ડ્રાઇવર સીટની ઊંચાઈ ગોઠવણ ઓડજસ્ટમેન્ટ જેવા ફિચર જોકા અગાઉ જેવા જ છે.■

# આ કેલેન્ડર વર્ષમાં કોર્પોરેટ સેક્ટર માર્કેટમાંથી ૨૦ અબજ ડોલર એકત્ર કરી શકે

નવી દિલ્હીઃ ભારતનું પ્રાથમિક બજાર બીજા વ્યસ્ત મહિના માટે તૈયાર છે કારણ કે ક્વિક કોમર્સ પ્લેટફોર્મ ઝેપ્ટો હાઉસિંગ ફાઇનાન્સ ફર્મ ટુહોમ ફાઇનાન્સ અને લોજિસ્ટિક્સ પ્લેટફોર્મ શિપરોકેટ સહિત એક ડઝનથી વધુ કંપનીઓ તેમના પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે. આગામી આઇપીઓઆઇપીઓ સામૂહિક રીતે રૂ. ૨૫,૦૦૦ કરોડથી વધુ એકત્ર કરે તેવી અપેક્ષા છે, જે આવતા મહિને આ વર્ષના પ્રાથમિક બજાર માટે સૌથી વ્યસ્ત સમયગાળામાંનો એક બનાવશે. પાઇપલાઇનમાં મોટા આઇપીઓ આવી રહ્યા છે.

ઝેપ્ટો સૌથી મોટા આઇપીઓમાંનો એક લોન્ચ કરે તેવી અપેક્ષા છે. કંપની ૧૧.૩૪ કરોડ ઇક્વિટી શેરના વેચાણ માટે ઓફર (એફઓએસ) સાથે શેરના નવા ઇશ્યૂ દ્વારા રૂ. ૮,૦૧૦ કરોડ સુધી એકત્ર કરવાની યોજના ધરાવે છે. દરમિયાન, એલિવેટ કેમ્પસ સંપૂર્ણપણે નવા ઇશ્યૂ દ્વારા રૂ. ૨,૫૫૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. શિપ્રોકેટે રૂ. ૨,૩૪૨.૩૫ કરોડના આઇપીઓ માટે પણ અરજી કરી છે, જેમાં રૂ. ૧,૧૦૦ કરોડ સુધીનો નવો ઇશ્યૂ અને રૂ. ૧,૨૪૨.૩૫ કરોડના ઓએફએસનો સમાવેશ થાય છે. પ્રાઇમરી માર્કેટમાં પ્રવેશવા માટે ઘણી વધુ કંપનીઓ તૈયારી કરી રહી છે.

શેરબજારમાં પ્રવેશવાની યોજના બનાવી રહેલી અન્ય કંપનીઓમાં ઇનોવેટીવ્યુ ઇન્ડિયા, મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ, ધૂત ટ્રાન્સમિશન, આર્સિલ, આર્ડી ઇન્ડસ્ટ્રીઝ, ગાજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ, રેઝ ઓફ બિલીફ, હાઇ-ટેક એન્જિનિયર્સ, શંકેશ જ્વેલર્સ અને લર્નફ્લુઅન્સ એજ્યુકેશનનો સમાવેશ થાય છે. આ કંપનીઓ વ્યવસાય વિસ્તરણ, દેવા ઘટાડા અને અન્ય કોર્પોરેટ હેતુઓ માટે ભંડોળ એકત્ર કરવા માંગે છે. ઇન્વેસ્ટમેન્ટ બેન્કર્સ માને છે કે બજારની સ્થિતિમાં સુધારો અને હકારાત્મક રોકાણકારોના મજબૂત સેન્ટિમેન્ટે કંપનીઓને તેમની લિસ્ટિંગ યોજનાઓ સાથે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

બજારના સૂત્રોએ જણાવ્યું હતું કે જે કંપનીઓએ તેમના આઇપીઓમાં વિલંબ કર્યો હતો તેઓ હવે બજારની સ્થિતિમાં સુધારો થતાં પાછા ફરી રહ્યા છે. ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૩૬ કંપનીઓએ આઇપીઓ લોન્ચ કર્યા છે, જેમાં આ મહિને નવ કંપનીઓનો સમાવેશ થાય છે. ■

# ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા કેશ સેગમેન્ટ સ્ટોક્સ પર ક્લોઝિંગ ઓક્શન સેશન લાગુ થશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં ત્રીજી ઓગસ્ટથી નવી ક્લોઝિંગ ઓક્શન સિસ્ટમ લાગુ પડશે. ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા કેશ સેગમેન્ટ સ્ટોક્સ પર આ નિયમ અમલી થશે. હાલ આશરે ૨૧૦ સ્ટોક્સમાં ક્લોઝિંગ ઓક્શન સેશનના આધારે ભાવ નક્કી થશે. બપોરે ૩ઃ૧૫ થી ૩ઃ૩૫ સુધી ૨૦ મિનિટનું આ સત્ર રહેશે. પારદર્શિતા વધારવા આ નિર્ણય લેવાયો છે.

નવી ક્લોઝિંગ ઓક્શન સિસ્ટમ લાગુ થવામાં લગભગ ગણતરીના દિવસ બાકી છે. એક્સચેન્જો આ ફેરફાર માટે તૈયારી કરી રહ્યા છે. આ માટે, તેઓએ મોક ટ્રેડિંગ (વર્ચ્યુઅલ મની સાથે વર્ચ્યુઅલ ટ્રેડિંગ) હાથ ધર્યું હતું. આગામી અઠવાડિયામાં આવા વધુ ટ્રેડિંગનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બ્રોકર્સ પરીક્ષણ માટે ભાગ લેશે.

ક્લોઝિંગ ભાવને વધુ પારદર્શક બનાવવા માટે, નવી સિસ્ટમ ત્રીજી ઓગસ્ટથી લાગુ કરવામાં આવી રહી છે. ક્લોઝિંગ ઓક્શન સેશન ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા કેશ સેગમેન્ટ સ્ટોક્સ પર લાગુ થશે. આવા સ્ટોક્સની ક્લોઝિંગ કિંમત ક્લોઝિંગ ઓક્શન સેશનના આધારે નક્કી કરવામાં આવશે. હાલમાં, ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા આશરે ૨૧૦ સ્ટોક્સ ઉપલબ્ધ છે.

આ અન્ય સિક્યોરિટીઝ માટે તબક્કાવાર રીતે લાગુ કરી શકાય છે. રોકડ સેગમેન્ટમાં બાકી રહેલી સિક્યોરિટીઝ માટે બાંધ ભાવ રોકડ સેગમેન્ટમાં સતત ટ્રેડિંગ સત્રના છેલ્લા ૩૦ મિનિટમાં પૂર્ણ થયેલા ટ્રેડ્સના વોલ્યુમ-વેઇટેડ એવરેજ પ્રાઇસના આધારે નક્કી કરવામાં આવશે.

બ્રોકરેજ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે રિટેલ રોકાણકારો શરૂઆતમાં થોડી મૂંઝવણ અનુભવી શકે છે કારણ કે કેટલાક શેર અન્ય કરતા વહેલા બંધ થશે, પરંતુ જેમ જેમ રોકાણકારોને તેની આદત પાડશે, તેમ તેમ વસ્તુઓ સ્પષ્ટ થશે. બજાર નિયમનકાર ભંડોળ માટેના મુદ્દાને ઉકેલવા માટે કામ કરી રહ્યું છે, જેના માટે બાંધ ભાવ વાધુ અધિકૃત છે. શરૂઆતના દિવસોમાં સિસ્ટમ થોડી બોજારૂપ લાગી શકે છે અને રિટેલ રોકાણકારો ઓર્ડર મેચિંગ અંગે થોડી મૂંઝવણ અનુભવી શકે છે, પરંતુ અનુભવ સાથે, તે વધુ સામાન્ય બનશે.

ઉદ્યોગના આંતરિક લોકો કહે છે કે જો મોક ટ્રેડિંગ દરમિયાન કોઈ મોટી તકનીકી સમસ્યાઓ ઊભી થાય છે, તો અમલીકરણની સમયમર્યાદા લંબાવી શકાય છે.

ક્લોઝિંગ ઓક્શન સેશન બપોરે ૩ઃ૧૫ થી ૩ઃ૩૫ વાગ્યા સુધી ૨૦ મિનિટનું અલગ સત્ર હશે. સંદર્ભે કિંમત ગણતરીઓ, અથવા સતત ટ્રેડિંગ સત્રથી ક્લોઝિંગ ઓક્શન સેશન રૂપાંતરણો, બપોરે ૩ઃ૧૫ થી ૩ઃ૨૦ વાગ્યા સુધી હશે. ■

# ઈક્વિટી અને ઋણ સાધનો મારફત નાણાં એકત્રીકરણ નવી વિક્રમી સપાટીએ

મુંબઇ : ઈક્વિટી ઉપરાંત ઋણ સાધનો મારફત બજારમાંથી નાણાં ઊભા કરવાની માત્રા જૂનમાં નવી વિક્રમી સપાટીએ પહોંચી હતી. જૂન મહિનામાં પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ) માટેનું બજાર નરમ રહ્યું હોવા છતાં, ડેટ ઈશ્યુઅન્સના આધારે કુલ ફંડ એકત્રિકરણ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યું હતું.

ઇક્વિટી, ડેટ અને બિઝનેસ ટ્રસ્ટ્સ દ્વારા કુલ ભંડોળ એકત્રિકરણ વધીને રૂ. ૩.૧૫ લાખ કરોડ થયું હતું. જે માસિક ધોરણે ૧૨૨ ટકાનો ઉછાળો દર્શાવે છે. આ અત્યાર સુધીનો સૌથી વાધુ માસિક ફંડ એકત્રિકરણનો રેકોર્ડ છે. એક રિપોર્ટ અનુસાર આ વધારો મુખ્યત્વે ડેટ ઈશ્યુઅન્સ દ્વારા સંચાલિત હતો, જે માસિક ૧૪૨ ટકા વાધીને રૂ. ૨.૫૯ લાખ કરોડ થયું હતું.

આને કમર્શિયલ પેપર્સ અને પ્રાઈવેટલ પ્લેસ્ડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી) દ્વારા ઉચ્ચ ફંડ એકત્રીકરણનું સમર્થન મળ્યું હતું. ડેટ સેગમેન્ટમાં, વૃદ્ધિ ખાસ કરીને કમર્શિયલ પેપર્સના ઈશ્યુઅન્સને કારણે હતી, જે મે મહિનામાં રૂ. ૮૦,૪૧૦ કરોડ હતા તે જૂનમાં બમણાથી વધુ વધીને રૂ. ૧.૯ લાખ કરોડ થઈ ગયા હતા. આ જ સમયગાળા દરમિયાન, પ્રાઈવેટ એનસીડી ઈશ્યુઅન્સ વધીને રૂ. ૬૯,૭૦૦ કરોડ થયા હતા, જે કોર્પોરેટ્સ તરફથી મજબૂત ફંડિંગ માંગ દર્શાવે છે. ઇક્વિટી સેગમેન્ટમાં કુલ ફંડ એકત્રીકરણ વધીને રૂ. ૫૩,૦૦૦ કરોડ થયું હતું, જેનું મુખ્ય કારણ ઉચ્ચ પ્રેફરેન્શિયલ એલોટમેન્ટ્સ અને ક્વોલિફાઈડ ઈન્સ્ટીટયુશનલ પ્લેસમેન્ટ્સ (ક્યુઆઈપી) હતા. રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્ દ્વારા ફંડ એકત્રીકરણ રૂ. ૨,૦૦૦ કરોડ રહ્યું હતું, જે મે મહિનામાં રૂ. ૫,૦૦૦ કરોડ હતું.

જૂનમાં મેઈનબોર્ડ અને એનએસઈ ના ઈનર્જ પ્લેટફોર્મ પર નાના અને મધ્યમ એન્ટરપ્રાઈઝિસ (એસએમઈ) માં રૂ. ૧,૯૦૦ કરોડના આઈપીઓ એકત્રીકરણ સાથે થોડો સુધારો જોવા મળ્યો હતો. ઇક્વિટી સેગમેન્ટમાં, પ્રેફરેન્શિયલ એલોટમેન્ટ્સે ફંડ એકત્રિકરણમાં સૌથી વધુ યોગદાન આપ્યું હતું, જે વધીને રૂ. ૨૨,૫૦૦ કરોડ થયું હતું. સેકન્ડરી માર્કેટ ઓફર ફોર સેલના ઈશ્યુઅન્સ રૂ. ૨૧,૦૦૦ કરોડ રહ્યા હતા, જ્યારે ક્યુઆઈપી દ્વારા રૂ. ૭,૫૦૦ કરોડ એકત્ર કરાયા હતા. નાણાકીય વષ૪ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આઠ કંપનીઓ મેઈનબોર્ડ પર લિસ્ટ થઈ હતી અને રૂ. ૪,૭૦૦ કરોડ એકત્ર કર્યા હતા. બીએસઈ એસએમઈ ખાતે માટે, જૂનમાં આઈપીઓ દ્વારા ભંડોળ એકત્રિકરણ રૂ. ૯૪૦.૬ કરોડ રહ્યું હતું, જે મે મહિનામાં નોંધાયેલા રૂ. ૫૦.૫ કરોડથી વધુ છે. ■

# રાતા સમુદ્રમાં અવરોધની મોટી ચિંતાઃ ભારતની ક્રૂડ બાસ્કેટમાં ઉકળતો ચરૂ, વીસ દિવસમાં ૫૧ ટકાનો ઉછાળો

નવી દિલ્હીઃ ભારતની ક્રૂડ ઓઇલની બાસ્કેટ ૨૩ જુલાઈના રોજ વધીને ૧૦૩.૩૩ ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે, જે ૩ જુલાઈના ૬૮.૨૧ ડોલરની સરખામણીએ ૫૧.૫ ટકા વધુ છે. જુલાઈના નીચા સ્તરે યુએસ-ઈરાન શાંતિ કરારની અપેક્ષાઓને કારણે ભાવમાં થોડો સમય ઘટાડો થયો હતો. તેના કારણે નુકસાન વેઠી રહેલી સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પર ફરીથી દબાણ શરૂ થયું છે.

આના કારણે ફરી એકવાર પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારો ઝીંકવામાં આવે તેવી શક્યતાઓ વધી ગઈ છે. ઉલ્લેખનીય છે કે હાલમાં ભારતમાં ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના ભાવ ઓલ રેડી ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરથી ઉપર ચાલી રહ્યા છે અને જો હવે ફરી એકવાર વધારો કરવામાં આવશે તો પ્રજાને તકલીફ પડી શકે છે.

તાજેતરનો ઉછાળો સપ્ટેમ્બરના કોન્ટ્રેક્ટ્સમાં જોવા મળી રહ્યો છે. જો આગામી થોડા અઠવાડિયા સુધી ક્રૂડના ભાવ ઊંચા રહેશે, તો તેની અસર બીજી અને ત્રીજી ત્રિમાસિક ગાળામાં ઓઇલ રિટેલર્સની નાણાકીય કામગીરી પર પડી શકે છે તેમ ઓઇલ માર્કેટિંગ કંપનીના સુત્રોએ જણાવ્યું હતું.

૨૩ જુલાઈનો સ્તર જુલાઈના સરેરાશ ૭૯.૧૦ ડોલર પ્રતિ બેરલ કરતાં ૩૦.૬૦ ટકા વધુ અને જૂનની સરેરાશ ૮૩.૨૨ ડોલર કરતાં ૨૪.૨૦ ટકા વધુ હતો. તે મે મહિનાના ૧૦૬.૨૩ ડોલર કરતાં માત્ર ૨.૭૦ ટકા નીચો અને એપ્રિલના ૧૧૪.૪૮ ડોલર કરતાં ૯.૭૦ ટકા નીચો હતો.

શુક્રવારે ઓઇલ વાયદામાં ત્રણ ટકા કરતાં વધુનો ઘટાડો નોંધાયો હતો, પરંતુ રાતા સમુદ્રમાં ઊર્જાના પુરવઠામાં વધી રહેલી અડચણો અને યુએસ-ઇઝરાયેલ તથા ઇરાન વચ્ચે વધતા તણાવના ડર વચ્ચે તે સાપ્તાહિક ધોરણે મજબૂત વધારા તરફ આગળ વધી રહ્યો હતો.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે જૂનમાં બજારમાં થોડા સમય માટે સ્થિરતા જોવા મળી હતી, પરંતુ તાજેતરના જીઓપોલિટિકલ વિકાસે દર્શાવ્યું છે કે ઓપરેટિંગ વાતાવરણ કેટલી ઝડપથી બદલાઈ શકે છે. રશિયન ક્ડ તેલ પર ડિસ્કાઉન્ટ ન મળવાને કારણે ચિંતા વધી છે, જોકે તે પુરવઠાની સ્થિરતા પૂરી પાડવાનું ચાલુ રાખે છે.

બાબ અલ-મંડેબ મધ્યમ માર્ગ પર થતી અડચણો આગામી ઊર્જા-સુરક્ષા પડકાર તરીકે ઉભરી શકે છે. કોઈપણ લાંબા ગાળાની અડચણ સાઉદી અરેબિયા અને રશિયાથી ક્રૂડના પુરવઠાને જોખમમાં મૂકી શકે છે, જ્યારે ફ્રેટ (ભાડા) ખર્ચ અને વૈશ્વિક તેલના ભાવમાં વધારો કરી શકે છે. જો સંઘર્ષ એક મહિના સુધી મર્યાદિત રહેશે, તો બ્રેન્ટ માસિક સરેરાશ ૯૪ ડોલરની આસપાસ સીમિત રહેવાની સંભાવના છે. ■

# તહેવારોમાં ખાંડ કડવી થતી અટકાવવા સરકાર સ્ટોક લિમિટ લાદવાની તૈયારીમાં

મુંબઈઃ દેશમાં ખાંડના ભાવમાં રૂ. ૩૦૦નો ઉછાળો આવતા સરકાર સક્રિય બની છે. આગામી તહેવારોમાં સંગ્રહખોરી રોકવા સ્ટોક લિમિટ દાખલ કરવા વિચારણા ચાલી રહી છે. હાલ રિટેલ ભાવ રૂ. ૪૫-૫૦ પ્રતિ કિલો પહોંચ્યા છે. ઇસ્માએ ખાંડનો પૂરતો સ્ટોક હોવાનું જણાવ્યું છે.

જોકે, નબળા ચોમાસાને કારણે ઉત્પાદન ઘટવાની આશંકાથી ભાવ વધ્યા છે. દેશમાં ખાંડના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખી આગામી તહેવારો દરમિયાન ખાંડની સંગ્રહખોરી અટકાવવાના ભાગરૂપ સ્ટોક લિમિટ દાખલ કરવા સરકાર વિચારી રહી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું.

ખાંડના ભાવ પાછલા એક મહિનામાં ક્વિન્ટલ દીઠ રૂપિયા ૩૦૦ જેટલા વધી હાલમાં રૂપિયા ૪૫૦૦ આસપાસ બોલાઈ રહ્યા છે. દેશના મુંબઈ, દિલ્હી જેવા મોટા શહેરોમાં ખાંડના રિટેલ ભાવ પ્રતિ કિલો રૂપિયા ૪૫થી ૫૦ પહોંચી ગયા છે. જો કે ખાંડના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળા પાછળ કોઈ સજ્જડ કારણ નહીં હોવાનું અને દેશમાં જરૂરિયાતને પૂરી કરી શકાય તેટલો ખાંડનો પૂરતો સ્ટોકસ છે, એમ ખાંડ ઉદ્યોગ દ્વારા તાજેતરમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી. ઈસ્મા તથા નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેકટરીસ લિ. દ્વારા સંયુકત રીતે જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે, કેન્દ્ર સાથેની ચર્ચા વિચારણામાં દેશમાં ખાંડનો પૂરવઠો સાનુકૂળ સ્થિતિમાં હોવાની ખાતરી થઈ હતી.

નબળા ચોમાસાને કારણે ઓકટોબરથી શરૂ થતી ખાંડ મોસમના ઉત્પાદન પર અસર પડવાની ધારણાંએ ખાંડના ભાવમાં હાલમાં ઉછાળો જોવાયો છે. જૂનમાં વરસાદની ૩૭ ટકા જેટલી ખાધ રહી હતી અને શેરડીના બે મોટા ઉત્પાદક રાજ્યો મહારાષ્ટ્ર તથા ઉત્તર પ્રદેશમાં પણ વરસાદ ઓછો રહ્યો છે. જુલાઈમાં ચોમાસુ સક્રિય થયું છે તેમછતાં હજુપણ ખાધ જોવાઈ રહી છે. ■

# અખાતી યુદ્ધને કારણે જહાજી ઉદ્યોગને મોટો ફટકો, આયાત - નિકાસના કામકાજ ફરી ખોરવાયા

નવી દિલ્હીઃ અખાતી સામુદ્રધુની સાથે રાતા સમુદ્રમાં પણ યુદ્ધની સ્થિતિ સર્જાતા ભારતના આયાત-નિકાસ વેપારને મોટો ફટકો પડ્યો છે. શિપિંગ દરો બમણા થયા છે અને કન્ટેનરની તીવ્ર અછત સર્જાઈ છે. ભારતીય બંદરો પર આવતા જહાજોની સંખ્યા પણ ઘટી છે. જુલાઈની શરૂઆતમાં યુદ્ધવિરામ ભંગ થયા પછી પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ વધુ વણસતાં ભારતના આયાત-નિકાસ વેપારને મોટો આંચકો લાગ્યો છે.

વૈશ્વિક શિપિંગ રૂટમાં વિક્ષેપને કારણે મુખ્ય સ્થળો માટેના શિપિંગ દરો બમણા થઈ ગયા છે અને કન્ટેનરની ઉપલબ્ધતામાં ભારે ઘટાડો થયો છે. ઉદાહરણ તરીકે, પશ્ચિમ કિનારાના ભારતીય બંદરોથી યુએસ ઇસ્ટ કોસ્ટ (અમેરિકાના પૂર્વ કિનારા) માટે ૪૦ ફૂટના કન્ટેનરનો શિપિંગ દર જૂનના ૩,૪૦૦ ડોલરથી વધીને ૬,૦૦૦ ડોલરપર પહોંચી ગયો છે.

યુએસ વેસ્ટ કોસ્ટ (અમેરિકાના પશ્ચિમ કિનારા) માટે કન્ટેનરનો ચાર્જ ૪,૧૦૦ ડોલરથી વધીને ડોલર ૭,૩૦૦ થયો છે. જ્યારે યુરોપમાં કન્ટેનર મોકલવાનો ખર્ચ જૂનની શરૂઆતમાં ૧,૭૦૦ ડોલર હતો તે જુલાઈમાં વાધીને ૩,૮૦૦ ડોલર થઈ ગયો છે. જાણકાર સુત્રોએ જણાવ્યું હતું કે, માર્ચમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી જ ભાડાં ઊંચા હતાં, જેમાં તાજેતરમાં વધુ વધારો થયો છે. ■

# કચ્છમાં ભારે વરસાદ બાદ ક્ષતિગ્રસ્ત રસ્તાઓની મરામત કામગીરી યુદ્ધના ધોરણે શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં તાજેતરમાં થયેલા ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોનું સમારકામ અને જળભરાવ દૂર કરવાની કામગીરી સ્થાનિક તંત્ર દ્વારા પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. નાગરિકો માટે વાહન વ્યવહાર ઝડપથી અને સુરક્ષિત રીતે પુનઃ કાર્યરત થાય તે હેતુથી માર્ગ અને મકાન વિભાગ તથા સ્થાનિક નગરપાલિકાઓ દ્વારા સંયુક્તપણે કામગીરી હાથ ધરવામાં આવી છે.





અત્યાધુનિક મશીનરી અને પૂરતા માનવબળના ઉપયોગ સાથે માર્ગોનું દુરસ્તીકરણ તેમજ વરસાદી પાણીના નિકાલને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

વરસાદના કારણે સીમાવર્તી રાપર તાલુકાના આડેસર ખાતે ભરાયેલા પાણીના ઝડપી નિકાલ માટે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ હતી. આ ઉપરાંત, નખત્રાણા વિસ્તારમાં વરસાદી પાણીના વહેણમાં અડચણરૂપ બનતા કચરાની સફાઈ કરી પાણીનો નિકાલ સુગમ બનાવવામાં આવ્યો હતો.

બીજી તરફ, ભારે વરસાદને પગલે ક્ષતિગ્રસ્ત થયેલા સુવઈથી રવેચી તરફના મુખ્ય માર્ગને પુનઃ વાહનવ્યવહાર યોગ્ય બનાવવા માટે પણ તબક્કાવાર સમારકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. વહીવટી તંત્રના આ ત્વરિત પગલાંથી માર્ગ પરિવહન સુચારુ બનતાં રાહદારીઓ અને વાહનચાલકોને મોટી રાહત મળશે. ■

# નખત્રાણાના ભડલી ગામે મહાકાય મગરનું સફળ રેસ્ક્યૂ: વન વિભાગની ત્વરિત કામગીરીથી મોટો અકસ્માત ટળ્યો

**સફળ રેસ્ક્યૂ ઓપરેશન બાદ મગરને માનવ વસતીથી દૂર તેના કુદરતી રહિશને અનુરૂપ સુરક્ષિત જળાશયમાં મુક્ત કરવામાં આવ્યો હતો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બારડોલી તરીકે ઓળખાતા નખત્રાણા તાલુકાના ભડલી ગામમાં વહેલી સવારે માનવ વસાહત નજીક એક મહાકાય મગર આવી ચડતાં ગ્રામજનોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ તુરંત આ અંગે પશ્ચિમ વન વિભાગને જાણ કરતા, વન અધિકારી અરુણ સરવૈયાના માર્ગદર્શન હેઠળ વન વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

વન વિભાગના પ્રશિક્ષિત સ્ટાફ અને અનુભવી રેસ્ક્યુઅર્સ દ્વારા અત્યંત સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

માન્ય રેસ્ક્યુઅર જગદીશ પરમાર, મહેશ સોની તથા પશ્ચિમ વન વિભાગના રિશી ગોસ્વામી સહિતની ટીમે જરૂરી સાધનોની મદદથી ભારે જહેમત બાદ મગરને સુરક્ષિત રીતે કાબૂમાં લીધો હતો.

આ કામગીરી દરમિયાન સ્થળ પર એકત્ર થયેલા ઉત્સુક ગ્રામજનોને વન વિભાગે સુરક્ષિત અંતરે રાખી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખી હતી.

સફળ રેસ્ક્યુ ઓપરેશન બાદ મગરને માનવ વસતીથી દૂર તેના કુદરતી રહિશને અનુરૂપ સુરક્ષિત જળાશયમાં મુક્ત કરવામાં આવ્યો હતો. સમયસરની આ કાર્યવાહીથી ભડલી ગામમાં સંભવિત દુર્ઘટના ટળતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને વન વિભાગની સરાહનીય કામગીરીને બિરદાવી હતી.

વન વિભાગના જણાવ્યા અનુસાર, ચોમાસા દરમિયાન નદી-નાળાં અને તળાવોમાં પાણીની આવક વધવાને કારણે મગરો અવારનવાર ખોરાક કે આશ્રયની શોધમાં રહેણાંક વિસ્તારો તરફ વળી જતા હોય છે. આથી, વરસાદી ઋતુમાં જળાશયો કે નીચાણવાળા વિસ્તારો નજીક અવરજવર કરતી વખતે વિશેષ સાવચેતી રાખવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. વધુમાં, કોઈ પણ જંગલી પ્રાણી દેખાય ત્યારે તેને ઉશ્કેરવા કે જાતે પકડવાનો પ્રયાસ કરવાને બદલે તુરંત જ જવાબદાર તંત્ર કે વન વિભાગનો સંપર્ક કરવા જણાવાયું છે. ■

# ભારે વરસાદથી કચ્છ-મુંબઈ રેલવે વ્યવહાર સતત ચોથા દિવસે ખોરવાયો, અનેક ટ્રેનો રદ અને રૂટ પરિવર્તિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતમાં ચાલી રહેલી મેઘમહેરના કારણે રેલવે વ્યવહાર પર ભારે વિપરીત અસર પડી છે. દક્ષિણ ગુજરાત અને ત્યારબાદ અમદાવાદ-વિરમગામ સેક્શનમાં ભારે વરસાદના કારણે પાટા પર પાણી ભરાઈ જતાં કચ્છથી મુંબઈ અને ઉત્તર ભારત તરફ જતો ટ્રેન વ્યવહાર સતત ચોથા દિવસે પણ બાધિત રહ્યો હતો.

મળતી વિગતો મુજબ, વિરમગામ સેક્શનમાં પાણી ભરાઈ જવાના કારણે બરેલી-ભુજ આલા હઝરત એક્સપ્રેસ ૧૨ કલાક જેટલી મોડી ભુજ પહોંચી હતી અને ભુજથી પણ ૧૨ કલાકના વિલંબથી રવાના થઈ હતી. આ ઉપરાંત, વિરમગામ સ્ટેશને કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી એક્સપ્રેસ ૪થી ૫ કલાક અટવાઈ પડી હતી. પાટા પર ભરાયેલા પાણી વચ્ચે રેલવે તંત્ર દ્વારા અત્યંત ધીમી ગતિએ ટ્રેનોને આગળ વધારવામાં આવતાં આ બંને ટ્રેનો ૮ કલાક જેટલી મોડી મુંબઈ (બાન્દ્રા/દાદર) પહોંચી હતી.

મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા અનેક લાંબા અંતરની ટ્રેનોના રૂટમાં પરિવર્તન કરવામાં આવ્યું છે.

જેમાં આલા હઝરત એક્સપ્રેસને વાયા પાલનપુર-ભીલડી-રાધનપુર-સામખિયાળી તેમજ ગાંધીધામ-કામાખ્યા અને ગાંધીધામ-હાવડા એક્સપ્રેસને સામખિયાળી-ભીલડી-પાટણના પરિવર્તિત માર્ગે દોડાવવામાં આવી હતી. જ્યારે ભુજ-બાન્દ્રા કચ્છ એક્સપ્રેસ (૨૨૯૫૬)ને સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. બીજી તરફ, ભુજ-બાન્દ્રા એસી એક્સપ્રેસને તેના નિયમિત સમયપત્રક મુજબ રવાના કરાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ બોમ્બે સેન્ટ્રલ ડિવિઝન, ત્યારબાદ નવસારી અને હવે વિરમગામ પાસે રેલવે ટ્રેક પર પાણી ભરાતાં તથા ધોવાણ થતાં છેલ્લા ચાર દિવસથી મુસાફરો ભારે રઝળપાટ અને મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રેલવે સત્તાધીશોના જણાવ્યા અનુસાર, ટ્રેક પરથી પાણી ઓસર્યા બાદ જ ટ્રેન વ્યવહાર પૂર્ણપણે પૂર્વવત થઈ શકશે તેમ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું. ■

**ઊના-નવાબંદર અને ગીર સોમનાથ એલસીબી પોલીસનો સપાટો**

# દીવથી ગુજરાતમાં ઘુસાડાતો ₹ ૨.૫ લાખનો ૫૫૮ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના: નવાબંદર અને ગીર સોમનાથ એલસીબી પોલીસની સંયુક્ત કામગીરીમાં દીવથી ગુજરાત હદમાં ગેરકાયદે વિદેશી દારૂ ઘુસાડવાના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. પોલીસે ઠેર-ઠેર નાકાબંધી કરી દારૂની હેરાફેરી કરતા તત્વો સામે તવાઈ બોલાવી હતી.

પોલીસની અલગ-અલગ કામગીરીમાં અંદાજે રૂ.૨.૫ લાખની કિંમતનો વિદેશી દારૂનો કુલ ૫૫૮ બોટલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી બે કાર, બે બાઈક અને ત્રણ મોબાઈલ ફોન સહિત અંદાજે રૂ.૮ લાખનો કુલ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહીમાં પોલીસે ચાર શખ્સોની અટકાયત કરી હતી, જ્યારે એક બુટલેગર પોલીસની પકડથી દૂર રહી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

દીવથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે અલગ-અલગ વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોવાની બાતમીના આધારે પોલીસ દ્વારા નાકાબંધી અને વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસની સતર્કતાના કારણે દારૂની હેરાફેરીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. ■

# ભુજના ડી-માર્ટમાં મહિલાના ₹ ૩૮ હજારના મોબાઈલની તફડંચી, પોલીસ ફરિયાદ નોંધાઈ

**કેશ કાઉન્ટર સમયે પત્નીએ ટ્રોલીમાં જોતાં મોબાઈલ ગાયબ જણાયો હતો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ શહેરના પોશ વિસ્તારમાં આવેલા ડી-માર્ટ શોપિંગ મોલમાં ખરીદી અર્થે આવેલા પરિવારની મહિલાનો સ્માર્ટફોન ચોરાઈ જવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ અંગે ભુજ શહેર એ-ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધાયો છે.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ, નખત્રાણા તાલુકાના વિથોણ ગામે રહેતા ભાવિન જયંતી રુડાણી ગત તારીખ ૧૮ જુલાઈના રોજ પોતાના પરિવાર સાથે ભુજના ડી-માર્ટમાં ખરીદી કરવા આવ્યા હતા. ખરીદી દરમિયાન તેમની પત્ની ભૂમિકાબેને પોતાનો રૂ. ૩૭,૯૯૯ની કિંમતનો મોબાઈલ ખરીદીની ટ્રોલી ઉપર રાખ્યો હતો. ત્યારબાદ કેશ કાઉન્ટર સમયે પત્નીએ ટ્રોલીમાં જોતાં મોબાઈલ ગાયબ જણાયો હતો.

આસપાસમાં ભારે શોધખોળ કરવા છતાં ફોન ન મળતાં, કોઈ અજાણ્યો શખ્સ નજર ચૂકવીને ટ્રોલીમાંથી મોબાઈલ ચોરી ગયો હોવાનું માલૂમ પડ્યું હતું.

આ બનાવ અંગે ભોગ બનનારે ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ડી-માર્ટના સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરની શોધખોળ શરૂ કરી હોવાની માહિતી મળી હતી. ■

# ગેરકાયદે તબીબી પ્રેક્ટિસ સામે પોલીસ લાલઘૂમ, ટુંડામાં બોગસ ડૉક્ટર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય મુંદરા તાલુકાના ટુંડા ગામમાં કોઈ પણ પ્રકારની માન્ય તબીબી ડિગ્રી વગર ગેરકાયદે ચાલી રહેલા એક ક્લિનિક પર મુંદરા પોલીસે દરોડો પાડી બોગસ ડોક્ટરની ધરપકડ કરી હતી.

મળતી વિગતો મુજબ, ટુંડા ગામે ટાટા પાવર કંપની તરફ જતા રોડ પર આવેલી અર્ચના ક્લિનિકમાં તબીબી લાયકાત વગર લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરવામાં આવી રહ્યાં હોવાની ચોક્કસ માહિતીના આધારે મુંદરા પોલીસે સાંજના સમયે અચાનક દરોડો પાડ્યો હતો. આ કામગીરી દરમિયાન ક્લિનિકમાંથી પ્રેક્ટિસ કરી રહેલા મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ નાના કપાયા ખાતે રહેતા ગ્રંથન રમેશ સિકદાર નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં આ શખ્સ પાસે તબીબી સારવાર કરવા માટેનું કોઈ પણ પ્રકારનું પ્રમાણપત્ર કે ડિગ્રી ન હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે સ્થળ પરથી રૂ. ૧૮,૫૫૯ની કિંમતનો એલોપેથિક દવાનો જથ્થો તેમજ તબીબી સાધનોનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મુંદરા પોલીસે આ બોગસ ડોક્ટર સામે વિવિધ કાયદાકીય કલમો હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભાવનગરમાં ખાનગી કંપની સાથે ૮૦ હજારથી વધુની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના આતાભાઈ ચોક ખાતે આવેલી સાઈ ઈંફીનીયમ ટી.એમ.ટી. સળિયા બનાવતી કંપનીમાં આર્થિક ઠગાઈ અને વિશ્વાસઘાતની ગંભીર ઘટના સામે આવી છે. કંપનીના મેનેજર ભગીરથસિંહ ભુપતસિંહ ચૌહાણે નોંધાવેલી ફરિયાદના આધારે નિલમબાગ પોલીસે પૂર્વ કર્મચારી સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઠગાઈ આચરવાની મોડસ ઓપરેન્ડી ૭ જુલાઈ ૨૦૨૬ના રોજ કંપની દ્વારા ભાગ્યલક્ષ્મી ટ્રેડર્સ નામના વેપારીને ૮૨,૮૦૫ ચૂકવવાના હતા. પરંતુ, કંપનીના પૂર્વ એકાઉન્ટન્ટ રોહિત મકવાણાએ નાણાકીય વ્યવહારોમાં હેરાફેરી કરી હતી. તેણે વેપારીના નામે બિલ બનાવીને બેંક ખાતા નંબર તરીકે તેના મિત્ર રવી પ્રવીણભાઈ બારૈયાના એસબીઆઈ ખાતાની વિગતો નાખી દીધી હતી. આ રીતે કંપની સાથે રૂ. ૮૨,૮૦૫ની છેતરપિંડી કરવામાં આવી હતી. ૨૦ જુલાઈ ૨૦૨૬ના રોજ રિચાર્જ બાબતે થયેલી પૂછપરછદરમિયાન આ ગેરરીતિ પ્રકાશમાં આવી હતી. મેનેજરે શંકા જતાં પૂર્વ એકાઉન્ટન્ટ રોહિત મકવાણાની કડકાઈથી પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન રોહિતે કબૂલાત કરી હતી કે કંપનીના વર્તમાન કર્મચારીઓ હિરલ લખાણી અને વિશાલ કનાડાએ તેને કમિશનની લાલચ આપી તેના મિત્ર રવીનું બેંક ખાતું વાપરવા કહ્યું હતું. ભાંડો ફૂટી જતાં આરોપીઓએ છેતરપિંડીથી મેળવેલા નાણાં મેનેજરના ખાતામાં પરત જમા કરાવી દીધા હતા અને માલિકને કંઈ ન કહેવા માટે દબાણ કર્યું હતું.

૪ સામે પોલીસ ફરિયાદ કંપનીના હિસાબો સાથે સીધા સંકળાયેલા પૂર્વ કર્મચારી રોહિત મકવાણા, વર્તમાન સ્ટાફ હિરલ લખાણી, વિશાલ કનાડા અને મિત્ર રવી બારૈયાએ મિલીભગતથી આ વિશ્વાસઘાત આચર્યો હતો. આ મામલે મેનેજરે નિલમબાગ પોલીસ મથકે ચારેય આરોપીઓ તથા તપાસમાં ખુલનારા અન્ય શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભરચોમાસે રાજકોટ અને જામનગરમાં પીવાના પાણીની અછત, સૌની યોજના હેઠળ પાણીની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સિઝનનો લગભગ ૫૨ ટકા જેટલો વરસાદ પડ્યો છે, પરંતુ ઘણા જિલ્લામાં વરસાદની ભારે ઘટ છે. લગભગ વીસેક જિલ્લા એવા છે જેમાં વરસાદ ઘણો ઓછો પડ્યો છે. આ જિલ્લાઓમાં જામનગર અને રાજકોટનો પણ સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર છેલ્લા દસકાઓમાં લગભગ પહેલીવાર એમ બન્યું છે કે ચોમાસાની સિઝનમાં પીવાના પાણીની અછત સર્જાઈ હોય.

આ પરિસ્થિતિને કારણે બંને મ્યુનિસિપલ કોર્પોરેશનોને સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ (સૌની) યોજનામાંથી પાણી લેવાની ફરજ પડી છે. આ યોજના મુખ્યત્વે પ્રદેશમાં સિંચાઈ માટે વધારાના નર્મદાના પાણીને વાળવા માટે બનાવવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર ચાલુ વર્ષે ૨૫ જુલાઈ સુધીમાં રાજકોટમાં ફક્ત ૨૫૧ મીમી (૨૮.૯૫%) મોસમી વરસાદ પડ્યો છે, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં લગભગ ૪૩૨ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે જામનગરમાં ચાલુ વર્ષે ૨૫ જુલાઈ સુધીમાં ૧૧૧ મીમી (૧૩.૨૫%) વરસાદ પડ્યો હતો, જ્યારે ગયા વર્ષે શહેરમાં ૩૦૧ મીમી વરસાદ પડ્યો હતો.

રાજકોટ મનપાએ સૌની યોજના હેઠળ ૮૦૦ મિલિયન ક્યુબિક ફૂટ પાણીની માગણી કરી છે, અને પાણી આજી અને ન્યારી ડેમ સુધી પહોંચવાનું શરૂ થઈ ગયું છે. સામાન્ય રીતે, ચોમાસા દરમિયાન સૌની યોજના હેઠળ પાણીની માગણી કરતા નથી કારણ કે ડેમ અને નદીઓ કુદરતી રીતે ભરાઈ જવાની અપેક્ષા હોય છે. જોકે આ વર્ષે સ્થિતિ અલગ છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. જોકે તેમણે ઉમેર્યું હતું કે ૧૫ ઑગસ્ટ સુધી પાણીનો સ્ટોક છે, ત્યાં સુધી પૂરતા પ્રમાણમાં વરસાદ થશે તો સ્થિતિ સામાન્ય થઈ જશે.

રાજકોટ મનપા હાલમાં દરરોજ લગભગ ૪૩૦ મિલિયન લિટર (એમએલડી) પીવાનું પાણી પૂરું પાડે છે. આમાંથી ૧૩૫ એમએલડી નર્મદા પાઇપલાઇન દ્વારા આવે છે, જ્યારે લગભગ ૧૪૦ એમએલડી આજી અને ન્યારી જળાશયોમાંથી લેવામાં આવે છે, તેવી માહિતી અહેવાલ દ્વારા મળી હતી.

ભાદરમાંથી બીજો ૪૦ એમએલડી પાણી મેળવવામાં આવે છે, જેનો બાકીનો સંગ્રહ મુખ્યત્વે રાજકોટની આસપાસના ગ્રામીણ વિસ્તારો માટે અનામત રાખવામાં આવ્યો છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન છેલ્લા ત્રણ અઠવાડિયાથી ઘટતા પાણીના ભંડારને કારણે દૈનિક પીવાના પાણી પુરવઠાને બદલે વૈકલ્પિક દિવસના પીવાના પાણી પુરવઠો આપવાની શરૂઆત કરી છે. પીવાના પાણી પુરવઠા માટે આજી, સસોઈ, ઉંડ અને રણજીતસાગર જળાશયો પર આધાર રાખતા જામનગરે પણ તેના જળાશયોને ફરીથી ભરવા માટે સૌની યોજના હેઠળ ૫૫૦ એમસીએફટી પાણીની માંગ કરી છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. બન્ને જિલ્લાઓ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે. ■

# કચ્છ યુનિવર્સિટીના ધોરડો એક્સટેન્શન સેન્ટરનો ગોરેવાલી ખાતેથી પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ યુનિવર્સિટી દ્વારા જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં ઘરઆંગણે જ ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલા અભિયાન અંતર્ગત, વિશ્વપ્રસિદ્ધ સફેદ રણ ધરાવતા ધોરડો અને આસપાસના સીમાંત ગામોના વિદ્યાર્થીઓ માટે ગોરેવાલી માધ્યમિક શાળા ખાતે એક્સટેન્શન સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી શરૂ કરાયેલી આ યોજના હેઠળ આ વર્ષે વધુ પાંચ નવાં સેન્ટરો ઉમેરીને ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારના વધુને વધુ વિદ્યાર્થીઓ સુધી શિક્ષણ પહોંચાડવાનો પ્રયાસ હાથ ધરાયો છે. પ્રાસંગિક પ્રવચનમાં કો-ઓર્ડિનેટર ડૉ. રામ સોંદરવાએ સરહદી વિસ્તારની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવા આહ્વાન કર્યું હતું.

આ સમગ્ર સમારોહનું સફળ સંચાલન સાહિત્યકાર કલાધાર મુતવાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ મૌલાના આઝાદ હાઈસ્કૂલના આચાર્ય સી. બી. ગોહિલે કરી હતી.

# જૂની ચીરઈ અને વરસામેડીમાંથી માદક પદાર્થોનો જથ્થો ઝડપાયો: બે આરોપીની અટકાયત

**આ કારોબારમાં અન્ય કોની સંડોવણી છે તે દિશામાં પોલીસે તપાસ ચક્ર ગતિમાન કર્યા છે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના જૂની ચીરઈ અને અંજાર નજીકના વરસામેડી ગામે પોલીસે પાડેલા બે અલગ-અલગ દરોડામાં રૂા. ૩૪,૮૯૦ની કિંમતનો માદક પદાર્થ જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી છે.

પ્રથમ બનાવમાં, ભચાઉ તાલુકાના જૂની ચીરઈ ગામે ટ્રાન્સપોર્ટનગર વિસ્તારમાં રહેતો હનુમાનરામ જેતારામ જાટ પોતાના મકાનમાં બિનઅધિકૃત રીતે નશીલા પદાર્થનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની ચોક્કસ બાતમી સ્થાનિક પોલીસને મળી હતી જેના આધારે પોલીસે દરોડો પાડી છાનબીન કરતાં સ્થળ પરથી ૧.૪૨૬ કિલોગ્રામ વજનનો પોષડોડાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂા. ૨૧,૩૯૦ની કિંમતનો આ માદક પદાર્થ જપ્ત કરી આરોપી હનુમાનરામ જાટની અટકાયત કરી હતી. આ કારોબારમાં અન્ય કોની સંડોવણી છે તે દિશામાં પોલીસે તપાસ ચક્ર ગતિમાન કર્યા છે.

બીજા બનાવમાં, અંજાર પોલીસે વરસામેડી ગામના રામદેવ કોમ્પ્લેક્સમાં આવેલી નૂરી ઓટો ગેરેજ પર દરોડો પાડ્યો હતો. અહીં ગેરેજમાં રહીને ગાંજાનું વેચાણ કરતા આદિત્ય ઉર્ફે શિવો અજિતકુમાર સિંહા નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે તેની પાસેથી રૂા. ૧૩,૫૦૦ની કિંમતનો ૨૭૦ ગ્રામ ગાંજો, રૂા. ૧૦,૦૦૦નો સ્માર્ટફોન અને રૂા. ૧,૫૦૦ની રોકડ રકમ મળીને રૂા. ૨૫,૦૦૦નો મુદ્દામાલ હસ્તગત કર્યો હતો.

બંને બનાવો અંગે પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુના નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# માંડવીના લિસ્ટેડ બુટલેગર સામે પાસાનું શસ્ત્ર ઉગામતી એલસીબી અમદાવાદ જેલ હવાલે

ભુજ: કચ્છના બંદરીય માંડવીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના વેચાણની પ્રવૃત્તિમાં સંકળાયેલા એક બુટલેગર સામે સ્થાનિક ગુનાશોધક શાખા દ્વારા પાસા હેઠળ કાર્યવાહી કરી તેને અમદાવાદની મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, માંડવીના કલવાણ રોડ પર રહેતો અને ગેરકાયદે વિદેશી શરાબનો ધંધો કરતો દેવરાજ ગોપાલ ગઢવી સતત અસામાજિક પ્રવૃત્તિઓ આચરતો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને એલસીબીની ટીમે તેની વિરુદ્ધ પાસા (પ્રિવેન્શન ઓફ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ) હેઠળ દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર સમક્ષ રજૂ કરી હતી. ■

# કચ્છ : કૌટુંબિક કલેશમાં યુવકનો આપઘાત, વીજશોક અને ઝેર ગટગટાવવાથી અન્ય ત્રણનાં મોત

**૨૪ કલાક દરમિયાન બનેલા અલગ-અલગ અપમૃત્યુના બનાવોમાં ચાર લોકોના અકાળે મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી**

ભુજ: વરસાદી માહોલ વચ્ચે કચ્છમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન બનેલા અલગ-અલગ અપમૃત્યુના બનાવોમાં ચાર લોકોના અકાળે મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, અંજારના શેખટીંબોના મૂળ વતની અને હાલ મમુઆરા સીમની ફેક્ટરીમાં કામ કરતા ૩૯ વર્ષીય ભરત રાયમલ કોલીનો અઠવાડિયા પૂર્વે પત્ની સાથે ઝઘડો થયો હતો. પત્ની બાળકો સાથે માવતરે જતી રહેતાં, મનમાં લાગી આવવાથી યુવકે પોતાની ઓરડીમાં લોખંડની આડી પર નાયલોનની દોરી વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. જી.કે. જનરલ હોસ્પિટલમાં તબીબે તેમને મૃત જાહેર કર્યો હતો. પદ્ધર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ, નખત્રાણાના આમારા ગામની સીમમાં વાડીના શેઢે લીમડાની ડાળી કાપી રહેલા ૪૮ વર્ષીય રમદાન જુમા સોલંકીને નજીકમાંથી પસાર થતી પવનચક્કીની વીજલાઈનમાંથી જોરદાર વીજશોક લાગતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

બનાવ અંગે નખત્રાણા પોલીસે કાયદેસરની તજવીજ હાથ ધરી છે. અન્ય અકાળ મોતનો બનાવ ભુજ આર્મી કેમ્પમાં બનવા પામ્યો હતો જેમાં મૂળ ઝાલાવાડ વિસ્તારના ૩૯ વર્ષીય પુરાલાલ ગંગારામ ચંદ્રવંશી રસોઈ બનાવી રહ્યા હતા ત્યારે અકસ્માતે વીજકરંટ લાગતાં તેઓ ઢળી પડ્યા હતા. સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાતાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

દરમ્યાન, વરસાણા ચોકડી નજીક ખાનગી કંપનીના રૂમમાં રહેતા દુર્ગાલાલ ગોવિંદ નામના યુવાને કોઈ કારણોસર વિષપાન કરી લીધું હતું. ગાંધીધામ રામબાગ હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે ભુજ જી.કે. જનરલ હોસ્પિટલ ખસેડાતાં ચાલુ સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. ■

# કચ્છ-જૂનાગઢ સિવાય સમગ્ર સૌરાષ્ટ્રમાં એસટી સેવા યથાવત્

**રાજકોટ, જામનગર, ભાવનગર અને અમરેલી ડિવિઝનમાં વરસાદની કોઈ જ નકારાત્મક અસર એસટી સેવાઓ પર જોવા મળી નથી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતમાં ચોમાસાની સિઝન દરમિયાન રાજ્યમાં પડેલા વરસાદની અસર એસટી બસ સેવાઓ પર પણ પડી હતી.

રવિવાર સુધીની પરિસ્થિતિ અનુસાર, સૌરાષ્ટ્રના મોટાભાગના ડિવિઝનમાં અમૂક અંશે એસટી રૂટને બંધ કરવામાં આવતા તેની અસર મુસાફરોને પહોંચી હતી. રાજકોટ, જામનગર, ભાવનગર અને અમરેલી ડિવિઝનમાં વરસાદની કોઈ જ નકારાત્મક અસર એસટી સેવાઓ પર જોવા મળી નથી.

કચ્છ જિલ્લામાં ભુજ ડિવિઝનના ૧૩ રૂટ અને ૧૩ ટ્રીપ બંધ કરવાની ફરજ પડી હતી. બીજી તરફ, જૂનાગઢ ડિવિઝનમાં વરસાદને કારણે બસ વ્યવહાર પર સામાન્ય અસર જોવા મળી હતી. પ્રાપ્ત આંકડા મુજબ, જૂનાગઢ જિલ્લામાં એસટીના ૩ રૂટ અને ૪ ટ્રીપ બંધ કરવાની ફરજ પડી હતી.

આ ઉપરાંત, જૂનાગઢ વિભાગ હેઠળ જ આવતા પોરબંદર જિલ્લામાં પણ ૧ રૂટ અને ૨ ટ્રીપ બંધ કરાઈ હતી. આમ, જૂનાગઢ ડિવિઝનની આ આંશિક અસરને બાદ કરતા રાજકોટ, જામનગર, ભાવનગર અને અમરેલી ડિવિઝનમાં એસટી નિગમની તમામ બસો પોતાના નિર્ધારિત રૂટ પર અવિરત દોડી રહી છે. ■